श्री ऋषिमण्डलस्तव प्रकरणम्

श्री भारतवर्षीय जिनशासन सेवा समिति

तपागच्छीयाचार्य

श्री धर्मघोषसूरीश्वरसुशिष्य विरचितं

श्री ऋषिमण्डलस्तव प्रकरणम्

(ટીકા અને ગુર્જરાનુવાદ સહ)

સંપાદન - અનુવાદ :

પૂ. પ્રવચનપ્રભાકર પ્રાજ્ઞપુરંદર આચાર્યદેવ શ્રીમદ્

વિજય નયવર્ધન સૂરીશ્વર શિષ્યાણુ

મુનિશ્રી વિનયવર્ધન વિજયજી મ.

પુસ્તક પરિચય :

વર્તમાન ચોવીશીમાં થયેલ અનેક સ્વનામધન્ય પ્રસિદ્ધ-અપ્રસિદ્ધ મહાપુરુષોના નામોલ્લેખ-ટુંકીવિગત-વિસ્તૃતકથા સાથે વંદના કરાવતું સુંદર પ્રકરણ.

પ્રકાશક :
શ્રી ભારતવર્ષીય જિનશાસન સેવા સમિતિ

આવૃત્તિ પ્રથમ

પ્રકાશન :
શ્રી વીરવિભુ જન્મકલ્યાણક પર્વ ચૈત્ર સુદ ૧૩
૨૦૭૦

પ્રતિ : ૭૦૦

મુદ્રક : **ભરત ગ્રાફીક્સ,**
૭, ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રીલીફ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૦૭૯-૨૨૧૩૪૧૭૬, મો, ૯૯૨૫૦ ૨૦૧૦૬
E-mail : bharatgraphics1@gmail.com

સુકૃત

અનુમોદના :

શ્રી ઋષિમંડલસ્તવપ્રકરણને

ગ્રંથને અનુવાદ સાથે પ્રગટ કરતાં આ પ્રકાશનનો લાભ

પૂ. સુવિશાલગચ્છાધિપતિ આ.ભ.શ્રીમદ્

વિજયહેમભૂષણસૂરીશ્વરજી મહારાજાની

સત્પ્રેરણાથી સ્થપાયેલ

શ્રી જિનાજ્ઞા આરાધક શ્વે.મૂ.ત.જૈનસંઘ ભાયંદર એ લઈ

શ્રુતભક્તિનો ઉત્તમ લાભ પ્રાપ્ત કરેલ છે.

સમિતિ તેમની ખૂબ ખૂબ અનુમોદના કરે છે....

શ્રી ભારતવર્ષીય જિનશાસન સેવા સમિતિ :

અનુમોદના

અભિનંદન

ધન્યવાદ

પ્રકાશકીય.....

શ્રી ભારતવર્ષીય જિનશાસન સેવા સમિતિ આજરોજ એક નૂતન પુસ્તકનું પ્રકાશન કરતાં આનંદની લાગણી અનુભવે છે.

અમારી સમિતિએ આજ સુધીમાં ૬૦ થી અધિક ગુજરાતી-સંસ્કૃત - પ્રાકૃત પ્રતો-પુસ્તકો પ્રકાશિત કરી શ્રુતભક્તિનો યત્કિંચિત પ્રયાસ કર્યો છે, તેમજ અમારા માનવંતા સદસ્યોને ય અવસરે-અવસરે અમો સદ્‌વાંચન પુરુ પાડવાનો યથાશક્ય પ્રયાસ કરતા રહ્યા છીએ.

અમારા પરમઉપકારી, પ્રવચનપ્રભાકર, માર્ગદર્શક આચાર્ય દેવ **શ્રીમદ્ વિજયનયવર્ધનસૂરીશ્વરજી મહારાજા**ની કૃપા અને પ્રેરણાનો સ્રોત અમને સતત પ્રાપ્ત થતો રહ્યો છે એ અમારું સદ્‌ભાગ્ય છે.

પ્રસ્તુત ગ્રંથનો ગુજરાતીમાં અનુવાદ કરી આપી **પૂ.મુનિરાજ શ્રી વિનયવર્ધન વિ.મ.** એ સ્તુત્ય કાર્ય કરી અમને ઉપકૃત કર્યા છે.

ભાવના ભાવીએ છીએ કે આ રીતે પ્રભુશાસનની અને શ્રુતજ્ઞાનની ભક્તિ કરતા રહીએ એવી શાસનદેવ શક્તિ આપે....

શ્રી ભારતવર્ષીય જિનશાસન સેવા સમિતિ

સંપાદકની સંવેદના....

આ ગ્રંથનું નામ છે શ્રી ઋષિમંડલસ્તવ પ્રકરણ !

શ્રી ઋષિમંડલ સ્તોત્ર જુદું અને આ પ્રકરણ જુદું.

એ સ્તોત્રના રચયિતા કહેવાય છે શ્રી ગૌતમસ્વામી મહારાજા.

આ પ્રકરણના રચયિતા છે તપાગચ્છાધિપતિશ્રી ધર્મઘોષ સૂરીશ્વરજી મહારાજાના અજ્ઞાતનામ શિષ્યરત્ન.

આ પ્રકરણની અંદર, આ ચોવીશીમાં એટલે કે ચોવીશે તીર્થપતિઓના શાસનમાં થયેલ અનેક-અનેક ઋષિઓ-મહર્ષિઓ- પરમર્ષિઓના ઉત્તમ અવદાતોનો ઉલ્લેખ કરવાપૂર્વક 'તે તે મહાત્માઓ જય પામો- તે તે મહર્ષિઓને વંદન કરું છું.' આવા અંતિમ ચરણોથી અલંકૃત બનેલા શ્લોકો આ પ્રકરણની પરિમલ બની રહે છે.

તે તે ઋષિવરો- મુનિવરોમાંથી કેટલાક પ્રસિદ્ધ મહાત્માઓના વૃત્તાંત છે, તો વળી કેટલાક અપ્રસિદ્ધ મુનિવરોના પણ વૃત્તાંત છે.

'પરમાત્માનું શાસન કેવું પ્રભાવવંતું છે ! કેવા-કેવા સાધક મહાપુરુષો આ શાસનમાં થયા છે !....' આવા આવા અનેક શુભભાવો આ પ્રકરણનો સ્વાધ્યાય કરતાં અનુભવાય તેવું છે.

ભરહેસરની સજઝાયમાં કહ્યું છે કે,

જેસિં નામગ્ગહણે, પાવપ્પબંધા વિલયં જંતિપ

એ વાત અહીં બરાબર લાગુ પડે છે, કેમ કે આ બધા એવા ઋષિઓ મહર્ષિઓ છે કે જેઓશ્રીનું નામ ગ્રહણ કરવાથી પણ પાપના બંધનો નાશ પામે.

આ પ્રકરણના રચયિતા મહાત્માશ્રીએ વિશાળ સાહિત્યમાંથી આ બધા અવદાતો ઉદ્ધૃત કરીને આપણને મહાપુરુષોની મહાનતા માણવા માટે એકત્ર જ અવકાશ કરી આપ્યો છે.

આ પ્રકરણનો સ્વાધ્યાય કરીને મહામના મહાપુરુષોને અને તેઓની મહાનતાને આપણે વંદન કરવું છે અને એ અભિવંદન આપણી પામરતાને દૂર કરી આપણને પરમતાની સમીપમાં લાવનારું બને એવી વિનંતિ તેઓશ્રીના ચરણમાં ગુજારવી છે.

પૂ. પ્રવચનપ્રભાકર પરમતારક ગુરુદેવ આચાર્યદેવ શ્રીમદ્ વિજય નયવર્ધન સૂરીશ્વરજી મહારાજાની તારક આજ્ઞા થતાં આ પ્રકરણનો ગુર્જર અનુવાદ કરવાનો પુણ્ય પ્રસંગ પ્રાપ્ત થયો, જે પૂ. જૈનશાસનના મહાન જ્યોતિર્ધર, અમરયુગપુરુષ, પરમગુરુદેવ આચાર્ય પ્રવર શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા તેઓશ્રીમદ્‌ના સિદ્ધાંતચુસ્ત શિષ્યરત્ન પૂ. અનુપમ સમતાનિધાન પરમોપકારી મુનિપ્રવર શ્રી નયદર્શન વિજયજી મહારાજની તારકદિવ્યકૃપાથી આજે સંપન્ન થયો છે.

આ પ્રશસ્તકાર્ય બદલ હું જાતને ખૂબ ભાગ્યશાળી માનું છું.

મારા પૂ. ગુરુભગવંતશ્રીની અસીમકૃપાથી જ આરબ્ધ થયેલો અને તેઓશ્રીની પરમકૃપાથી જ પરિસમાપ્ત થયેલો આ મારો પ્રશસ્ત પ્રયાસ, મારા અને વાચકોના આત્મકલ્યાણ માટે થાય તેવી અભ્યર્થના......

ગુરુ પાદપદ્મપરાગશિશુ
મુનિવિનયવર્ધન વિજય

પ્રા પ્તિ સ્થા ન

- **મુંબઈ : જીજ્ઞેશભાઈ વી. શાહ**
  ૭૮/૧૪, મહેતા બિલ્ડીંગ, એ-વીંગ જૈન સોસાયટી, સાયન (વે.)
  મુંબઈ-૪૦૦૦૨૨. મો. ૯૮૨૧૦૮૯૬૯૩

- **મુંબઈ : અશોકભાઈ કે. પટવા**
  સી-૩૦૨, દ્વારકા દેવી, દફતરી રોડ, જય જવાન લેન.
  મલાડ,(ઈ.) મુંબઈ. મો. ૯૨૨૪૦૦૫૦૩૫

- **વાપી : હર્ષદભાઈ એસ. નહાર**
  "વિરતિ", ૧૦.B સ્નેહપાર્ક સોસાયટી,
  વાપી. ફોન : ૯૪૨૬૮૦૧૨૦૬

- **સુરત : ચંદ્રકાંત હમીરમલ શાહ**
  ૫૦૨, મંથન એપાર્ટમેન્ટ, મજુરાગેટ,
  કૈલાસનગર, સુરત. ફોન : ૯૮૨૫૨૭૨૧૭૩

- **અમદાવાદ : યોગેશભાઈ આર. શાહ**
  બી-૬, ઋષભ કોમ્પલેક્સ, યોગેશ્વર સોસાયટી,
  પાલડી, અમદાવાદ. ફોન : ૯૯૨૪૪૧૧૭૭૭

- **નાસિક : રાજેન્દ્રભાઈ મફતલાલ શાહ**
  ૩, વિશ્વમંગલ સોસાયટી, શરણપુર રોડ,
  ટિલકવાડી, જુના આર.ટી.ઓ., નાસિક-૪૨૨૦૦૧

- **વડોદરા : મનોજભાઈ એન. શાહ**
  એસ-૨૬, આકાશગંગા એપાર્ટમેન્ટ, વિદ્યાવિહાર સ્કૂલની ગલીમાં,
  સુભાનપુરા, વડોદરા-૨૩ ફોન : ૯૮૨૪૦૩૭૧૪૪

- **રાજકોટ : પ્રફુલભાઈ એચ.દોશી**
  ૭-૧૫ "અભિષેક" જયરાજ પ્લોટ રાજકોટ,
  ફોન - ૯૮૨૫૦ ૩૫૧૩૦

પૂ.પ્રવચન પ્રભાકર આચાર્યદેવ

શ્રીમદ્ વિજય નયવર્ધનસૂરીશ્વરજી મહારાજા

દ્વારા લિખિત-સંપાદિત સાહિત્ય

પ્રવચન સાહિત્ય :

૧.	સદાચાર સુમન	૨૭/-
૨.	યોગદૃષ્ટિ સમુચ્ચય	૭૫/-
૩.	પ્રકાશના કિરણો	૩૫/-
૪.	રામ અમૃતવાણી	૨૭/-
૫.	સમ્યગ્દર્શનનો સૂર્યોદય	૨૦/-
૬.	ભાવશ્રાવકની ભવ્યતા (આવૃત્તિ-૨)	૪૦/-
૭.	આત્માથી પરમાત્મા સુધી	૬૫/-
૮-૯-૧૦	ઉપમિતિનો રસાસ્વાદ ભાગ : ૧,૨,૩	૭૫/-,૫૦/-,૫૦/-
૧૧.	શત્રુંજય સૌરભ	૨૦/-
૧૨.	યોગદૃષ્ટિ	૨૫/-
૧૩-૧૪	પ્રવચન પદ્મપરાગ (ભાગઃ ૨,૩)	૫૫/-,૧૨/-
૧૫.	દેશના અમૃતધારા વરસે	૬૦/-
૧૬.	ભાવશ્રાવક કી ભવ્યતા (હિન્દી)	૪૦/-
૧૭.	આ કાળમાં મોક્ષ કેમ નથી ?	૫૦/-
૧૮.	કલ્યાણકારી કલ્યાણકો	૨૦/-

: કથા સાહિત્ય :

૧-૨.	ભગવાન શ્રી વર્ધમાન સ્વામી ભાગ-૧, ૨	૪૦/-
૨.	દેવાધિદેવ શ્રમણ ભગવાન મહાવીર સ્વામી	૧૫૦/-
૩.	શ્રી પાર્શ્વનાથ ચરિત્ર	૮૦/-
૪.	બારવ્રતની કથા	૨૦/-
૫.	જૈન જગતના જવાહીર	૧૫/-
૬.	પાવન પરિચય	૫૨/-
૭.	અમર યુગપુરુષ	૧૦/-

: આરાધના વિધિ સાહિત્ય :

૧.	વીશસ્થાનક વિધિએ તપ કરી	૧૫/-
૨.	ચડિયે વ્રત પગથાર (આવૃત્તિ-૫)	૨૦/-
૩.	ભવાલોચના (આવૃત્તિ-૨)	૫/-
૪.	ચૈત્રી પૂનમનાં દેવવંદન (આવૃત્તિ-૩)	૨૦/-
૫.	શ્રી સોહમકુલ કલ્પવૃક્ષ (આવૃત્તિ-૨)	૧૭/-
૬.	સિદ્ધાચલ સમરૂં સદા	૧૫/-

: કાવ્ય સાહિત્ય :

૧.	દીજીયે ભક્તિ પરાગ (આવૃત્તિ-૩)	૨૦/-
૨.	સમાધિ જ્યોત	૨૦/-
૩.	સમાધિ સ્રોત	૩.૫૦/-
૪.	ગુરુ ગુણ સ્તવના	૧૫/-
૫.	પરમાત્મ સ્તવના	૧૦/-
૬.	સમકિતના સડસઠ બોલની સજ્ઝાય સાર્થ	૫/-
૭.	સાર્થશ્રી ચોસઠ પ્રકારી પૂજા	/-

: સંસ્કૃત-પ્રાકૃત સાહિત્ય :

૧. શ્રી ભગવતીજી સૂત્રમ્ (ભાગ : ૧,૨,૩-પ્રત)

૨. શ્રી કલ્પસૂત્ર-સુબોધિકા (પ્રત) શ્રી પૃથ્વીચંદ્ર ચરિત્ર(પ્રત)

૩. પર્વકથા સંગ્રહ (પ્રત)

૪. ઉપદેશ તરંગિણી (પ્રત)

૫. વીતરાગ સ્તોત્ર (પ્રત)

૬. સાધ્વાચાર સમુચ્ચય (પુસ્તક)

૭-૮-૯ શ્રી પ્રકરણ રત્ન સંગ્રહ ભાગ : ૧,૨,૩ - (પુસ્તક)

૧૦. શ્રી ષટ્પુરુષ ચરિત્ર+ શ્રી કાયસ્થિતિ પ્રકરણ (પ્રત)

तपागच्छीयाचार्य श्री धर्मघोषसूरीश्वर
अज्ञातनाम सुशिष्य विरचितं

श्री ऋषिमण्डलस्तव प्रकरणम्

सावचूरिकं-सानुवादम्....



॥ नमः श्रीऋषिमण्डलाय ॥

॥ नमामि नित्यं गुरुरामचन्द्रम् ॥

श्रीधर्मघोषसूरिशिष्यविनिर्मितं सावचूरिकं

॥ श्रीऋषिमण्डलस्तव प्रकरणम् ॥

श्लोक : भत्तिभरनमिरसुरवरकिरीडमणिपंतिकंतिकयसोहे ।
उसभाइजिणवरिंदाणं, पायपंकेरुहे णमिमो ॥१॥

टीका : भक्तिभरेण 'नमिरा' नम्रा ये सुरवरा इन्द्रास्तेषां ये किरीटाः मुकुटास्तेषु या मणिपङ्क्तयो मणिश्रेणयस्तासां याः कान्तयो दीप्तयस्ताभिः कृतशोभान् चरणकमलान् 'णमिमो' नमस्कुर्मः । केषां ? ऋषभादयश्च ते जिनवरेन्द्राश्च ऋषभादि-जिनवरेन्द्रास्तेषाम् ॥१॥

ભાવાર્થ : ભક્તિના સમૂહથી નમતા ઈન્દ્રોના મુગટમાં રહેલા મણિઓની શ્રેણિની કાંતિ વડે શોભતા એવા **શ્રી ઋષભદેવ પ્રભુ** આદિ સર્વ જિનેશ્વરોના ચરણકમલમાં નમસ્કાર કરીએ છીએ. (૧)

श्लोक : निज्जियपरीसहचमुं, संभग्गुवसग्गवग्गरिउपसरं ।
संपत्तकेवलसिरिं, सिरिवीरजिणेसरं वंदे ॥२॥

टीका : निर्जिता पराभूता परीषहचमूः परीषहसैन्यं येन स तथा तम् । सं सामस्त्येन भग्न उपसर्गवर्गरिपुप्रसरो येन स तथा तं संभग्नोपसर्गवर्ग-रिपुप्रसरम् । सम्प्राप्ता लब्धा केवलश्रीर्येन स [तथा तं] सम्प्राप्तकेवलश्रियं श्रीवीरजिनेश्वरं वन्दे ॥२॥

ભાવાર્થ : પરીષહની સેનાને જેમણે સારી રીતે જીતેલી છે, ઉપસર્ગોના સમૂહરૂપ શત્રુઓના સમૂહને જેમણે સારી રીતે ભાંગી નાખ્યો છે અને કેવળજ્ઞાનરૂપી લક્ષ્મીને જેમણે પ્રાપ્ત કરી છે તેવા **શ્રી વીરજિનેશ્વર**ને હું વંદન કરું છું. (૨)

श्लोक : निम्मवियबारसंगे, निहयअणंगे विमुक्कभवसंगे ।
करुणामयजलनिहिणो, नमामि गणहारिणो सव्वे ॥३॥

टीका : निर्म्मापितानि निष्पादितानि द्वादशाङ्गानि उत्पादादीनि (आचाराङ्गादीनि) यैस्ते निर्मापितद्वादशाङ्गास्तान् । निहतोऽनङ्गः कामो यैस्ते निहतानङ्गास्तान् । विमुक्तस्त्यक्तो भवस्य सङ्गो यैस्ते विमुक्तभवसङ्गास्तान् । करुणामृतस्य जलनिधय इव करुणामृतजलनिधयस्तान् नमस्करोमि सर्वान् गणधरान् सर्वतीर्थकरसत्कान् ॥३॥

ભાવાર્થ : આચારાંગ વગેરે બાર અંગોની જેમણે રચના કરી છે, કામદેવને જેમણે હણી નાખ્યો છે, વળી સંસારનો સંગ જેમણે છોડી દીધો છે અને જેઓ કરૂણારૂપી અમૃતના સમુદ્ર જેવા છે તેવા, સર્વ શ્રી જિનેશ્વર ભગવંતોના સમસ્ત **શ્રી ગણધર ભગવંતોને** હું નમસ્કાર કરું છું. (૩)

આ ગ્રંથમાં કહેવાનારા ઋષિ-મહર્ષિઓનું વર્ણન હવે શરૂ કરે છે-

श्लोक : भरहमहारायरिसिं, गिहवेसुप्पन्ननाणवररयणं ।
दसहिं सहस्सेहि समं, निक्खंतं वंदिमो सिरसा ॥४॥

टीका : भरतमहाराजर्षिं, गृहवेषे गृहस्थनेपथ्ये उत्पन्नं जातं ज्ञानवररत्नं यस्यासौ तं गृहवेषोत्पन्नज्ञानवररत्नम् । दशभी राजसहस्रैः समं सार्द्धं निष्क्रान्तं प्रव्रजितं वन्दामहे शिरसा मस्तकेन ॥४॥

ગાથાર્થ : ગૃહસ્થવેષમાં જેમને શ્રેષ્ઠ એવું કેવળજ્ઞાનરૂપી રત્ન પ્રાપ્ત થયું હતું અને દશ હજાર રાજાઓ સાથે જેમણે સંયમ ગ્રહણ કર્યું હતું તેવા **શ્રી ભરતરાજર્ષિને** અમે મસ્તક વડે વંદન કરીએ છીએ. (૪)

श्लोक : हत्थिविलग्गस्स न केवलं-ति सोऊण वरिसपडिमंते ।
पयपउमसमुप्पाडिय-नाणवरो जयउ बाहुबली ॥५॥

टीका : हस्तिविलग्नस्य गजेन्द्रारूढस्य न केवलज्ञानमिति श्रुत्वा, प्रस्तावाद् ब्राह्मीसुन्दर्यावच आकर्ण्य विचार्य स्वमनसि मानमातङ्गाधिरोहणं, संजातसंवेगो,लघुभ्रातृसाधुप्रणतिकृतप्रणिधानो वर्षप्रतिमान्ते पदपद्मसमुत्पाटनकाल एव समुत्पादितज्ञानवरं [येन स] जयतु बाहुबलिऋषिः ॥५॥

ગાથાર્થ : 'હાથી ઉપર ચઢેલાને કેવળજ્ઞાન થાય નહીં' એ પ્રમાણે બ્રાહ્મી-સુંદરીનું વચન સાંભળી, મનમાં પોતાનું માન-હસ્તિ પર આરોહણ વિચારી નાના એવા પોતાના બંધુમુનિઓને વંદન કરવાના પ્રણિધાનપૂર્વક એક વર્ષની પ્રતિમાના અંતે

પદકમળના ઉત્થાન સમયે જ જેમણે શ્રેષ્ઠ એવું કેવળજ્ઞાન મેળવ્યું તે **શ્રી બાહુબલિ ઋષિ** જય પામો. (૫)

શ્લોક : **तं जायमउज्झाए, तक्खसिलाविसयसंधिपव्वइयं ।**
वंदे बाहुबलिरिसिं, निव्वुयमट्ठावए सेले ॥प्र०१॥

टीका : **तं जातं प्राप्तजन्मानं, कस्यां ? अयोध्यायां, तक्षशिलानाम्नी पुरी तस्या विषयो देशस्तस्य सन्धौ सीम्नि प्रव्रजितमात्तव्रतं वन्दे अभिवादयामि, कं ? बाहुबलिऋषिं, निर्वृतं प्राप्तशिवं, क्व ? अष्टापदे शैले ॥१॥**

ગાથાર્થ : અયોધ્યાનગરીમાં જન્મ પામેલા, તક્ષશિલા નામની નગરીના દેશની સીમામાં પ્રવ્રજયા ગ્રહણ કરનારા અને અષ્ટાપદ પર્વતઉપર મોક્ષને પ્રાપ્ત કરનારા તે **શ્રી બાહુબલિ ઋષિ**ને હું વંદન કરું છું. (પ્ર૦ ૧)

શ્લોક : **सुरवइणा अहिसित्ता, भरहपए अद्धभरहवरपहुणो ।**
आइच्चजसप्पमुहा, अट्ठ वि सासयसुहं पत्ता ॥६॥

टीका : **सुरपतिना शक्रेण समागत्य भरतपदेऽर्द्धभरतवरप्रभवोऽर्द्ध-भरतस्वामित्वेऽभिषिक्ताः आदित्ययशःप्रमुखाः, अष्टावपि शाश्वतसौख्यं प्राप्ताः ॥६॥**

ગાથાર્થ : શ્રી ભરતમહારાજાની પાટ ઉપર, અર્ધભરતના સ્વામી તરીકે સૌધર્મેંદ્રે જેમનો અભિષેક કર્યો હતો તે **શ્રી આદિત્યયશા** વગેરે આઠ રાજાઓ (મહાત્માઓ) સિદ્ધિસુખને પામ્યાં.(૬)

श्लोक : अन्ने वि पुहइवइणो, उसहस्स पउप्पए असंखिज्जा ।
जाव जियसत्तुराया, अजियजिणपिया समुप्पन्नो ॥७॥

श्लोक : उज्झित्तु रज्जलच्छिं, पव्वइया के वि सिवपुरं पत्ता ।
सव्वट्ठविमाणवरे, अवरे ते वंदिमो सव्वे ॥८॥

टीका : अन्येऽपि अपरेऽपि पृथिवीपतयो राजानः, ऋषभस्य पदोत्पदे अन्वयेऽसंख्येया यावज्जितशत्रुराजा अजितजिनपिता समुत्पन्नस्तावत् ॥७॥

टीका : उज्झित्वा राज्यलक्ष्मीं प्रव्रजिताः । तेषां राजर्षीणां मध्यात् केऽपि शिवपुरं प्राप्ताः । सर्वार्थप्रस्तटवरे द्वाषष्टितमे पञ्चो(पञ्चमानु) त्तरविमान-रूपेऽपरे प्राप्तास्तान् सर्वान् वन्दामहे ॥८॥

ગાથાર્થ : શ્રી ઋષભદેવ પ્રભુના વંશમાં (પાટપરંપરામાં) શ્રી અજિતનાથ પ્રભુના પિતા જિતશત્રુરાજા થયા ત્યાં સુધીમાં જે અસંખ્ય રાજાઓ થયા તે બધા રાજાઓએ રાજ્યલક્ષ્મીને છોડીને દીક્ષા લીધી હતી, તેમાંથી કેટલાય મોક્ષને પામ્યા અને કેટલાક વૈમાનિક દેવલોકના બાસઠમા પ્રતરમાં-સર્વાર્થસિદ્ધવિમાનમાં ગયા, તે બધા ઋષિઓને અમે વંદના કરીએ છીએ. (૭-૮)

श्लोक : तणमिव भरहपहुत्तं, चइत्तु नरवइसहस्सपरियरिए ।
निक्खंते नरनाहे, नमामि नव सगरपामुक्खे ॥९॥

टीका : तृणमिव यथा तृणं निस्सारत्वात् त्यजतां सुकरं तथा भरतक्षेत्र-प्रभुत्वं त्यक्त्वा नृपतिसहस्रपरिकरितान् निष्क्रान्तान् गृहीतव्रतान् [नरनाथान्] नमस्करोमि नवसंख्यान् सगरप्रमुखान् चक्रवर्तिनो यतो भरतः पूर्वं भणितः । सुभूमब्रह्मदत्तौ सप्तमं नरकं गतौ शेषान्नवैव नमस्कारार्हान् ॥९॥

ગાથાર્થ : તણખલાની જેમ સંપૂર્ણ ભરતક્ષેત્રના વિશાળ રાજ્યનો ત્યાગ કરી ૧૦૦૦ રાજાઓ સાથે સંયમને ગ્રહણ કરનારા **સગર વગેરે નવ ચક્રવર્તીઓને** હું નમસ્કાર કરું છું. કેમકે ભરતચક્રવર્તી પહેલા કહ્યા છે અને સુભૂમ-બ્રહ્મદત્ત સાતમી નરકે ગયા છે તેથી નમસ્કારને યોગ્ય નવ ચક્રવર્તીઓને (ઋષિઓને) નમસ્કાર કરું છું. (૯)

श्लोक : सरूवहाणिं सुणिऊण मायादियाणणाओ य सणंकुमारो ।
छक्खंडसामित्तमुविक्ख दिक्खं गिण्हित्तु पत्तो स सणंकुमारे।।प्र०२।।
वाससयसत्त सहिया लद्धिसमिद्धेण वेयणा जेण ।
उग्गाणं रोगाणं तं नमिमो मुनिवरं निच्चं ।।प्र०३।।

टीका : *स्वरूपहानिं श्रुत्वा मायारूपौ द्विजौ-विप्रौ तयोराननात् चकारस्यैव-कारार्थत्वात् मुखादेव नान्यस्माद् गुर्वादेरिति, सनत्कुमारः षट्खण्ड-स्वामित्वं उपेक्ष्य क्षणविनश्वरं नरकानुयायि इति उपेक्षां कृत्वा दीक्षां गृहीत्वा प्राप्तः स सनत्कुमारदेवलोकम् ॥२॥ सप्तशतवर्षाणि सहिता लब्धिसमृद्धेन वेदना येन उग्राणां उत्कृष्टानां रोगाणां तं नमस्कुर्मः मुनिवरं नित्यम् ॥३॥*

ગાથાર્થ : બીજા ગુરુ વગેરેના મુખેથી નહીં, પણ બ્રાહ્મણોના (બ્રાહ્મણ-રૂપધારી દેવોના) મુખેથી પોતાના અતિ મનોહર એવી રૂપ સંપત્તિની ન્યૂનતા સાંભળીને સનત્કુમારે છ ખંડના સામ્રાજ્યને (ચક્રવર્તીની સમૃદ્ધિને) નશ્વર અને નરકગામી બનાવનારી સમજીને તેની ઉપેક્ષા કરવાપૂર્વક છોડીને દીક્ષા ગ્રહણ કરી અને તેઓ સનત્કુમાર નામના ત્રીજા દેવલોકમાં ગયા. વળી

સ્વયં અનેક લબ્ધિઓથી સમૃદ્ધ હોવા છતાં જેમણે સાતસો વર્ષ સુધી રોગોની તીવ્ર વેદનાને સહન કરી તેવા **શ્રી સનત્કુમાર મુનીશ્વરને** અમે વારંવાર નમીએ છીએ. (પ્ર૦ ૨-૩)

श्लोक : विमलजिणेसरतित्थे, थेराणं अंतियम्मि पव्वइओ ।
चउदसपुव्वी पत्तो, महाबलो पंचमे कप्पे ॥१०॥
तत्तो चइत्तु जाओ, वाणियगामे सुदंसणो सिट्ठी ।
वीरसयासे पुणरवि, चउदसपुव्वी गओ सिद्धिं ॥११॥

टीका : *विमलजिनेश्वरतीर्थे स्थविराणामाचार्याणामन्तिके प्रव्रज्य(प्रव्रजितः) चतुर्दशपूर्वी महाबलः पञ्चमं ब्रह्मलोकं प्राप्तः*
ततः त्यक्त्वा जात उत्पन्नो वाणिजग्रामे सुदर्शननामा श्रेष्ठी । सोऽपि श्रीवीरसकाशे पृष्टपल्योपमसागरोपमकालः सञ्जातप्रत्ययः पुनरपि गृहीतव्रतश्चतुर्दशपूर्वी भूत्वा गतः सिद्धिम् ॥१०-११॥

ગાથાર્થ : શ્રી વિમલનાથ પ્રભુના શાસનમાં આચાર્ય ભગવંતની પાસે દીક્ષા લઈ ચૌદ પૂર્વધારી થયેલા **શ્રી મહાબલ મુનિવર** પાંચમા બ્રહ્મલોકમાં દેવ થયાં.

ત્યાંથી ચ્યવીને વાણિજ્યગ્રામમાં **સુદર્શન** નામના શ્રેષ્ઠી થયા. તેઓએ પણ શ્રી વીરપરમાત્માને પલ્યોપમ અને સાગરોપમના કાળ અંગેના પ્રશ્ન પૂછીને તેના પ્રત્યુત્તરથી તેમાં વિશ્વાસ સ્થાપિત થવાથી પરમાત્મા પાસે દીક્ષા સ્વીકારી ફરીથી ચૌદપૂર્વી થઈને મોક્ષપદને પ્રાપ્ત [1]કર્યું. (૧૦-૧૧)

---

૧. શ્લોકમાં વર્ણન છે તે પ્રમાણે મુનિવરનો બ્રહ્મદેવલોકમાં ઉપપાત થયો હોય તો કાળની ગણતરી પ્રમાણે શ્રી વીરપ્રભુના શાસનમાં જન્મ ઘટી શકે નહીં. ચૌદપૂર્વીને બ્રહ્મદેવલોકમાં ઉપપાત પણ ન હોય. તત્ત્વ તો કેવલી જાણે.

श्लोक : पयरयमिव रज्जसिरिं, उज्झिय गहियव्वए अचलपमुहे ।
अट्ठ वि बलदेवरिसी, थुणामि निव्वाणमणुपत्ते ॥१२॥

टीका : *पदलग्नरजोवद्राज्यश्रियं 'उज्झिय' त्यक्त्वा गृहीतव्रतान् अचलप्रमुखान् अष्टावपि बलदेवर्षीन् स्तवीमि निर्वाणपदमनुप्राप्तान् ॥१२॥*

ગાથાર્થ : પગમાં લાગેલી ધૂળની જેમ રાજ્યલક્ષ્મીને છોડીને વ્રતને ગ્રહણ કરનારા **અચલ** વગેરે આઠેય **બળદેવમુનિઓ**ને કે જેઓ મુક્તિપદને પામ્યા છે તેમને હું સ્તવું છું. (૧૨)

श्लोक : जेणुग्गतवं तत्तं, अवराहं दट्ठु निययरूवस्स ।
तुंगियगिरिवरसिहरे, सो राममहामुणी जयउ ॥१३॥
रामो तवप्पभावा, सुपत्तदाणाउ झत्ति रहकारो ।
अणुमोयणाउ हरिणो, संपत्ता बंभलोगम्मि ॥१४॥

टीका : *येन रामर्षिणा उग्रं तीव्रं तपस्तप्तं, अपराधं दोषं दृष्ट्वा निजकरूपस्य तुङ्गिकगिरिवरशिखरे तपः कुर्वन् स राममहामुनिर्जयतु रामस्तपःप्रभावात्तपोऽतिशयात्, कुर्वन् सुपात्रदानाच्च [झटिति-शीघ्रं] रथकारोऽनुमोदनया हरिणस्त्रयोऽपि ब्रह्मलोकं सम्प्राप्ताः ॥१३-१४॥*

ગાથાર્થ : જેમણે પોતાના રૂપના કારણે થતાં અનર્થને જોઈને એકાંતવાસ સ્વીકારીને તુંગિકગિરિના શિખર ઉપર તીવ્ર તપ કર્યો હતો તે શ્રી **રામમહામુનિ** (બલભદ્રમુનિ) જય પામો. (૧૩)

તપના અતિશય પ્રભાવથી રામમુનિ, [બળભદ્રજી] (શીઘ્ર એવા) સુપાત્રદાનથી રથિક અને અનુમોદનાથી હરણ, ત્રણેય બ્રહ્મલોક-પાંચમા દેવલોકને પામ્યાં. (૧૪)

श्लोक : इक्खागुरायवसहो, पडिबुद्धी नाम कोसलासामी ।
तह नेया अंगाए, चंदच्छाए निरुवमाए ॥१५॥
संखो कासीराया, कुणालदेसाहिवो तहा रुप्पी ।
कुरुवइ अदीणसत्तू, पंचालपहू य जियसत्तू ॥१६॥
संजायजाइसरणा, पव्वइया छप्पि मल्लिजिणपासे ।
चउदसपुव्वी एए, जयंतु अपुणब्भवं पत्ता ॥१७॥

टीका : *इक्ष्वाकुराजवृषभः प्रतिबुद्ध(द्धि)नामा कोशलास्वामी अयोध्याधिपतिस्तथा नेता नायकोऽङ्गजनपदस्य चन्द्रच्छायो राजा निरुपमाको निर्गतोपमानः ॥१५॥*

शङ्खाभिधानः 'कासी०' वाणारसीनाथः, कुणालदेशाधिपः स्वामी श्रावस्तीनाथस्तथा रुक्मी राजा, कुरुपतिर्हस्तिनागनायकोऽदीनशत्रुरिति नृपतिः, पञ्चालप्रभुश्च काम्पिल्याधीशो जितशत्रुनरेन्द्रः ॥ ॥

सञ्जातजातिस्मरणाः प्रव्रजिताः षडपि मल्लिजिनपार्श्वे एते चतुर्दशपूर्विणो जयन्तु अपुनर्भवं प्राप्ताः ॥१५-१६-१७॥

ગાથાર્થ : ઈક્ષ્વાકુ વંશના રાજાઓમાં વૃષભ સમાન **પ્રતિબુદ્ધિ**(દ્ધ?) રાજા અયોધ્યાના સ્વામી, તથા અંગદેશના રાજા અને જેમને કોઈ ઉપમા ન ઘટે તેવા **ચંદ્રચ્છાય રાજા.** (પ્રતિબુદ્ધિ અને ચંદ્રછાય રાજા) વારાણસી નગરીના **શંખરાજા**, કુણાલદેશના સ્વામી **રુક્મીરાજા**, કુરુપતિ હસ્તિનાગના નેતા એવા **અદીનશત્રુ રાજા**, પંચાલદેશના સ્વામી અને કાંપિલ્યપુરીના **રાજા જિતશત્રુ**. આ છએ મિત્ર રાજાઓ કે જેમને જાતિસ્મરણ જ્ઞાન થયુ હતું અને શ્રી મલ્લિનાથ ભગવાન પાસે દીક્ષા સ્વીકારી જેઓ ચૌદપૂર્વી થઈને, જેઓ મોક્ષસુખને પામ્યા છે તેઓ જય પામો. (૧૫-૧૬-૧૭)

श्लोक : सट्ठिं वाससयाइं जेण छट्ठेण भाविओ अप्पा ।
बहुविहलद्धिसमिद्धं विण्हुं वंदामि अणगारं ।।प्र०४।।

टीका : *षष्टिः वर्षाणां शतानि षट्सहस्राणीतियावत् येन षष्ठेनोपवासद्वयेन भावित आत्मा जीवोऽभूत् । बहुविधाभिः अनेकाभिर्लब्धिभिः वैक्रियादिभिः समृद्धं दीप्तं विष्णुं वन्दामि स्तवीमि अनगारम् ।।४।।*

ગાથાર્થ : છ હજાર વર્ષ સુધી જેમણે છઠ્ઠ તપ વડે આત્માને ભાવિત કર્યો હતો તે અનેક પ્રકારની લબ્ધિઓથી સમૃદ્ધ એવા શ્રી વિષ્ણુકુમારમુનિને હું વંદન કરું છું. (પ્ર૦ ૪)

श्लोक : जो तित्थस्स पभावणमकासि वेउव्विदेहलद्धीए ।
तं विण्हुं गयतिण्हं नमामि पत्तं सिवपुरम्मि ।।१८।।

टीका : *यस्तीर्थस्य प्रभावनामकार्षीत् वैक्रियदेहलब्धितः, तं विष्णुकुमारं गततृष्णं गतसंसाराभिलाषं नमामि प्राप्तं शिवपुरं मुक्तिपुरीम् ।।१८।।*

ગાથાર્થ : વૈક્રિયલબ્ધિ વડે જેમણે શાસનની પ્રભાવના કરી હતી તે સાંસારિક ઈચ્છારહિત અને મુક્તિપુરીને પામેલા શ્રી વિષ્ણુકુમારમુનિને હું નમસ્કાર કરું છું. (૧૮)

श्लोक : एगूणे पंचसए खंदगसीसाण कुंभकारकडे ।
पालयकयउवसग्गे पत्ते पणमामि अपवग्गे ।।१९।।

टीका : *एकोनान् पञ्चशतान् स्कन्दकाचार्यशिष्याणां कुम्भकारकटे नगरे पालकामात्यकृतोपसर्गान् अपवर्गं मोक्षं प्राप्तान् प्रणमामि ।।१९।।*

ગાથાર્થ : કુંભકારકટનગરમાં પાલકમંત્રીએ જેમને ઉપસર્ગ કર્યો હતો તે **સ્કંદકાચાર્યના ૪૯૯ શિષ્યો** કે જેઓ મોક્ષને પામ્યા તેમને હું નમસ્કાર કરું છું. (૧૯)

श्लोक : दट्ठूण अन्नतित्थियपराभवं भवभयाउ निव्विण्णो ।
नेगमअट्ठसहस्सेण परिवुडो कत्तिओ सेट्ठी ॥२०॥
पव्वइओ मुणिसुव्वयसामिसगासम्मि बारसंगविऊ ।
बारससमपरियाओ सोहम्मे सुरवई जाओ ॥२१॥

टीका : *दृष्ट्वा अन्यतीर्थिकपराभवं भवभयान्निर्विण्णः श्रान्तः नैगमा वणिजस्तेषामष्टोत्तरसहस्रेण परिवृतः कार्त्तिकः श्रेष्ठी प्रव्रजितो मुनिसुव्रतस्वामिनः सकाशे पार्श्वे द्वादशाङ्गवेदी द्वादश समाः वर्षाणि पर्यायो व्रतपालनकालो यस्य स द्वादशसमपर्यायः सौधर्मे सुरपतिर्जातः ॥२०-२१॥*

ગાથાર્થ : પરધર્મી દ્વારા પોતાના પરાભવને જોઈને, સંસારના ભયથી ઉદ્વિગ્ન બનેલા **કાર્તિક શેઠે**, એક હજારને આઠ વણિકોની સાથે શ્રીમુનિસુવ્રતસ્વામિપરમાત્મા પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરી અને બાર વર્ષનો સંયમપર્યાય પાળતા તેઓ બાર અંગના જ્ઞાતા થયા અને પહેલા સૌધર્મ દેવલોકમાં ઈન્દ્ર થયાં, (તેમને નમું છું.) (૨૦-૨૧)

श्लोक : मुग्गिल्लगिरिम्मि सुकोसलेण वग्घीकओवसग्गेण ।
पत्तं परमं ठाणं कित्तिधरेण वि वरं नाणं ॥२२॥

टीका : *मुग्गिल्लगिरौ चित्रकूटपर्वते सुकोशलराजर्षिणा व्याघ्रीकृतोपसर्गेण प्राप्तं परमं स्थानं मोक्षरूपं, सुकोशलपित्रा कीर्त्तिधरेणापि राजर्षिणा वरज्ञानं (वरं ज्ञानं) प्राप्तम् ॥२२॥*

ગાથાર્થ : ચિત્રકૂટપર્વત ઉપર **સુકોશલરાજર્ષિ** વાઘણે કરેલા ઘોર ઉપસર્ગને સહન કરતાં કરતાં મોક્ષપદને પામ્યાં. તેમજ તેમના પિતા **કીર્તિધરરાજર્ષિ**એ પણ કેવળજ્ઞાનને પ્રાપ્ત કર્યું અને મોક્ષમાં ગયા, (તેમને નમું છું) (૨૨)

श्लोक : काउं गुणरयणतवं अट्ठ वि अक्खोभसागरप्पमुहा ।
वण्हिसुया संपत्ता सिद्धिं एक्कारसंगधरा ॥२३॥

टीका : *'काउं' कृत्वा गुणरत्नसंवत्सरं तपः अष्टावप्यक्षोभ्यसागरप्रमुखा अन्धकवृष्णिनृपसुताः संप्राप्ताः गताः सिद्धिं एकादशाङ्गधारिणः ॥२३॥*

ગાથાર્થ : અંધકવૃષ્ણિરાજાના પુત્ર એવા **અક્ષોભ્ય, સાગર** આદિ આઠેય મુનિઓ કે જેઓ અગીયાર અંગના ધારક હતાં તેઓ ગુણરત્નસંવત્સર નામના તપને કરીને સિદ્ધિપદને પામ્યાં. (તેમને નમું છું.) (૨૩)

श्लोक : तं वंदे रहनेमिं चउरो वच्छरसयाइं जस्स गिहे ।
जो वरिसं छउमत्थो पंचसए केवली जाओ ॥२४॥

टीका : *तं रथनेमिं वन्दे चत्वारि वर्षशतानि यस्य गृहे गृहवासे, यश्च वर्षं यावच्छद्मस्थः, पञ्चशतानि केवली जातः ॥२४॥*

ગાથાર્થ : જેઓ ચારસો વર્ષ સંસારમાં રહી, ૧ વર્ષ છદ્મસ્થપર્યાયમાં

રહી, પાંસસો વર્ષ કેવળીપર્યાયમાં વિચર્યા તે **રથનેમિ મુનિને** હું વંદન કરું છું. (૨૪)

શ્લોક : **जालिमयालिउवयालि, पुरिससेणे य वारिसेणे य ।**
पज्जुन्नसंबअणिरुद्ध, सच्चनेमी य दढनेमी ॥२५॥
पन्नासं पन्नासं, भज्जाओ चइय बारसंगधरा ।
सोलससमपरियाया, सिद्धा सत्तुंजए दस वि ॥२६॥

टीका : *जालिर्मयालिरुपजालिः पुरुषसेनो वारिषेण एते पञ्च वसुदेवपुत्राः, प्रद्युम्नो रुक्मिणीपुत्रः, शाम्बो जाम्बवतीपुत्रः, अनिरुद्धो वैदर्भीपुत्रः, सत्यनेमी (मिः) दृढनेमी(मिः)समुद्रविजयपुत्रौ पञ्चाशत् पञ्चाशत् भार्याः प्रथमविवाहपरिणीताः अपरास्तु यास्ता न गण्यन्ते कृष्णदत्त-पञ्चाशद्दाययुक्ताः परित्यज्य द्वादशाङ्गधारिणः षोडशसमपर्याया दशापि शत्रुञ्जये सिद्धाः ॥२५-२६॥*

ગાથાર્થ : **જાલિ, મયાલિ, ઉપજાલિ, પુરુષસેન, વારિષેણ** આ પાંચેય વસુદેવના પુત્રો, રુક્મિણીના પુત્ર **પ્રદ્યુમ્ન**, જાંબુવતીના પુત્ર **શાંબ**, વૈદર્ભીના પુત્ર **અનિરુદ્ધ** તેમજ સમુદ્રવિજયરાજાના **સત્યનેમિ** અને **દઢનેમિ** એ બે પુત્રો. આ દશેય (રાજકુમારો) પહેલા વિવાહમાં પરણેલી ૫૦-૫૦ પત્નીઓને (બીજી વારની આમાં ગણાઈ નથી) અને કૃષ્ણ મહારાજાએ આપેલ ૫૦ દાયનીઓને છોડીને બાર અંગના પાઠી અને સોળ વર્ષના ચારિત્રપર્યાયી એવા તેઓ શત્રુંજયગિરિ ઉપર સિદ્ધિપદને પામ્યા. (તેઓને હું વંદન કરું છું) (૨૫-૨૬)

શ્લોક : **बत्तीसपुरंधिवई, देवइपुत्ता अणीयजसपमुहा ।**
छप्पिय नेमिसुसीसा, चउदसपुव्वी गया सिद्धिं ॥२७॥

टीका : *द्वात्रिंशत्पुरन्ध्रीपतयो देवकीपुत्रा अनीकयशःप्रमुखाः षडपि नेमि-सुशिष्याश्चतुर्दशपूर्विणो गताः सिद्धिम् ॥२७॥*

ગાથાર્થ : બત્રીશ-બત્રીશ પત્નીઓના સ્વામી એવા **દેવકીના છએ પુત્રો** શ્રી નેમિનાથપ્રભુના શિષ્ય થયા અને ચૌદ પૂર્વધારી થઈને સિદ્ધિને પામ્યા. (તેમને હું વંદન કરું છું.) (૨૭)

**श्लोक : वंदामि नेमिसीसं, वयदिणगहिएगराइवरपडिमं ।
सोमिलकयउवसग्गं, गयसुकुमालं सिवं पत्तं ॥२८॥**

टीका : *वन्दे श्रीनेमिजिनशिष्यं व्रतदिन एव गृहीता एकरात्रिकी वरा प्रतिमा येन स व्रतदिनगृहीतैकरात्रिकवरप्रतिमस्तम्, सोमिलकृतोपसर्गं गजसुकुमालं शिवं प्राप्तम् ॥२८॥*

ગાથાર્થ : **શ્રી ગજસુકુમાલમુનિ** કે જેઓ **શ્રીનેમિનાથપ્રભુ**ના શિષ્ય હતાં અને દીક્ષા દિને જ જેમણે શ્રેષ્ઠ એવી એકરાત્રિકી પ્રતિમાને ધારણ કરી હતી, વળી સોમિલે કરેલા ઉપસર્ગને સહન કરતાં જેઓ મુક્તિપદને પામ્યા હતાં તેમને હું વંદન કરું છું. (૨૮)

**श्लोक : जो गेविज्जाउ चुओ, आयाओ जउकुले विसालम्मि ।
तं देवईअवच्चं गयसुकुमालं नमंसामि ॥प्र० ५॥**

टीका : *यो ग्रैवेयकात् च्युतः आयातः यदुकुले विशाले तं देवक्याः पुत्रं गजसुकुमालं नमस्यामि ॥५॥*

ગાથાર્થ : જેઓ ગ્રૈવેયકદેવલોકથી ચ્યવીને વિશાળ એવા યાદવોના

કુળમાં આવ્યા હતાં તે દેવકીના પુત્ર એવા ગજસુકુમાલ મુનિને હું નમસ્કાર કરું છું. (પ્ર૦ ૫)

श्लोक : **जो वासुदेवपुरओ, पसंसिओ दुक्करं करेइ त्ति ।**
सिरिनेमिजिणवरेणं, तं ढंढणरिसिं नमंसामि ॥२९॥

टीका : *यो वासुदेवपुरतः श्लाघितः दुष्करं करोतीति श्रीनेमिजिनवरेन्द्रेण (वरेण) तं ढण्ढणर्षिं नमस्करोमि ॥२९॥*

ગાથાર્થ : શ્રી નેમિપ્રભુએ કૃષ્ણમહારાજા સમક્ષ 'આ મહાત્મા દુષ્કર આરાધના કરે છે' એ પ્રમાણે જેઓની પ્રશંસા કરી હતી, તે **શ્રી ઢંઢણમુનિને** નમસ્કાર કરું છું. (૨૯)

श्लोक : **इब्भकुलबालियाओ, सुपरिचत्ताओ जेण बत्तीसं ।**
जस्स य निक्खमणमहं, दसारकुलनंदणो कासी ॥३०॥
जो पुरिससहस्सजुओ, पव्वइओ नेमिपायमूलम्मि ।
सो थावच्चापुत्तो, चउदसपुव्वी सिवं पत्तो ॥३१॥

टीका : *इभ्यकुलानां बालिका इभ्य[कुल]बालिकाः सुष्ठु अतिशयेन परित्यक्ताः सुपरित्यक्ताः येन द्वात्रिंशत्संख्याः । यस्य च निष्क्रमणमहोत्सवं दशारकुलनन्दनो वासुदेवोऽकार्षीत् यः पुरुषसहस्रेण युतो युक्तः प्रव्रजितो नेमिजिनपादमूले स थावच्चासार्थवाहीपुत्रश्चतुर्दशपूर्वी गतः सिद्धिम् ॥३०-३१॥*

ગાથાર્થ : શ્રેષ્ઠીઓના કુળમાં જન્મેલી એવી ૩૨ પત્નીઓનો જેમણે ત્યાગ કર્યો હતો, જેમનો દીક્ષાનો મહોત્સવ શ્રીકૃષ્ણ

મહારાજાએ કર્યો હતો, જેઓએ ૧ હજાર પુરુષોની સાથે પ્રવ્રજ્યા ગ્રહણ કરી હતી તેવા **શ્રી થાવચ્ચાપુત્ર** કે જેઓ ચૌદપૂર્વધારી થયા હતાં તેઓ સિદ્ધિપદને પામ્યાં. (તેમને વંદન...) (૩૦-૩૧)

श्लोक : सहस्सजुओ तस्सीसो, चउदसपुव्वी सुओ गओ सिद्धिं ।
इक्कारसंगिसुयसीससेलओ तह सपंचसओ ॥३२॥

टीका : *सहस्रशिष्ययुतः तच्छिष्यः थावच्चापुत्रशिष्यश्चतुर्दशपूर्वी शुकः शुकाभिधानपरिव्राजको गतः सिद्धिम् । तथा एकादशाङ्गी शुकशिष्यः सेलकः सह पञ्चशत्या वर्त्तते इति सपञ्चशतः पञ्चशतपरिवार इत्यर्थः ॥३२॥*

ગાથાર્થ : તે થાવચ્ચાપુત્રના શિષ્ય કે જેઓ એક હજાર શિષ્યોથી પરિવરેલા હતાં, તેવા **શુકપરિવ્રાજક** મોક્ષપદ પામ્યાં. તેમજ તે શુકપરિવ્રાજકના શિષ્ય અગીયાર અંગના ધારી એવા **શેલકમુનિ** પાંચસો શિષ્યોના પરિવારવાળા હતાં. (તેમને નમું છું.) (૩૨)

कथा : *लेशतः कथा उच्यते-द्वारवत्यां कृष्णराज्ये सार्थवाही थावच्चानामा विख्याताऽस्ति । कर्म्मवशात्तस्य बालपुत्रायाः पतिमरणम् । तया शोकभरार्त्तया पुत्रनाम न कृतम् । ततः स थावच्चापुत्र इति विख्यातः। क्रमेण कलाकुशलस्तारुण्यं प्राप्तः । मात्रा द्वात्रिंशदिभ्यकन्या उद्वाहितः सुखं भुङ्क्ते। अन्यदा तस्यां श्रमणसंघपरिकरितः श्रीनेमिजिनः समवसृतो रैवतोद्याने सुररचितसमवसरणे देशनां कर्तुं उपविष्टः । ततः सपरिकरो*

हरिर्वन्दनाय चलितः,सोऽपि रथारूढो नृपेण सह जिनं ववन्दे । एकाग्रचित्तो धर्मं शृणोति स्म । ततः संसारस्यासारतां विभाव्य दीक्षां ययाचे । स्वाम्यूचे वत्स ! युक्तम् । तेनाप्य(पि) माता मानिता । सा विष्णोरुपान्ते दीक्षामहोत्सवाय छत्राद्यं ययाचे । कृष्णस्तूचेऽहं विधास्येऽस्य दीक्षामहमित्युक्त्वा तद्गृहं गतोऽवादीत् वत्स ! विषमं व्रतं, सुखं भुङ्क्ष्व । सोऽवग्, भयार्त्तानां किं सुखं?, भो ! मयि राज्ञि का भीः ? वद वारये यथा । सोऽवग्, जरामृत्यू वारय । राज्ञोक्तं, शक्रेणाप्यमू दूर्वारौ । ततस्तन्निर्णयं ज्ञात्वा इत्युदघोषयत्, अहो ! पुण्यः स थावच्चापुत्रो दीक्षां लाति, योऽन्योऽपि सार्थे स्यात् तत्कुटुम्बं निर्वाहयाम्यहम् । ततो राजकुमारसहस्रं व्रतार्थमुत्तस्थौ । स तैः सह कृष्णकृतमहोत्सवः प्रव्रज्य चतुर्दशपूर्व्यभूत् । स्वाम्यदात्तमेव परिकरं तस्मै । सोऽथ विहरन् शेलकपुरे पञ्चशतमन्त्रियुतं शेलकभूपं श्राद्धं चक्रे । ततः सुगन्धीपुर्यां शुकपरिव्राड्भक्तसुदर्शनश्रेष्ठी श्राद्धोऽकारि । स शुकस्तं श्राद्धभूतं श्रुत्वा तत्रागतः, सम्यक् श्रेष्ठी तं सच्चक्रे । स दध्यौ यावन्न याम्येतद्गुरुं तावन्नासौ वक्तुं योग्यः । ततोऽवग् भो ! भव्यस्त्वं जैनोऽभूः ! त्वद्गुरुः क्व ? श्रेष्ठ्यूचे मद्गुरुः थावच्चापुत्रो वने वर्त्तते। सोऽथ श्रेष्ठियुक्तस्तत्र गतः 'सरिसवया भक्खा अभक्खा वा ? कुलत्था भक्खा अभक्खा वा' इत्यादिच्छलप्रश्नान्यकार्षीत् । गुरुरूचे 'भक्खा अभक्खा अ सरिसवया सर्षपाः सदृशवयसो वा, कुलत्था कुलीनाः अन्नं वा' ।

ततः शुकः सर्वज्ञोऽयमिति बुद्ध्वा सहस्रशिष्ययुक् प्रव्रज्य चतुर्दश-पूर्व्यभूत् । सोऽथ गुरुदत्तपूर्वपरिवारो विहरेत्(व्यहरत्) । गुरुः शत्रुञ्जये द्विमासानशनी शिवं ययौ । शुको विहरन् पन्थकादिपञ्च-शतमन्त्रिवृतं शेलकपुरेशं दीक्षितवान् । एकादशाङ्गभृत् शुकेन पञ्चशतेशः सूरीकृतः। शुकः शत्रुञ्जये सिद्धः ।

शेलकाचार्योऽप्याहारवैगुण्याद्रोगार्त्तः स्वपुरे गत्वा वनेऽस्थात् । मण्डको राजा तत्सुतो नन्तुमेतो रोगार्त्तगुरुं स्वावासे नीत्वा पथ्यौषध्याद्यैर्नीरुजं चक्रे । ततो गुरू रसगृद्धः साधुभिर्बोध्यमानोऽपि न विहरेत् । साधवः पन्थकमुनिं गुरुशुश्रूषकं मुक्त्वा स्यात्कदाचिदेवं गुरोश्चेतनेति (तीति) विजहुः ।

पन्थकः सम्यग् गुरुभक्तोऽन्यदा चतुर्मासके भुक्त्वा सुप्तस्य गुरोः पादौ क्षामणाकाले मूर्ध्ना घट्टनेनास्पृशत् । रुष्टो गुरुः, रे ! को मे निद्राविघ्नं कुर्यात् ?, विनयी पन्थकोऽवक् प्रभो ! मया क्षामणकार्थं यूयं खेदिताः क्षमध्वं मेऽपराधं, एवं मधुरया तद्गिरा, प्रबुद्धो गुरुः स्वं निन्दन् भूपस्योक्त्वोग्रविहारेण व्यहार्षीत् । मुनयोऽप्यागत्यामिलन् । ततः शेलकस्तपस्तप्त्वा शत्रुञ्जये सिद्धः ।

કથા : દ્વારકાનગરીમાં સાર્થવાહની થાવચ્ચા નામની પત્ની પ્રસિદ્ધ હતી. કર્મસંયોગે તેનો પુત્ર નાનો હતો ત્યાં જ પતિનું મૃત્યુ થયું. પતિના મરણથી શોકગ્રસ્ત હોવાથી તેણે પુત્રનું નામ પણ પાડ્યું નહતું. તેથી તેનો પુત્ર 'થાવચ્ચાપુત્ર' એ પ્રમાણે પ્રસિદ્ધ થયો. કળાઓમાં કુશળ એવો તે ક્રમે કરીને યૌવનને પામ્યો. માતાએ બત્રીશ શ્રેષ્ઠી કન્યાઓ સાથે તેને પરણાવ્યો અને તેઓ સાથે તે સુખ ભોગવે છે. એક વખત તે દ્વારિકાનગરીમાં સાધુસમૂહથી પરિવરેલા શ્રી નેમિનાથભગવાન પધાર્યા અને રૈવતાચલઉદ્યાનમાં દેવોએ બનાવેલ સમવસરણમાં દેશના આપવા માટે બિરાજ્યાં. ત્યાર પછી પરિવાર સહિત શ્રી કૃષ્ણમહારાજા વંદન કરવા માટે આવ્યાં. તે થાવચ્ચાપુત્ર પણ રાજા સાથે પ્રભુ પાસે આવ્યો, પ્રભુને વંદન કર્યું અને એકાગ્રચિત્તે ધર્મદેશના

સાંભળી. ત્યાર પછી સંસારની અસારતા વિચારીને તેણે પ્રભુ પાસે પ્રવ્રજ્યાની યાચના કરી. પ્રભુએ કહ્યું, વત્સ ! યોગ્ય છે. તેણે પણ માતાને સમજાવ્યા અને અનુજ્ઞા લીધી. તેની માતાએ કૃષ્ણવાસુદેવ પાસે દીક્ષામહોત્સવ માટે છત્રાદિ રાજ સામગ્રીની યાચના કરી. કૃષ્ણે કહ્યું કે 'હું જ તેનો દીક્ષા મહોત્સવ કરીશ' અને તેના ઘરે ગયાં. તેને કહ્યું કે 'હે વત્સ ! વ્રતનું પાલન બહુ દુષ્કર છે, તું સુખ ભોગવ.'

તે બોલ્યો કે ભયભીત વ્યક્તિને સુખ કયાંથી હોય ? ત્યારે રાજાએ કહ્યું કે હું રાજા હોતે છતે તને શું ભય છે ? મને કહે જેથી નિવારણ કરું. ત્યારે તે બોલ્યો કે મને જરા અને મરણથી ભય છે. રાજાએ કહ્યું કે એ તો ઈન્દ્રથી પણ અનિવાર્ય છે. પછી તેનો નિર્ણય જાણીને રાજાએ ઘોષણા કરી કે - પુણ્યશાળી એવો થાવચ્ચાપુત્ર દીક્ષા લે છે. બીજા પણ જે કોઈ સાથે દીક્ષા લેશે તેના કુટુંબનો નિર્વાહ હું કરીશ. ત્યારે ૧ હજાર રાજકુમારો દીક્ષા લેવા તૈયાર થયાં. તે એક હજાર રાજકુમારો સાથે કૃષ્ણે કરેલ મહોત્સવપૂર્વક થાવચ્ચાપુત્રે દીક્ષા લીધી અને ચૌદ પૂર્વધારી થયાં.

હવે વિહાર કરતા શેલકપુરનગરમાં પાંચસો મંત્રીઓથી યુકત એવા શેલકરાજાને તેઓએ શ્રાવક બનાવ્યા. ત્યાંથી સુગંધીપુરીમાં શુકપરિવ્રાજકના ભકત એવા સુદર્શનશેઠને પણ શ્રાવક બનાવ્યાં. તેથી તે શુકપરિવ્રાજક તેને શ્રાવક જાણી તેની પાસે આવ્યો, શ્રેષ્ઠીએ તેનો સત્કાર કર્યો. તેણે

વિચાર્યું કે જ્યાં સુધી આના ગુરુને ન જાણું ત્યાં સુધી બોલવું યોગ્ય નથી. તેણે કહ્યું, અરે ! સરસ, તું જૈન થઈ ગયો. તારા ગુરુ ક્યાં છે ? શ્રેષ્ઠીએ કહ્યું, મારા ગુરુ-થાવચ્ચાપુત્ર ઉદ્યાનમાં વિરાજે છે. તે શ્રેષ્ઠી સાથે ઉદ્યાનમાં ગયો અને 'સરસવ ભક્ષ્ય કે અભક્ષ્ય ?, કળથી ભક્ષ્ય કે અભક્ષ્ય ?' વગેરે કૂટ પ્રશ્નો પુછવા લાગ્યો.

ગુરુએ પણ ઉત્તર આપ્યો કે, સરસવ ભક્ષ્ય છે, સમાન વયવાળા અભક્ષ્ય છે. કળથી ભક્ષ્ય છે, કુલીન (કુળવાન) અભક્ષ્ય છે.

ત્યારે શુક પરિવ્રાજક પણ 'આ સર્વજ્ઞ છે' એમ જાણીને ૧ હજાર સાથે દીક્ષા લઈ ચૌદ પૂર્વધારી થયાં અને હવે ગુરુએ આપેલ પરિવાર સાથે વિચરવા લાગ્યાં.

ગુરુ-થાવચ્ચાપુત્ર શ્રી સિદ્ધગિરિ ઉપર બે માસનું અનશન પાળી સિદ્ધ થયાં.

શુક મુનિવર વિહાર કરતાં પંથક વગેરે પાંચસો મંત્રીયુક્ત શેલકરાજાને દીક્ષા આપે છે. ૧૧ અંગધારી એવા શેલક મુનિને શુક મુનિવરે આચાર્યપદે આરુઢ કર્યા. શુક મુનિરાજ શત્રુંજય પર સિદ્ધિપદને પામ્યાં.

સેલકસૂરિજી પણ આહારવિકૃતિથી રોગગ્રસ્ત થતા પોતાના નગર પાસે વનમાં રહ્યાં. તેમનો પુત્ર મંડકરાજા વંદન કરવા આવ્યો. ગુરુને રોગપીડિત જોઈને પોતાના આવાસમાં લઈ જઈ પથ્ય અને ઔષધાદિ વડે નિરોગી બનાવ્યાં.

પછી પણ રસગૃદ્ધિમાં ફસાયેલા એવા ગુરુ, સાધુઓએ બોધ

આપવા છતાં ત્યાં જ સ્થિરતા કરીને રહ્યા. તેથી અન્ય સાધુઓ, ગુરુની શુશ્રૂષા કરનાર એવા પંથકમુનિને મૂકીને વિહાર કરવા લાગ્યા. પંથકમુનિ પણ સારી રીતે ગુરુભક્તિ કરતા એક દિવસ ચોમાસામાં ભોજન કરીને સુતેલા ગુરુના પગે ખામણાના સમયે મસ્તક વડે સ્પર્શ કર્યો. ત્યારે ગુસ્સે થયેલા ગુરુ બોલ્યા કે કોણે મને નિદ્રામાં વિઘ્ન કર્યું ? ત્યારે વિનયવંત એવા પંથકમુનિ બોલ્યા કે પ્રભુ ! મેં ખામણા માટે આપને ખેદ પમાડ્યો, તેથી મારા આ અપરાધને માફ કરો.

આવી મધુર વાણી વડે જાગૃત થયેલા ગુરુ પોતાની નિંદા કરવા લાગ્યા પછી રાજાને કહી ઉગ્ર વિહાર કરવાનું શરૂ કર્યું. બીજા મુનિઓ પણ મળી ગયાં.

ત્યાર પછી શેલકસૂરિ તપ કરીને શત્રુંજય ઉપર સિદ્ધ થયાં. (તેમને નમું છું.)

શ્લોક : **जो य परक्कमइ तवं छिन्नं लूहं च देहमगणंतो ।**
सिद्धं विहुयरयमलं सेलगपुत्तं तयं वंदे ।।प्र० ६ ।।

ટીકા : *यश्च पराक्रमते तपश्चतुर्थादि छेदितं रूक्षं च स्नानस्निग्धाहारपरिहारेण शरीरं अगणयन् सिद्धं निष्ठितार्थं विशेषेण धुतं कम्पितं रजो बद्ध्यमानं कर्ममलं येन तं शेलकपुत्रं वन्दामि ।।६ ।।*

ગાથાર્થ : પરાક્રમને કરતા એવા જેઓએ ઉપવાસ આદિ તપ વડે શરીરને શોષવી નાંખ્યું છે વળી સ્નાન અને વિગઈયુક્ત આહારનો ત્યાગ કરવાથી સુકાઈ ગયેલા એવા શરીરને જેઓ ગણકારતા નથી, જેમના સર્વ કાર્યો સિદ્ધ થયા છે અને વિશેષ પ્રકારે જેમણે કર્મમલને કંપાવી મૂક્યો છે તેવા **શેલકપુત્ર મુનિવરને** હું વંદન કરું છું.

श्लोक : असुरसुरपन्नगिंदा जंता पडिमागयं नमंसंति ।
उज्जिंतसेलसिहरे तं सिरसा सारणं वन्दे ।।प्र० ७।।
बारस भिक्खूपडिमा जेणऽणुचिन्ना महाणुभावेणं ।
वाससया नियमेणं अट्ठमछट्ठाइं जो कासी ।।प्र० ८।।
तं खवियपेमदोसं वंदे जरमरणसोगमुत्तिन्नं ।
अउलसुहसागरगयं निव्वाणमणुत्तरं पत्तं ।।प्र० ९।।

टीका : *असुराः दानवाः, सुराः देवाः, पन्नगाः सर्पास्तेषामिन्द्राः परमैश्वर्यभाजः गच्छन्तः यात्रादिकार्य इति गम्यम् । प्रतिमागतं कायोत्सर्गस्थं नमस्कुर्वन्ति गिरनाराद्रिशृङ्गे तं सारणर्षिं शिरसा मस्तकेन वन्दे ॥ द्वादश भिक्षुप्रतिमाः 'मासाईसत्तंता' इत्यादिकाः येन अनुचीर्णाः सेविताः महानुभावेन अचिन्त्यशक्तिना । वर्षशतात् नियमेन निश्चयेन 'अट्ठम' इत्यादि प्राकृतत्वात् षष्ठाष्टमानि योऽकार्षीत् चकार॥ ॥ तं क्षपितौ क्षयं नीतौ प्रेमद्वेषौ येन तं वन्दे । जरामरणशोकोत्तीर्णं प्राकृतत्वात् मकारोऽलाक्षणिकः । अतुलसुखानां सागरः समुद्रस्तत्र गतं प्राप्तम् । निर्वाणं मोक्षं अनुत्तरं सर्वोत्कृष्टं प्राप्तम् ॥७-९॥*

ગાથાર્થ : યાત્રા વગેરે કાર્યોમાં જતા દેવો, દાનવો, નાગલોકના ઈન્દ્રો વગેરે પણ ગિરનાર પર્વતની ઉપર કાઉસ્સગ્ગ ધ્યાનમાં સ્થિર થયેલા જેમને નમસ્કાર કરે છે તેવા **શ્રી સારણઋષિને** હું મસ્તક વડે વંદન કરું છું. જે મહાનુભાવે અચિંત્ય શક્તિવડે સાધુની બાર પ્રતિમાઓનું આચરણ કર્યું હતું, વળી સો વર્ષ સુધી નિયતપણે જેમણે છઠ્ઠ અઠ્ઠમ વગેરે તપો કર્યા હતાં, રાગદ્વેષને જેમણે દૂર કર્યા હતાં, એવા વૃદ્ધત્વ અને મૃત્યુના શોકને દૂર ફગાવી ચૂકેલા અને અનુપમ સુખના સાગરસમાન

અનુત્તર એવા મોક્ષપદને પામેલા **શ્રી સારણઋષિને** હું વંદન કરું છું. (પ્ર૦ ૭-૮-૯)

श्लोक : सुच्चा जिणिंदवयणं सच्चं सोयं ति पभणिओ हरिणा ।
किं सच्चं ति पवुत्तो चिंतंतो जायजाइसरो ॥३३॥
संबुद्धो जो पढमं अज्झयणं सच्चमेव पन्नवइ ।
कच्छुल्लनारयरिसिं तं वंदे सुगइमणुपत्तं ॥३४॥

टीका : *द्वारवत्यां वासुदेवः सभायां प्रवचनसारविचारकथया यावदास्ते तावदाकाशे परिभ्रमन् नारदः समाजगाम । दत्तासनेन कृष्णेन पृष्टो महर्षिः किं शौचमिति । स च तदजानन् व्याक्षेपं कृत्वा झटिति प्रच्छनाय पूर्वविदेहे श्रीसीमन्धरपार्श्वेऽगमत् । तत्र च युगबाहुवासुदेवे किं शौचमिति पृच्छति सत्यं शौचमित्यर्हता प्रोचे ।*

ततोऽपरविदेहे युगमंधरजिनेश्वरं महाबाहुवासुदेवस्तमेवार्थं पृच्छति भगवता च तदेव उत्तरमदायि । तेन एकपदेनैवाचक तज्जिनवचः श्रुत्वा तत्क्षणमेव द्वारिकामागत्य कृष्णमवादीत्-राजन् ! तदा किं पृष्टं ? तेनोक्तं किं शौचमिति । स प्राह सत्यं शौचमिति भणितः पुनः स हरिणा प्रोक्तः तर्हि कथय किं सत्यमिति प्रोक्तः सत्यार्थमजानन् हसितो विषादमापन्नश्चेतसि चिन्तयामास ज्ञानं विना न किमपि [इति] चिन्तयन्नपूर्वकरणतो जातिस्मरणतः सम्बुद्धः भावचारित्रेण केवलज्ञानमवाप्य सत्याभिधानं अध्ययनं ऋषिभाषितमध्ये प्रज्ञापयति कच्छुल्लाभिधो नारदर्षिस्तं नारदं वन्दे सुगतिमनुप्राप्तम् ॥३३-३४॥

ગાથાર્થ : દ્વારિકાનગરમાં શ્રી કૃષ્ણવાસુદેવ રાજસભામાં પ્રભુશાસનનો સાર જણાવતી વાત કરી રહ્યા હતાં, તેટલામાં આકાશમાં

પરિભ્રમણ કરતા નારદ મુનિ આવી પહોંચ્યાં. આસનાદિ આપવાપૂર્વક શ્રી કૃષ્ણએ તેમનો સત્કાર કર્યા પછી પૂછ્યું કે હે મહર્ષિ ! શૌચ એટલે શું ? તેને ન જાણતા એવા નારદ જલ્દી પૂછવા માટે પૂર્વવિદેહમાં શ્રી સીમંધર સ્વામી પરમાત્મા પાસે ગયાં. ત્યાં યુગબાહુવાસુદેવે પણ તે જ [શૌચ એટલે શું ?] પ્રશ્ન પૂછતાં પરમાત્માએ 'શૌચ એટલે સત્ય' એ પ્રમાણે ફરમાવ્યું. ત્યાર પછી અપરવિદેહમાં શ્રી યુગમંધરજિનેશ્વરને મહાબાહુવાસુદેવે તે જ પ્રશ્ન પૂછતા પ્રભુએ તે જ ઉત્તર આપ્યો.

તેથી કરીને એક પદ વડે જણાયેલા તે જિનવચનને સાંભળીને તરત જ નારદ દ્વારિકામાં આવ્યા અને કૃષ્ણને કહ્યું કે - હે રાજન્ ! ત્યારે તમે શું પૂછ્યું હતું ? તેમણે કહ્યું કે શૌચ એટલે શું ? ત્યારે તે નારદે શૌચ એટલે સત્ય ! એમ કહેતાં ફરી પણ શ્રી કૃષ્ણે સત્ય એટલે શું ? એમ પૂછ્યું. ત્યારે સત્યને ન જાણતા હસાયેલા નારદ મનમાં વિષાદ પામીને વિચારે છે કે 'જ્ઞાન વિના કાંઈ પણ નથી.'' પછી અપૂર્વકરણના અધ્યવસાય જાગવાથી જાતિસ્મરણ જ્ઞાન પામ્યાં અને જ્ઞાની એવા નારદે ભાવચારિત્ર વડે કેવળજ્ઞાનને પ્રાપ્ત કરી ઋષિભાષિત આગમમાં 'સત્ય' નામના અધ્યયનની રચના કરી. તે **શ્રી કચ્છુલ્લનામના નારદને** કે જેઓ મોક્ષપદને પામ્યાં છે તેમને વંદન કરું છું. (૩૩-૩૪)

श्लोक : नारयरिसिपामुक्खे, वीसं सिरिनेमिनाहतित्थम्मि ।
पन्नरस पासतित्थे, दस सिरिवीरस्स तित्थम्मि ॥३५॥

पत्तेयबुद्धसाहू, नमिमो जे भासिउं सिवं पत्ता ।
पणयालीसं इसिभासियाइं, अज्झयणपवराइं ॥३६॥

टीका : *नारदर्षिप्रमुखा विंशतिः प्रत्येकबुद्धाः श्रीनेमितीर्थेऽभवन् । पञ्चदश प्रत्येकबुद्धाः श्रीपार्श्वनाथतीर्थे । दश श्रीवीरतीर्थेऽभवन् । एवं पञ्चचत्वारिंशत् प्रत्येकबुद्धाः पञ्चचत्वारिंशत् ऋषिभाषितानि प्रवराध्ययनानि भाषित्वा शिवं प्राप्तास्तान् वन्दे ॥३५-३६॥*

गाथार्थ : નારદ વગેરે વીશ પ્રત્યેકબુદ્ધમુનિઓ શ્રી નેમિનાથ જિનેશ્વરના શાસનમાં થયા, પંદર પ્રત્યેકબુદ્ધમુનિઓ શ્રી પાર્શ્વનાથ પ્રભુના શાસનમાં થયાં, અને દશ શ્રીવીરપ્રભુના શાસનમાં થયાં. તે પ્રમાણે **પિસ્તાલીસ પ્રત્યેકબુદ્ધમુનિવરો** ૪૫ ઉત્તમ એવા ઋષિભાષિત અધ્યયનોની રચના કરીને મોક્ષપદને પામ્યાં, તેમને હું વંદન કરું છું. (૩૫-૩૬)

श्लोक : **पहरिज्जंतो दुज्जोहणेण, तह पंडवेहि थुव्वंतो ।
समसत्तुमित्तभावो, दमदंतमहारिसी जयउ ॥३७॥**

टीका : *प्रह्रिय(हार्य)माणो दुर्योधनेन तथा पाण्डवैः स्तूयमानः समशत्रुमित्रभावो दमदन्तमहर्षिर्जयतु ॥३७॥*

गाथार्थ : દુર્યોધન જેમને પ્રહાર કરતો હતો અને પાંડવો જેમની સ્તુતિ કરતા હતા તેવા શત્રુ અને મિત્રમાં સમભાવને રાખનારા **શ્રી દમદંત મહર્ષિ** જય પામો. (૩૭)

श्लोक : **जलणाउ नेमिसीसो - त्ति भणंतो जंभएहिं उक्खित्तो ।
सिरिकुज्जवारयमुणी, रामसुओ जयउ सिद्धिगओ ॥३८॥**

टीका : *द्वारवतीदाहे ज्वलनात् श्रीनेमिशिष्योऽहमिति भणन् जृम्भकैरुत्क्षिप्त उत्पाटितो नेमिसमो(मव)सरणे च नीत्वा मुक्तः प्रव्रजितश्च श्रीनेमिपार्श्वे श्रीकुब्जवारकमुनिः पालितनिष्कलङ्कचारित्रो रामसुतो जयतु सिद्धिं गतः ॥३८॥*

ગાથાર્થ : દ્વારિકાનગરીના દહન સમયે પોતે પણ ક્યાંક બળી જશે એમ લાગતાં બળદેવના પુત્ર કુબ્જવારક 'હું નેમિનાથપ્રભુનો શિષ્ય થવાનો છું' એમ બોલવા લાગ્યા. ત્યાં નજીકમાં રહેલા તિર્યગ્જૃંભકદેવોએ તેમને ઉપાડી પ્રભુના સમવસરણમાં મૂક્યા. પ્રભુ પાસે દીક્ષા લઈ શુદ્ધ ચારિત્રનું પાલન કરી મુક્તિ પામ્યા તે **કુબ્જવારકમુનિ** જય પામો. (૩૮)

श्लोक : पंच वि निवपंडुसुया, चउदसपुव्वी जुहिट्ठिलप्पमुहा ।
दोमासियसंलेहण-पुव्वं सित्तुंजए सिद्धा ॥३९॥

टीका : *पञ्चापि नृपपाण्डुसुताः पुत्राश्चारणमुनिपार्श्वे गृहीतव्रताश्चतुर्दशपूर्विणः युधिष्ठिरप्रमुखा द्विमासिकीसंलेखनापूर्वं शत्रुञ्जये सिद्धाः ॥३९॥*

ગાથાર્થ : ચારણમુનિ પાસે દીક્ષા સ્વીકારી ચૌદપૂર્વધારી થયેલા **યુધિષ્ઠિર વગેરે પાંડુરાજાના પાંચ પુત્રો** બે માસની સંલેખના કરીને શ્રી શત્રુંજય ગિરિરાજ પર સિદ્ધ થયાં (તેમને વંદન કરું છું.) (૩૯)

श्लोक : पडिबोहिअ पएसिं, केसिं वंदामि गोयमसमीवे ।
वियलियसंसयवग्गं, अंगीकयचरमजिणमग्गं ॥४०॥

टीका : *अहं केशिकुमारं वन्दे । कथम्भूतं ? प्रदेशिराजानं प्रतिबोध्य श्रीगौतम-समीपे विदलितसंशयवर्गं सन्देहसमूहम् । अङ्गीकृतचरमजिनश्रीवीर-मार्ग्गम् ॥४०॥*

ગાથાર્થ : પ્રદેશીરાજાને પ્રતિબોધીને શ્રી ગૌતમસ્વામી મહારાજા પાસે સંશયના સમૂહનો નાશ કરી શ્રી વીરપ્રભુના શાસનને સ્વીકારનારા **શ્રી કેશીગણધર**ને હું વંદન કરું છું. (૪૦)

श्लोक : कालियपुत्ते मेहलिथेरे, आणंदरक्खिए तइए ।
कासव एए चउरो, पासावच्चीय मुणिपवरा ॥४१॥
अकहिंसु तुंगियाए, सरागतव-संजमेहिं समणा वि ।
कम्मावसेसपडिबंधओ ये देवा हविज्जंति ॥४२॥

टीका : *कालिकपुत्रः, मेखलिस्थविरः, आनन्दरक्षस्तृतीयः, काश्यपः । एते चत्वारः पार्श्वापत्याः (पार्श्वापत्यीयाः) श्रीपार्श्वनाथसन्तानिनो मुनिप्रवराः। तुङ्गिकापुर्यां अकथयन् श्रमणा अपि सरागतपःसंयमैः कर्मावशेष-प्रतिबन्धतो देवा भवन्ति नो चेदन्यथा श्रमणा मुक्तौ यान्तीति ॥४१-४२॥*

ગાથાર્થ : કાલિકપુત્ર, મેખલિ નામના સ્થવિર, ત્રીજા આનંદરક્ષ અને કાશ્યપ, આ ચાર મુનિવરો શ્રી પાર્શ્વનાથ પ્રભુના શાસનમાં થયા હતાં. તેઓએ તુંગિકાપુરીમાં કહ્યું હતું કે- રાગયુક્ત તપ અને સંયમના કારણે શેષ કર્મોના પ્રતિબંધથી મુનિવરો પણ દેવપણું પામે છે અને સરાગસંયમ ન હોય તો મુનિઓ મુક્તિને પામે છે. (૪૧-૪૨)

श्लोक : जंतंतपंचरत्तं, पाओवगयं तु खायइ सियाली ।
मुग्गिल्लसेलसिहरे, वंदे कालासवेसरिसिं ॥प्र० १०॥

धम्मे दढसन्नाहो, जो निच्चं मंदरो इव अकंपो ।
इहलोगनिप्पिवासो, परलोगगवेसओ धीरो ।।प्र० ११ ॥
जो सोमेण जमेण य वरुणेण वेसमणेण य महप्पा ।
मुग्गिल्लसेलसिहरे नमंसिओ तं नमंसामि ।।प्र० १२ ॥

टीका : *यन्त्रान्तःपञ्चरात्रं पादोपगतं पादोपगमनानशनप्राप्तं तु खादति भक्षयति श्रृगाली मुग्गिल्लशैलशिखरे चित्रकूटगिरिशिखरे वन्दे कालास्यवैश्यर्षिम् ॥ ॥ धर्मे दृढः सन्नाहः यस्य सः, यः नित्यं मेरुरिव अचलः, इहलोकनिष्पिपासः परलोकगवेषकः धीरः ॥ ॥ यः सोमेन यमेन वरुणेन वैश्रमणेन च महात्मा नमस्कृतः तं नमस्यामि ॥१०-११-१२॥*

ગાથાર્થ : પાદપોપગમન અનશન સ્વીકારીને પાંચ રાત્રિ સુધી યંત્રમાં રહેલા જેમનું ચિત્રકૂટ શિખર ઉપર શિયાલણે જેમનું ભક્ષણ કર્યું તેવા **કાલાસ્યવૈશ્યર્ષિ**ને હું વંદન કરું છું. વળી જેઓ ધર્મમાં મેરુ જેવા નિશ્ચલ હતા, જેઓ આ ભવની સ્પૃહાથી મુક્ત હતા અને પરલોકની સાધનામાં સ્થિર-ધીર એવા મુનિવર કે જેમને સોમ, યમ, વરુણ અને વૈશ્રમણ એ ચારે દેવોએ નમસ્કાર કર્યા હતા તે **કાલાસ્યવૈશ્યર્ષિ**ને હું નમસ્કાર કરું છું. (પ્ર૦ ૧૦-૧૧-૧૨)

श्लोक : कालासवेसियसुओ, आया सामाइय त्ति थेराणं ।
वयणं सोउं पडिवन्न-पंचजामो गओ सिद्धिं ।।४३ ॥

टीका : *कालास्यवैशिकसुत आत्मा एव सामायिकमिति वचः स्थविराणां श्रुत्वा प्रतिपन्नपञ्चयामो गृहीतव्रतो गतः सिद्धिम् ॥४३॥*

ગાથાર્થ : **તે કાલાસ્યવૈશિક મુનિના પુત્રે** પણ સ્થવિરોનું 'આત્મા એ જ સામાયિક' એ પ્રમાણે વચન સાંભળી દીક્ષા સ્વીકારીને મુક્તિપદને પ્રાપ્ત કર્યું. (તેમને નમું છું.) (૪૩)

श्लोक : **पुक्खलवईइ विजए, सामी पुंडरिगिणीइ नयरीए ।**
दट्ठूण कंडरीयस्स, कम्मदुव्विलसियं घोरं ॥४४॥
सिरिपुंडरीयराया, निक्खंतो काउ निम्मलं चरणं ।
थोवेण वि कालेणं, संपत्तो जयउ सव्वट्ठे ॥४५॥

टीका : *पुष्कलावत्यां विजये पुण्डरीकिण्या नगर्याः स्वामी लघुभ्रातुः कण्डरीकस्य कर्म्मदुर्विलसितं घोरं चारित्रत्यागरूपं दृष्ट्वा श्रीपुण्डरीको राजा निष्क्रान्तः, निर्मलं चारित्रं कृत्वा स्तोकेनापि कालेन सर्वार्थं प्राप्तो जयतु ॥४४-४५॥*

गाथार्थ : પુષ્કલાવતીવિજયમાં પુંડરીકિણીનગરીના રાજા પુંડરીકે પોતાના નાના ભાઈ કંડરીકના વ્રતનો ત્યાગ કરવા રૂપ કર્મના વિલાસને જોઈ પોતે દીક્ષા લીધી અને તેમણે નિર્મળ ચારિત્રનું પાલન કરી થોડા કાળમાં પણ સર્વ પ્રકારે સિદ્ધિ પ્રાપ્ત કરી તે **શ્રી પુંડરીકમુનિ** જય પામો. (૪૪-૪૫)

श्लोक : **वीरजिणपुव्वपियरो, देवाणंदा य उसभदत्तो य ।**
इक्कारसंगविउणो, होऊणं सिवसुहं पत्ता ॥४६॥

टीका : *वीरजिनस्य पूर्वौ पितरौ देवानन्दा ऋषभदत्तश्च एकादशाङ्गविदौ भूत्वा शिवसुखं प्राप्तौ ॥४६॥*

गाथार्थ : શ્રી વીરપરમાત્મા પૂર્વના માતાપિતા **દેવાનંદા** અને **ઋષભ-દત્ત શ્રેષ્ઠી** (પ્રભુ પાસે ચારિત્ર સ્વીકારી) અગીયાર અંગનું અધ્યયન કરી મુક્તિસુખને પામ્યાં. (તેમને વંદન કરું છું.) (૪૬)

श्लोक : संबुद्धो दट्ठूणं, रिद्धिं वसहस्स जो अरिद्धिं च ।
सो करकण्डू राया, कलिंगजणवयवई जयउ ॥४७॥

टीका : *गोकुलस्य वृषभस्य तारुण्ये ऋद्धिं रूपादिलक्ष्मीं वार्द्धके अनृद्धिं रूपादिहानिं च विलोक्य यः सम्बुद्धः स करकण्डूराजा कलिङ्ग-जनपदपतिर्जयतु ॥४७॥*

ગાથાર્થ : ગોકુલમાં રહેલા બળદની યુવાવસ્થામાં રૂપ વગેરે સમૃદ્ધિને અને વૃદ્ધાવસ્થામાં નિસ્તેજપણું જોઈને જે બોધ પામ્યા તે કલિંગદેશના અધિપતિ **કરકંડૂરાજા** જય પામો. (૪૭)

श्लोक : पंचालदेसअहिवो, पूअमपूअं च इंदकेउस्स ।
दट्ठुं विरत्तकामो, पव्वइओ दोमुहनरिंदो ॥४८॥

टीका : *पञ्चालदेशाधिपः द्विमुखनरेन्द्रः इन्द्र-महेन्द्रकेतोः पूजां, अन्यथा(दा) तिर्यक्पतितस्य पादघर्षणादिरूपामपूजां च दृष्ट्वा विरक्तकामः प्रव्रजितः ॥४८॥*

ગાથાર્થ : પંચાલ દેશના અધિપતિ **દ્વિમુખરાજા** ઈન્દ્રસ્તંભની થતી પૂજા અને ત્યારપછી નીચે પડેલા તે સ્તંભની અવદશાને જોઈને વૈરાગ્ય પામ્યા અને તેમણે પ્રવ્રજ્યા અંગીકાર કરી. (તેમને વંદન કરું છું) (૪૮)

श्लोक : सुच्चा बहूण सद्दं, वलयाणमसद्दयं च एगस्स ।
बुद्धो विदेहसामी, सक्केण परिक्खिओ य नमी ॥४९॥

टीका : *देहे प्रलापे (दाहज्वरे) संजाते सति राज्ञ्यां चन्दनं घर्षन्त्यां बहूनां वलयानां शब्दं श्रुत्वा कर्णयोरसुखे जायमाने सर्वेषु वलयेषूत्तारितेषु एकस्य चाशब्दं ज्ञात्वा, अहो ! एवं यदि बहवो जना मिलन्ति तदा कलहादिशब्दा जायन्ते, एकस्मिंश्चाश्रुते समाधिर्भवतीति ध्यात्वा प्रलाप(दाहज्वर)शान्तौ विदेहदेशस्वामी नमिर्बुद्धः ततो नगरीदाहं विकुर्व्य शक्रेण परीक्षितः ॥४९॥*

ગાથાર્થ : પોતાના શરીરમાં દાહજ્વર પેદા થયે છતે, તે માટે ચંદનનો ઘસારો કરતી રાણીના ઘણા કંકણોનો અવાજ સાંભળીને કાનમાં પીડા થઈ પછી બધા વલય ઉતારી એક જ વલય રાખતા અવાજ ઓછો થયો. તે ઘટના જાણીને 'અહો ! આ રીતે જો ઘણા માણસો ભેગા થાય તો ક્લેશાદિ શબ્દ ઉત્પન્ન થાય છે પણ એક જ હોય તો તેમાં અવાજ ન થવાથી સમાધિ રહે છે' એમ વિચારી દાહની શાંતિ થતા વિદેહ દેશના સ્વામી એવા **નમિરાજાએ** પ્રતિબોધ પામી દીક્ષા લીધી. પછી સૌધર્મેંદ્રે બળતી નગરી બતાવવા દ્વારા તેમની પરીક્ષા કરી. (૪૯)

श्लोक : उप्फुल्लपल्लवं विगयपल्लवं तह य दट्ठुं चूयतरुं ।
गंधाररायवसहो पडिवन्नो नग्गई मग्गं ॥५०॥

टीका : *गन्धारराजवृषभो गन्धारदेशस्वामी नगतिनामा चूततरुं आम्रवृक्षं राजवाटिकां गच्छन् उत्फुल्लपल्लवं विकस्वरमञ्जरीकं तथा च स्वहस्तेनाम्रपल्लवग्रहणे सैन्येन सर्वपत्रेषु (सर्वपत्रगहणे) राजवाटिकातो वलितो विगतपल्लवं दृष्ट्वा विरक्तः सन् मुक्तिमार्गं चारित्ररूपं प्रतिपन्नः ॥५०॥*

ગાથાર્થ : ગંધાર દેશના સ્વામી નગ્ગતિ રાજા કે જેઓ ઉદ્યાન તરફ જતા ખીલેલી મંજરીઓ અને ખીલેલા પાંદડાવાળા આંબાના ઝાડને જોઈ, પોતાના હાથે એક પાંદડું લે છે પછી સેનાએ બધા પાંદડાઓ તોડી લીધા તેથી તે વૃક્ષની શોભા હણાઈ ગઈ. હવે રાજ-ઉદ્યાનથી પાછા વળતા રાજાએ તે પાંદડાવિહોણા વૃક્ષને જોઈને વૈરાગ્યવાસિત બન્યાં અને ચારિત્રરૂપ મુક્તિમાર્ગને સ્વીકારી લીધો. (તેમને નમું છું) (૫૦)

श्लोक : नयरम्मि खिइपइट्ठे चउरो वि परुप्परं समुल्लावं ।
अकरिंसु तत्थ जाओ जक्खो भत्तीइ चउवयणो ॥५१॥

श्लोक : पुप्फुत्तराउ चवणं, पव्वज्जा तह य तेसि समकालं ।
पत्तेयबुद्धकेवलि-सिद्धिगया एगसमएणं ॥५२॥

टीका : *क्षितिप्रतिष्ठिते नगरे पुरबहिस्थचतुर्द्वारयक्षचैत्ये चतुर्दिग्भ्य आगताश्चत्वारोऽपि मिलिताः परस्परं समुल्लापं 'जया रज्जं च रहं च पुरं अंतेउरं तहा । सव्वमेयं परिच्चज्ज संचयं किं करेसि भो ?' ॥ इत्यादिरूपं अकार्षुः । तत्र भक्त्या यक्षः चतुर्मुखो जातः॥*

टीका : *तेषां प्राणतदेवलोकात् पुष्पोत्तरविमानात् समकालं च्यवनं तथैव तेषां समकालं जन्म (प्रव्रज्या) । प्रत्येकबुद्धाः सन्तः [केवलिनो भूत्वा] एकसमयेन सिद्धिं गताः ॥५१-५२॥*

ગાથાર્થ : ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં નગરીની બહાર રહેલા ચાર દ્વારવાળા યક્ષના મંદિરમાં ચારે દિશામાંથી આવીને ચારે મહાત્માઓ મળ્યા અને પરસ્પર આ પ્રમાણે વાર્તાલાપ કરવા લાગ્યા કે

'જે રીતે તમે રાજ્યને, રથને, નગરને અને અંતઃપુરને છોડ્યું તેવી રીતે આ બધું પણ છોડવું જોઈએ. સંગ્રહ કેમ કરો છો? વગેરે. ત્યાં ભક્તિથી યક્ષે પોતાના ચાર રૂપ વિકુર્વ્યા. તે ચારેય પ્રત્યેકબુદ્ધ મુનીશ્વરોનું પ્રાણત દેવલોકના પુષ્પોત્તર વિમાનમાંથી સાથે ચ્યવન થયું હતું. તેઓના એક જ કાળે જન્મ અને દીક્ષા થયા હતાં અને પ્રત્યેકબુદ્ધ થયેલા તેઓ કેવળી થઈ એક સમયે સિદ્ધ થયાં. (તેમને વંદન કરું છું) (૫૧-૫૨)

श्लोक : वीरजिणकहियसत्तमपुढवी-सव्वट्ठसिद्धगइजोग्गो ।
नंदउ पसन्नचंदो, तक्कालं केवलं पत्तो ॥५३॥

टीका : *वीरजिनकथितसप्तमपृथ्वीसर्वार्थसिद्धि(द्ध)गतियोग:(ग्य:) । कोऽसौ ? श्रेणिकसैन्ये गच्छति दुर्मुखवचनात् चलितध्यानं प्रसन्नचन्द्रं बाह्यतो ध्यानस्थं दृष्ट्वा श्रेणिक: श्रीवीरं पृष्टवान् क्वासौ मुनिर्गच्छति गमिष्यति ?, प्रभु: प्रथमपृच्छायां सप्तमपृथ्वीयोग्यं द्वितीयपृच्छायां च सर्वार्थसिद्धिं(द्धगतियोग्यं) चाख्यात् । तत: प्रसन्नचन्द्र: क्षपकश्रेण्या तत्कालं केवलं प्राप्तो नन्दतु ॥५३॥*

ગાથાર્થ : શ્રી વીરપ્રભુએ જેમને પહેલા સાતમી નરક અને પછી સર્વાર્થ સિદ્ધની ગતિ કહી તે કોણ ? શ્રી મહાવીરદેવના સમવસરણ તરફ શ્રેણિકમહારાજાનું સૈન્ય જઈ રહ્યું હતું ત્યારે દુર્મુખદૂતના વચનથી જેમનું ધ્યાન ચલિત થયું તે. બાહ્યથી ધ્યાનસ્થ એવા પ્રસન્નચંદ્રરાજર્ષિને જોઈને શ્રેણિક રાજાએ શ્રી વીરપ્રભુને પૂછ્યું કે આ મુનિ અહીંથી ક્યાં જશે? પ્રભુએ તેમને સાતમી નરકને યોગ્ય કહ્યાં, પ્રભુનું

વચન ન સમજાતાં શ્રેણિકમહારાજાએ ફરીથી એ જ પ્રમાણે પૂછ્યું, ત્યારે પ્રભુએ સર્વાર્થસિદ્ધવિમાનને યોગ્ય કહ્યાં. ત્યાર પછી પ્રસન્નચંદ્રે તરત જ ક્ષપકશ્રેણિ વડે કેવળજ્ઞાનને પ્રાપ્ત કર્યું તે **પ્રસન્નચંદ્ર રાજર્ષિ** જય પામો. (૫૩)

श्लोक : पिउतावसउवगरणं, पमज्जयंतस्स केवलं नाणं ।
उप्पन्नं जस्स जए, वक्कलचीरिस्स तस्स नमो ॥५४॥

टीका : *ज्येष्ठभ्रात्रा प्रसन्नचन्द्रेण पितृतापसस्य सोमचन्द्रस्य पार्श्वात् अरण्यात् आनीतो बहुकन्याः परिणायितो द्वादशवर्षेषु पुनः स्मृतपितृस्नेहो राज्ञा सह तापसाश्रमं[यो] गतः, पितृतापसोपकरणं वल्कलादि वस्त्रान्तेन प्रमार्जयतः पूर्वभवपात्रकप्रतिलेखनस्मृत्या गृहिवेषेऽपि जगति यस्य केवलज्ञानं समुत्पन्नं तस्मै वल्कलचीरिणे नमः ॥५४॥*

ગાથાર્થ : મોટા ભાઈ પ્રસન્નચંદ્ર જેમને પોતાના પિતા સોમચંદ્ર તાપસ પાસેથી વનમાંથી લાવ્યા અને ઘણી કન્યાઓ પરણાવી. ૧૨ વર્ષે ફરીથી પિતાના સ્નેહને યાદ કરીને રાજા પ્રસન્નચંદ્ર સાથે તાપસ સોમચંદ્રના આશ્રમમાં ગયા. તાપસ-પિતાના ઉપકરણોને વસ્ત્રના છેડા વડે સાફ કરતાં કરતાં, પોતે પૂર્વભવમાં કરેલ પાત્રના પડિલેહણની સ્મૃતિ થવાથી ગૃહસ્થવેષમાં પણ જેમને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું હતું તે **વલ્કલચીરીને** નમસ્કાર થાઓ. (૫૪)

श्लोक : जं चेव य जाणामी, तं चेव न व त्ति भणिय पव्वइओ ।
अइमुत्तरिसी सिरिवीर-अंतिए चरमदेहधरो ॥५५॥

टीका : *पोलासनगरे श्रीवीरसमवसृते श्रीगौतमे भिक्षायै पुरमध्ये प्रविष्टे श्रीविजयश्रीदेवीसुतोऽतिमुक्तकः सुलक्षणो गौतमं दृष्ट्वा मां सार्द्धं नयत इति वदन् गौतमेन पित्रोरनुमतिं विना नाकारयामीति (?) [न नयामीति । ततो यदेवाहं जानामि तदेव] न वेद्मीति भणित्वा अनुज्ञापराभ्यां पितृभ्यां एकदिनदत्तराज्यो द्वितीयेऽह्नि श्रीवीरान्तिके प्रव्रज्य(जितः) अष्टवार्षिकोऽतिमुक्तकर्षिर्वर्षाकाले जलगर्त्ते पात्रकतारणवृत्तं तन्निवृत्तये ईर्यापथं प्रतिक्रामन् केवली भूत्वा कालेन चरमदेहधरो मुक्तिं जगाम ॥५५॥*

ગાથાર્થ : પોલાસપુરનગરમાં શ્રી વીરપરમાત્મા સમવસર્યા હતાં. શ્રી ગૌતમસ્વામીજી મહારાજાએ ગોચરી માટે નગરમાં પ્રવેશ કર્યો એ ત્યારે શ્રીવિજય અને શ્રીદેવીના લક્ષણવંતા પુત્ર અતિમુક્તકે તેમને જોઈને 'મને સાથે લઈ જાઓ' એમ કહ્યું ત્યારે ગૌતમસ્વામીજીએ કહ્યું કે 'માતા-પિતાની અનુમતિ વગર ન લઈ જાઉં' તેથી 'હું જે જાણું છું તે કહી શકતો નથી' એ પ્રમાણે કહી માતા-પિતાની અનુજ્ઞા લીધી. પછી માતા-પિતાએ તેને એક દિવસનું રાજ્ય આપ્યું. બીજા દિવસે શ્રી વીરપરમાત્માના ચરણોમાં તેણે દીક્ષા ગ્રહણ કરી. આઠ વર્ષના અતિમુક્તક મુનિએ વર્ષાઋતુમાં પાણીના ખાબોચીયામાં પાત્ર તરતું મૂક્યું. પછી તે પાપથી બચવા માટે 'ઈરિયાવહિયા' પડિક્કમતાં કેવળજ્ઞાન પામ્યા. અને સમય થતાં ચરમશરીરી એવા તે **અતિમુક્તકમુનિ** મુક્તિને પામ્યાં. (તેમને નમું છું) (૫૫)

श्लोक : कुमरं सत्थाहवहुं, मंतिं मिंठं च जो उ पव्वावे ।
संबुद्धो गीईए, तं वंदे खुड्डगकुमारं ॥५६॥

टीका : *प्रथमं गुरु-उपाध्याय-प्रवर्त्तिनी-मातृभिः[पृथक् पृथग्] द्वादशवर्षाणि यावत् रक्षितोऽपि निर्गतः स साकेतपुरे पितृराज्यार्थं गतः राजसभायां नाट्ये 'सुट्ठु गाइय'त्ति गणिकागीतिकया सम्बुद्धः [यस्तु कुमारं युवराजानं, सार्थवाहपत्नीं, मन्त्रिणं, महामात्रं च प्राव्राजयत् तं क्षुल्लककुमारं वन्दे] ॥५६॥*

ગાથાર્થ : પહેલા ગુરુ, ઉપાધ્યાય, પ્રવર્ત્તિની સાધ્વીજી-માતા સાધ્વીજી આ બધા દ્વારા (જુદા-જુદા) બાર બાર વર્ષ સુધી રોકાયેલા અને પછી (દીક્ષા છોડી) નીકળેલા તે (ક્ષુલ્લક મુનિ) સાકેતપુરનગરમાં પિતાના રાજયને માટે ગયાં. ત્યાં રાજસભામાં નાટકની અંદર 'સારુ ગાયું' (હજીપણ સારું ગાઓ) એ પ્રમાણે વેશ્યાની ગીતપંક્તિ વડે બોધ પામેલા અને જેમણે રાજકુમારયુવરાજને, સાર્થવાહ પત્નીને, મંત્રીને અને મહાવતને દીક્ષિત બનાવ્યા તે **ક્ષુલ્લકકુમારને** હું વંદન કરું છું. (૫૬)

श्लोक : धन्नो सो लोहिच्चो, खंतिखमो पवरलोहसरिवण्णो ।
जस्स जिणो पत्ताओ, इच्छइ पाणीहि भुत्तुं जे ॥५७॥

टीका : *धन्यः स लोहित्यमुनिः क्षान्तो (क्षान्त्या) क्षमते सहते नत्वसामर्थ्यात् इति क्षान्तिक्षमः प्रवरलोहसदृशवर्णः श्यामवर्णत्वात् । यस्य पात्रात् जिनः श्रीवीरः पाणिभ्यां 'भुत्तुं' भोक्तुं इच्छति तदानीतं श्रीवीरो भक्तं नित्यं प्रार्थयति (अभिलषति) । 'जे' इति पादपूरणे ॥५७॥*

ગાથાર્થ : અશક્તિથી નહિં પણ ક્ષમાથી જેઓ (પરીષહાદિને) સહન કરે છે અને શ્યામવર્ણના હોવાથી લોઢા જેવા વર્ણવાળા

લોહિત્ય મુનિ ધન્ય છે-કે જેમના પાત્રમાંથી પરમાત્મા શ્રી વીરપ્રભુ સ્વહસ્તવડે વાપરવાને ઈચ્છે છે, જેમણે લાવેલ આહાર સદા શ્રી વીરપ્રભુ ગ્રહણ કરે છે, તે **લોહિત્ય મુનિને** ધન્ય છે. (૫૭)

श्लोक : जोऽसेसकम्मवल्लिं, अट्ठविहं छिंदिउं निरवसेसं ।
सिद्धिवसहिमुवगओ, तमहं लोहं नमंसामि ।।प्र० १३।।

टीका : *योऽशेषाणि-समस्तानि यानि कर्माणि-ज्ञानावरणीयादीनि तान्येव गुपिलत्वाद् वल्लिरिव वल्लिस्तां अष्टविधामष्टप्रकारां छित्त्वा निरवशेषां समूलतः सिद्धिलक्षणोपाश्रयं उपगतः प्राप्तः तमहं लोहर्षिं नमस्यामि ॥१३॥*

ગાથાર્થ : જે જ્ઞાનાવરણીય વગેરે આઠે પ્રકારની સઘળી કર્મલતાઓને સંપૂર્ણપણે છેદીને સિદ્ધિપુરીને પામ્યા છે તે **લોહર્ષિને** હું નમસ્કાર કરું છું. (પ્ર૦ ૧૩)

श्लोक : जेणेगराइआए, दंसमसअहियासिया उवसग्गा ।
वोसट्ठचत्तदेहं, तमहं वंदे समणभद्दं ।।प्र० १४।।

टीका : *येन एकस्यां रात्रौ भवा एकरात्रिकी तस्यामेकरात्रिक्यां प्रतिमायां दंशमशकभक्षणलक्षणा उपसर्गा अध्यासिताः, तं व्युत्सृष्टत्यक्तदेहं अहं श्रमणभद्रं वन्दे ॥१४॥*

ગાથાર્થ : જેમણે એકરાત્રિકી પ્રતિમામાં ભીષણ એવા ડાંસ મચ્છરોએ કરેલ ઉપસર્ગોને સહન કર્યા અને જેમણે દેહની મમતાને છોડી દીધી છે તે **શ્રમણભદ્રને** હું વંદન કરું છું. (પ્ર૦ ૧૪)

श्लोक : भोगेसु अरज्जंतो, धम्मं सोऊण वद्धमाणस्स ।
सो समणो पव्वइओ, सुपइट्ठरिसिं नमंसामि ।।प्र० १५।।

श्लोक : जो वागरिओ वीरेण, सिंहनिक्कीलिए तवोकम्मे ।
ओसप्पिणीए भरहे, अपच्छिमो स त्ति तं वन्दे ।।प्र० १६।।

टीका : *भोगेषु शब्दादिषु अरज्यन् रागमकुर्वन् धर्मं श्रुतचारित्ररूपं श्रुत्वा वर्द्धमानस्वामिनोऽन्तिके स श्रमण: प्रव्रजित: तं सुप्रतिष्ठर्षिं नमंसामि-नमस्यामि ॥*

य:सुप्रतिष्ठर्षि:व्याकृत:व्याख्यात:वीरेणसिंहनिष्क्रीडिताख्येतप:कर्मणि अवसर्पिण्यां भरतक्षेत्रे अन्तिम एष इति, तं वन्दे ॥१५-१६॥

ગાથાર્થ : શબ્દાદિ પાંચેય પ્રકારના ભોગસુખોમાં રાગ ન ધરનારા અને શ્રી વીરપ્રભુ પાસે ધર્મ સાંભળી દીક્ષા સ્વીકારનારા તેમજ શ્રી વીરપરમાત્માએ જેમને આ ભરતક્ષેત્રમાં અને આ અવસર્પિણીમાં **સિંહનિષ્ક્રીડિત** નામના તપ કરનારામાં છેલ્લા કહ્યાં છે તે **સુપ્રતિષ્ઠઋષિ**ને હું વંદન કરું છું. (પ્ર૦ ૧૫-૧૬)

શ્લોક : धण-कणय-रयणपउरो, जेणं संसारवासभीएणं ।
मुक्को कुडुंबवासो, तं सिरसा सुव्वयं वंदे ।।प्र० १७।।

टीका : *धनं-द्रम्मादि, कनकं-काञ्चनं, रत्नानि-कर्केतनादीनि, तै: प्रचुर:, कुटुम्बे वास: कुटुम्बवास: येन संसारवासभीतेन मुक्त: त्यक्त: तं सुव्रतर्षिं शिरसा मस्तकेन वन्दे ॥१७॥*

ગાથાર્થ : ધન-સોનું-કર્કેતનાદિ રત્નો વગેરેથી ભર્યો ભર્યો ગૃહવાસ

જેમણે સંસારમાં રહેવાના ડરથી ત્યાગી દીધો તેવા **સુવ્રતઋષિને** હું વંદન કરું છું. (પ્ર૦ ૧૭)

श्लोक : जेण कयं सामन्नं, छम्मासे झाण-संजमरएणं ।
तं मुणिमुदारकित्तिं, गोभद्दरिसिं नमंसामि ।।प्र० १८।।

टीका : *येन कृतमनुष्ठितं श्रामण्यं षण्मासान् यावत् ध्यानसंयमरतेन तं मुनिमुदारा कीर्त्तिर्यस्य तं गोभद्रर्षिं श्रीशालिभद्रपितृमुनिं नमंसामि-नमस्यामि ॥१८॥*

ગાથાર્થ : છ મહિના સુધી ધ્યાન અને સંયમમાં તત્પર રહીને જેમણે ચારિત્રનું પાલન કર્યું તે પ્રશસ્તકીર્તિવાળા, શાલિભદ્રના પિતામુનિ **શ્રી ગોભદ્રઋષિને** હું નમસ્કાર કરું છું. (પ્ર૦ ૧૮)

श्लोक : वारत्तपुरे जायं, सोहम्मवडिंसया चइत्ताणं ।
सिद्धिं विहुयरयमलं, वारत्तरिसिं नमंसामि ।।प्र० १९।।

टीका : *वारत्तकपुरे जातमुत्पन्नं सौधर्मावतंसकादिश्रियं त्यक्त्वा सिद्धिं मुक्तिं विधुतरजोमलं प्राप्तमिति गम्यं वारत्तर्षिं नमंसामि-नमस्यामि ॥१९॥*

ગાથાર્થ : જેઓ વારત્તકપુરમાં ઉત્પન્ન થયા, કર્મમળથી મુકત થયા અને પહેલા દેવલોક સમી ઋદ્ધિનો ત્યાગ કરીને મુક્તિ પામ્યા તે **વારત્તઋષિને** હું નમસ્કાર કરું છું. (પ્ર૦ ૧૯)

श्लोक : छट्ठेणं छम्मासे, सहित्तु अक्कोसतालणाईणि ।
अज्जुणमालागारो, खवित्तु परिणिव्वुओ कम्मे ।।५८।।

टीका : *षष्मासान् यावत् षष्ठेन तपसा लोकानामाक्रोशताडनादीनि सहित्वा अर्ज्जुनो नाम आरामिकः कर्म्माणि क्षिप्त्वा (क्षपयित्वा) परिनिर्वृतः [मुक्तिं गतः] माली मालाकारः ॥५८॥*

ગાથાર્થ : છ મહિના સુધી છટ્ઠ કરવા પૂર્વક જેઓએ લોકોના આક્રોશ તાડન વગેરે સહન કર્યા તે **અર્જુનમાલી** મુનિ કર્મોને ખપાવીને મુક્તિને પામ્યાં. (તેમને વંદન કરું છું.) (૫૮)

श्लोक : **माहणमहिलं सपइं, सगब्भमवि छित्तु पत्तवेरग्गो ।**
घोरागारं च तवं, काउं सिद्धो दढप्पहारी ॥५९॥

टीका : *ब्राह्मणमहिलां ब्राह्मणीं सभर्तृकां सगर्भामपि छित्त्वा प्राप्तवैराग्यः घोराकारं अतिघोरं तपः कृत्वा । अन्यत्र सगर्भा गौः हतेति श्रूयते अत्र तु ब्राह्मणः ब्राह्मणी सगर्भा इत्येव । [सिद्धः दृढप्रहारी] ॥५९॥*

ગાથાર્થ : સગર્ભા એવી બ્રાહ્મણીને પતિ સહિત મારીને વૈરાગ્ય પામેલા અને અતિ ઘોર તપ કરીને **દઢપ્રહારી** સિદ્ધ થયાં. (તેમને નમું છું) બીજે ગર્ભવતી ગાય હણી એમ સંભળાય છે, અહીં તો બ્રાહ્મણ અને સગર્ભા બ્રાહ્મણીને હણી એમ જ કહ્યું છે. (૫૯)

श्लोक : **जाइसरं राजसुयं, खंतिजुयं कूरगड्डुयं वंदे ।**
चउरो वि तहा खवगे, पंच वि सिवमयलमणुपत्ते ॥६०॥

टीका : *जातिस्मरणसहितं राजसुतं क्षमायुक्तं कूरगडुकं वन्दे, तथा चतुरोऽपि क्षपकान् वन्दे । कथम्भूतान् ? पञ्चापि अचलं शिवमनुप्राप्तान् ॥६०॥*

ગાથાર્થ : જાતિસ્મરણથી યુક્ત, રાજાના કુમાર અને ક્ષમાગુણના સ્વામી એવા **કૂરગડુ મુનિવર** તથા ચારેય માસક્ષમણ કરનારા મુનિવરોને કે જે પાંચેય શિવપદને પામ્યા, તેમને હું વંદન કરું છું. (૬૦)

श्लोक : कोडिन्न-दिन्न-सेवाल, नामए पंचपंचसयकलिए ।
पडिबुद्धे गोयमदंसणेण पणमामि सिद्धे य ॥६१॥

श्लोक : *अत्र कोटिन्नदिन्नसेवालनामतः (नाम्नः) पञ्चपञ्चशततपस्विकलितान् गौतमदर्शनेन प्रतिबुद्धान् सिद्धान् प्रणमामि ॥६१॥*

ગાથાર્થ : પાંચસો પાંચસો તાપસોથી પરિવરેલા, ગૌતમસ્વામીના દર્શનથી પ્રતિબોધ પામેલા એવા **કોડિન્ન**, **દિન્ન** અને **સેવાલ** નામના તાપસ મુનિવરો સિદ્ધિપદને પામ્યા તેમને હું નમસ્કાર કરું છું. (૬૧)

श्लोक : एगस्स खीरभोयण-हेऊ नाणुप्पया मुणेयव्वा ।
बीयस्स य परिसाए, दिट्ठाए जिणम्मि तइयस्स ॥६२॥

टीका : *क्षीरभोजनं हेतुः कारणं यस्य ज्ञानोत्पादस्य स एकस्य क्षीरभोजन-हेतुर्ज्ञानोत्पादो ज्ञातव्यः, द्वितीयस्य पर्षदि दृष्टायां, तृतीयस्य जिने दृष्टे ज्ञानोत्पादो ज्ञातव्यः ॥६२॥*

ગાથાર્થ : કે જેઓમાંથી એક કોડિન્નને તથા તેમના પાંચસો શિષ્યોને ખીરનું ભોજન કેવળજ્ઞાનની ઉત્પત્તિનો હેતુ બન્યો. બીજા દિન્નને તથા તેમના પાંચસો શિષ્યોને પ્રભુની પર્ષદાના દર્શનથી કેવળજ્ઞાન થયું અને ત્રીજા સેવાલ તથા પાંચસો શિષ્યો પરમાત્માના દર્શનમાત્રથી કેવળજ્ઞાનને પામ્યાં. (તેમને નમું છું) (૬૨)

श्लोक : विप्परिवडियविभंगो, संबुद्धो वीरनाहवयणेणं ।
सिवरायरिसी एक्कारसंगवी जयउ सिद्धिगओ ॥६३॥

टीका : *विप्रतिपतितविभङ्गः श्रीवीरनाथवचनेन सम्बुद्धः शिवराजर्षिः एकादशाङ्गवित् सिद्धिं गतः । येन परदर्शनधर्म्मे स्थितेन विभङ्गज्ञानतः सप्तद्वीपवती पृथ्वी दृष्टा । नातः परं ज्ञानशक्तिः । एष स शिवराजर्षिः श्रीवीरेण प्रतिबोधितो जैनदीक्षामग्रहीत् । विभङ्गज्ञानं सम्यक्त्वारोपादवधिज्ञानं जातं अत एव विशेषेण प्रतिपतितविभङ्गः ॥६३॥*

ગાથાર્થ : પરદર્શનમાં રહેલા જેઓએ વિભંગજ્ઞાનથી સાત દ્વીપવાળી પૃથ્વીને જોઈ હતી. કેમકે તેથી અધિક જ્ઞાનની શક્તિ ન હતી. તે શિવરાજર્ષિ શ્રી વીરપ્રભુના વચનથી બોધ પામ્યા અને પરમાત્માના ચરણકમલમાં દીક્ષા ગ્રહણ કરી અગીયારઅંગના ધારક થયા અને મુક્તિને પામ્યાં. સમ્યક્ત્વના પ્રાપ્ત થવાથી વિભંગજ્ઞાનીમાંથી અવધિજ્ઞાની બનેલા તે **શિવરાજર્ષિ** જય પામે છે. (૬૩)

श्लोक : चउसट्ठिकरिसहस्सा, चउसट्ठिसअट्ठदंतअट्ठसिरा ।
दंते य एगमेगे, पुक्खरिणीओ य अट्ठट्ठ ॥६४॥
अट्ठट्ठ लक्खपत्ताइं, तासु पउमाइं हुंति पत्तेयं ।
पत्ते पत्ते बत्तीस-बद्धनाडयविही दिव्वो ॥६५॥
एगेग कण्णियाए, पासायवडिंसओ य पइपउमं ।
अग्गमहिसीहि सद्धिं, उवगिज्जंते तहिं सक्के ॥६६॥
एयारिसइड्ढीए, विलग्गमेरावणम्मि दट्ठु हरिं ।
राया दसन्नभद्दो, निक्खंतो पुण्णसपइण्णो ॥६७॥

टीका : *चतुःषष्टिकरिसहस्रा इन्द्रेण कृता इति । 'चउसट्ठि ××××× अट्ठसिरा' चतुःषष्टिरष्टगुणा [क्रियते ततः] यावानङ्कस्तावान् शिरसः । कोऽर्थ ? एकैकस्मिन् दन्तेऽष्टौ अष्टौ पुष्करिण्यः । तासु पुष्करिणीषु अष्टौ अष्टौ पद्मानि, प्रत्येकं प्रत्येकं कथम्भूतानि ? लक्षपत्राणि । पत्रे पत्रे द्वात्रिंशद्बद्धनाटकविधिः । कथम्भूतः ? दिव्यो देवकृत इत्यर्थः । प्रतिपद्मंप्रतिकमलं कर्णिकायां कर्णिकायां एकः प्रासादावतंसकः प्रधानप्रासादस्तत्र प्रासादे प्रासादे अग्रमहिषीभिः सार्द्धं शक्रे इन्द्रे उपगीयमाने देवैरिति शेषः । एतावान् समुदायः समेतीति । एतादृशा ऋद्ध्या ऐरावणगजे विलग्नं आरूढं दृष्ट्वा राजा दशार्णभद्रः पूर्णस्वप्रतिज्ञः निष्क्रान्तः ॥६४-६७॥*

ગાથાર્થ : શ્રી દશાર્ણભદ્રરાજાનો વૃત્તાંત કહે છે : ચોસઠ હજાર હાથી ઈન્દ્રે વિકુર્વ્યા એમ સમજવું. ચોસઠને આઠે ગુણતા જે આંક આવે તેટલા મસ્તકો, એટલે કે એકેક હાથીને (ઉપર) પાંચસોને બાર મસ્તક એમ સમજવું. એકેક હાથીના તે દરેક મસ્તકના મોઢામાં આઠ-આઠ દાંત. તે તે દરેક દાંત પર આઠ આઠ વાવડીઓ. તે દરેક વાવડીમાં આઠ આઠ કમળો. તે દરેક દરેક કમળ પણ લાખ-લાખ પાંદડાવાળું સમજવું. તે દરેક પાંદડા ઉપર બત્રીશબદ્ધ નાટક ચાલતું હતું. તે પણ દિવ્ય એવું નાટક. વળી દરેક કમળની કર્ણિકાના મધ્યભાગમાં ૧-૧ શ્રેષ્ઠ મહેલ જાણવો. તે દરેક મહેલમાં રહેલા દેવો પટ્ટરાણીઓથી પરિવરેલા, ઈન્દ્ર મહારાજાના ગુણ-ગાન કરી રહ્યા છે એમ જાણવું. આટલું મળીને આ બધો સઘળોય સમુદાય થાય છે. આવા પ્રકારની ઋદ્ધિ વડે ઐરાવણ હાથી પર ચઢેલા ઈન્દ્ર મહારાજાને જોઈને આશ્ચર્ય પામેલા દશાર્ણભદ્રરાજાએ દીક્ષા લઈને પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરી. (૬૪-૬૭)

श्लोक : नवपुव्वी जो कुंचग-मवराहिणमवि दयाइ नाइक्खे ।
तं नियजियनिरविक्खं नमामि मेयज्जमंतगडं ॥६८॥

टीका : *यो नवपूर्वज्ञाता अपराधिनमपि क्रौञ्चं दयया नाचख्यौ सुवर्ण्णकारस्येति, तं मेतार्यं निजजीवनिरपेक्षं नमामि । किं विशिष्टं ? अन्तकृतम् ॥६८॥*

ગાથાર્થ : નવપૂર્વના જ્ઞાતા જેમણે અપરાધી એવા પણ ક્રૌંચપક્ષી સંબંધી વાત દયાના કારણે સોનીને ન કરી અને પોતાના જીવ પ્રત્યે પણ અપેક્ષા વગરના એવા તે **મેતાર્યમુનિ** અંતકૃત્ કેવળી થયા. તેમને હું નમસ્કાર કરું છું. (૬૮)

श्लोक : रायगिहम्मि पुरवरे, समुदाणट्ठा कयाइ हिंडंतो ।
संपत्तो तस्स घरे, सुवन्नगारस्स पावस्स ॥प्र० २०॥
निप्फेडियाणि दुन्नि वि, सीसावेढेण जस्स अच्छीणि ।
न य संजमाउ चलिओ, मेयज्जो मंदरगिरि व्व ॥प्र० २१॥

टीका : *राजगृहे पुरवरे भिक्षार्थं कदाचिद् हिण्डन् तस्य पापस्य सुवर्णकारस्य गृहे सम्प्राप्तः । यस्य द्वे अपि अक्षिणी शीर्षविष्टेन शिरोबन्धनेन निस्फेटिते निष्काशिते । न च संयमात् चलितः मेतार्यः, क इव ? मेरुगिरिरिव ॥२०-२१॥*

ગાથાર્થ : એક વખત શ્રેષ્ઠ એવા રાજગૃહ નગરમાં ભિક્ષા માટે ફરતા મહાત્મા તે પાપાત્મા એવા સોનીના ઘરે પહોંચ્યા. તે સોનીને પોતાના જવલા અંગે શંકા પડતાં, તેણે તે મહાત્માના મસ્તકે વાધરવીંટી ઉપસર્ગ કર્યો તેથી તે મહાત્માની બને આંખો બહાર કાઢી નાંખી. છતાં તે **મેતાર્ય મુનિવર** મેરૂની જેમ સંયમથી-ધ્યાનથી જરાપણ ચલિત થયા નહીં.(પ્ર૦ ૨૦-૨૧)

श्लोक : अभिरूढो वंसग्गे, मुणिपवरे दट्ठु केवलं पत्तो ।
जो गिहिवेसधरो वि हु, तमिलापुत्तं नमंसामि ॥६९॥

टीका : *यः गृहस्थवेषधरोऽपि मुनिप्रवरान् दृष्ट्वा केवलं प्राप्तः । कथम्भूतः ? वंशाग्रे अधिरूढः । तं इलापुत्रं नमस्यामि ॥६९॥*

ગાથાર્થ : નાચવા માટે વાંસના અગ્રભાગ ઉપર ચડેલા ઈલાપુત્ર, મુનિવરને જોતાં જ ગૃહિવેષમાં કેવળજ્ઞાન પામી ગયા. તે ઈલાપુત્રને હું નમસ્કાર કરું છું. (૬૯)

श्लोक : उवसम-विवेय-संवर-पयचिंतणवज्जदलियपावगिरि ।
सोदुवसग्गो पत्तो, चिलाइपुत्तो सहस्सारे ॥७०॥

टीका : *उपसर्गान् सहित्वा प्राप्तः चिलातिपुत्रः सहस्रारं । कथम्भूतः ? उपशमविवेकसंवरपदचिन्तनवज्रदलितपापगिरिः ॥७०॥*

ગાથાર્થ : ઉપશમ, વિવેક, સંવર આ ત્રણ પદના ચિંતનરૂપી વજ્ર વડે પાપોના પર્વતને જેમણે દળી નાખ્યો છે તેવા **ચિલાતિપુત્ર** ઉપસર્ગોને સહન કરીને સહસ્રાર નામના આઠમા દેવલોકે ગયાં. (તેમને નમું છું.) (૭૦)

श्लोक : चालणगं पिव भयवं, समंतओ जो कओ य कीडीहिं ।
घोरं सरीरविअणं, तहवि हु अहियासए धीरो ॥प्र० २२॥
अड्ढाइज्जेहिं राइंदिएहिं, पत्तं चिलाइपुत्तेण ।
देविंदामरभवणं, अच्छरगणसंकुलं रम्मं ॥प्र० २३॥

टीका : *चालनकमिव भगवान् समन्ततः यः कृतश्च कीटिकाभिः घोरां*

शरीरवेदनां तथापि अध्यासते धीरः । अर्द्धतृतीयै रात्रिन्दिवैर्देवेन्द्र-स्येवामरभवनं देवेन्द्रामरभवनम्, अप्सरसां देवीनां गणैः सङ्कुलं-व्याप्तं रम्यं प्राप्तं चिलातिपुत्रेण ॥२२-२३॥

ગાથાર્થ : ભગવાન ચિલાતિપુત્ર કે જેમનું શરીર ચારે તરફથી કીડીઓ વડે ચાલણી જેવું કરી નંખાયું હતું છતાં તેવી ઘોર વેદના જેમણે સહન કરી, તેઓ અઢી અહોરાત્રમાં જ ઈન્દ્ર સમાન અને અપ્સરા-દેવીઓના સમૂહથી ભરેલા સુંદર એવા દેવલોકને પ્રાપ્ત કર્યો (તેવા **ચિલાતિપુત્રને** હું નમું છું.) (પ્ર૦ ૨૨-૨૩)

श्लोक : दट्ठूण समणमणहं, सरित्तु जाइं य भवविरत्तमणो ।
अणुचरिउं मियचरियं, मुक्खं पत्तो मियापुत्तो ॥७१॥

टीका : *सुग्रीवपुरे बलभद्रस्य राज्ञो मृगाराज्ञीपुत्रो बलश्रीनामा मृगापुत्र इति द्वितीयनामा यौवराज्यश्रियमनुभवन्नन्यदा निजावासगवाक्षे पत्नीभिः सह क्रीडन् अनघं निष्पापं श्रमणं दृष्ट्वा क्वापीदृग् दृष्ट इति ध्यायन् जातिं [-पूर्वभवं]स्मृत्वा तत्रात्मनो दीक्षाग्रहणादि ज्ञात्वा भवविरक्तमनाः पितरावापृच्छ्य निष्क्रान्तः मृगचर्या-मृगवदेकाकित्वेन वनादौ पर्यटनं तां अनुचर्य मासिकानशनेन मोक्षं प्राप्तः ॥७१॥*

ગાથાર્થ : સુગ્રીવપુર નગરમાં બલભદ્ર રાજાની મૃગા નામની રાણીના બલશ્રી નામના પુત્ર અને 'મૃગાપુત્ર' નામે ઓળખાતા યુવરાજપદની લક્ષ્મીને ભોગવતા હતા. એક દિવસ પોતાના મહેલના ઝરુખામાં પત્નીઓ સાથે ક્રીડા કરતા હતા ત્યારે પાપરહિત એવા સાધુભગવંતને જોઈને આવું 'કયાંક જોયું

છે' એમ વિચારતાં જાતિસ્મરણ જ્ઞાન વડે ત્યાં પોતે લીધેલી દીક્ષા વગેરે જાણીને ભવથી વૈરાગ્ય પામ્યા અને માતા-પિતાને પૂછીને દીક્ષા સ્વીકારી. હરણની જેમ એકાકીપણે ઉદ્યાન, વન આદિમાં વિચરીને અનુક્રમે ૧ મહિનાનું અનશન પાળીને તે મૃગાપુત્રમુનિ મોક્ષલક્ષ્મીને પામ્યા. (તેમને વંદન કરું છું.) (૭૧)

श्लोक : सुच्चा बहुपिंडिय, एगपिंडिओ दट्ठुमिच्छइ तुमं ति ।
जाइं सरित्तु बुद्धो, सिद्धो तह इंदनागमुणी ॥७२॥

टीका : *हे ! बहुपिण्डिक ! एकपिण्डिकस्त्वां द्रष्टुमिच्छति इति श्रुत्वा जातिं स्मृत्वा बुद्ध इन्द्रनागमुनिः तथा सिद्धः मोक्षं गतः ॥७२॥*

ગાથાર્થ : 'હે ઘણા પિંડવાળા ! એક પિંડવાળો તને જોવા ઈચ્છે છે' એમ સાંભળી જાતિસ્મરણ જ્ઞાન વડે બોધ પામેલા ઈન્દ્રનાગમુનિ મોક્ષમાં ગયાં. (૭૨)

श्लोक : अम्हाणमणाउट्टी, जावज्जीवं ति सोउ मुणिवयणं ।
चिंतंतो धम्मरुई, जाओ पत्तेयबुद्धजई ॥७३॥

टीका : *अस्माकमनाकुट्टिर्यावज्जीवमपि इति मुनिवचनं श्रुत्वा चिन्तन् मनसि स्मरन् धर्म्मरुचितापसः प्रत्येकबुद्धयतिर्जातः ॥७३॥*

ગાથાર્થ : અમારે તો જીવનપર્યંત અનાકુટ્ટી (કોઈપણ જીવની હિંસા નહિ કરવી) હોય છે.' એ પ્રમાણે મુનિનું વચન સાંભળી ચિંતન કરતા-મનમાં યાદ કરતાં **ધર્મરુચિ** નામના તાપસ પ્રત્યેકબુદ્ધ મુનિ થયા (તેમને હું વંદન કુરું છું.) (૭૩)

श्लोक : पुक्खलवईइ पुंडरिगिणीइ, राया अहेसि महपउमो ।
चउदसपुव्वी संलेहणाइ, पत्तो महासुक्के ॥७४॥
तत्तो तेयलिपुत्तो, वयणेणं पुट्टिलाइ जाइसरो ।
केवलनाणी भासइ, तेयलिनामं सुअज्झयणं ॥७५॥

टीका : *पुष्कलावत्यां विजये पुण्डरीकिण्या राजा आसीत् महापद्मः चतुर्दशपूर्वी संलेखनया महाशुक्रे प्राप्तः । ततस्तेतलिपुत्रः पोट्टिलाया वचनेन जातजातिस्मरः प्रतिबुद्धः केवलज्ञानी ततस्तेतलिनामाध्ययनं भाषते । तेतलिनामा प्रधानः, तस्य पुत्रत्वात् तेतलिपुत्र इति ॥७४-७५॥*

ગાથાર્થ : પુષ્કલાવતીવિજયની પુંડરીકિણીનગરીના મહાપદ્મ રાજા હતાં. તેઓ દીક્ષા ગ્રહણ કરી ચૌદપૂર્વધારી થયા અને સંલેખના કરવાપૂર્વક મહાશુક્ર નામના સાતમા દેવલોકમાં ગયાં.

ત્યાંથી તેતલિપુત્રરૂપે જન્મ્યા. તેતલિ નામના પ્રધાનના પુત્ર હોવાથી 'તેતલિપુત્ર' એ પ્રમાણે તેઓ પ્રસિદ્ધ થયેલા. તેઓ પોટ્ટીલાના વચનથી જાતિસ્મરણજ્ઞાન વડે પ્રતિબોધ પામી કેવળજ્ઞાન પામ્યા અને તેઓએ તેતલિ નામનું અધ્યયન કહ્યું. (તેમને હું વંદન કરું છું.) (૭૪-૭૫)

श्लोक : जियसत्तू पडिबुद्धो, सुबुद्धिवयणेण उदगनायम्मि ।
ते दो वि समणवसहा, सिद्धा इक्कारसंगधरा ॥७६॥

टीका : *जितशत्रुराजा सुबुद्धिप्रधानवचनेन प्रतिबुद्धः । कथं ? उदकज्ञाते उदकोदाहरणे समुत्पन्नदुर्गन्धं खातिजलं सुगन्धं कृत्वा राजा पायितः मूलतः तद्वृत्तं ज्ञात्वा बुद्धः । तौ द्वावपि श्रमणवृषभौ सिद्धौ एकादशाङ्गधरौ ॥७६॥*

ગાથાર્થ : જિતશત્રુરાજા અને સુબુદ્ધિમંત્રીનો વૃત્તાંત કહે છે. સુબુદ્ધિમંત્રીએ પ્રતિબોધ પમાડવા માટે ખાળનું ગંદુ પાણી સુગંધી બનાવી રાજાને પીવડાવ્યું. પછી સમગ્ર વૃત્તાંત જાણીને જિતશત્રુ રાજા પ્રતિબોધ પામ્યાં. પછી રાજા અને સુબુદ્ધિ મંત્રી બન્નેએ ચારિત્ર સ્વીકાર્યું. તે બન્ને શ્રેષ્ઠમુનિવરો અગીયાર અંગનું અધ્યયન કરી સિદ્ધ થયાં, તેમને હું વંદન કરું છું. (૭૬)

श्लोक : उववन्नो जोऽणज्जेसु, दट्ठुमुसभस्स समजडं पडिमं ।
पव्वइओ जेण पुणो, चरणावरणे उइन्नम्मि ॥७७॥
अप्पा विमोइउ भाव-बंधणा दव्वबंधणाउ करी ।
लद्धजओ परतित्थिसु सो अद्दरिसी सिवं पत्तो ॥७८॥

टीका : *योऽनार्येषु उत्पन्नः समजटां जटासहितां श्रीऋषभस्य प्रतिमां दृष्ट्वा प्रव्रजितः । येन पुनः चरणावरणे उदीर्ण्णे चरणावरणीये कर्म्मणि उदयं प्राप्ते भोगकर्म्मणि चोदिते दीक्षा मुक्ता । पुनः क्षीणे कर्म्मणि येन भावबन्धनादात्मा विमोचितः तत्सर्वं तृणवत् त्यक्त्वा दीक्षाऽग्राहीति। द्रव्यबन्धनात्करी विमोचितः । स आद्रर्षिः परतीर्थिषु लब्धजयः शिवं प्राप्तः ॥७७-७८॥*

ગાથાર્થ : જે (આર્દ્રકુમાર) અનાર્યદેશમાં ઉત્પન્ન થયા હતાં, કેશકલાપથી યુક્ત એવી શ્રી ઋષભસ્વામી ભગવાનની મૂર્તિને જોઈને દીક્ષિત થયા હતાં, ફરી ચારિત્રાવરણીયકર્મના ઉદયથી અને ભોગાવલિકર્મ ઉદયમાં આવતાં દીક્ષા છોડી દીધી, ત્યારપછી ફરીથી પણ તે તે કર્મોનો ક્ષય થતાં જેમણે ઘાસના

તણખલાની જેમ તે સર્વને (ભોગસુખોને) છોડીને ભાવબંધનથી આત્માને મુક્ત કર્યો અને દીક્ષા લીધી અને દ્રવ્યબંધનથી હાથીને મુક્ત કર્યો. તે અન્યતીર્થિઓમાં જય ને પ્રાપ્ત કરનારા **આર્દ્રઋષિ** મુક્તિપદને પામ્યાં. (૭૭-૭૮)

श्लोक : न दुक्करं वारणपासमोयणं, गयस्स मत्तस्स वणम्मि रायं ।
जहा उ चत्ता वलिएण तंतुणा, तं दुक्करं मे पडिहाइ मोयणं ॥७९ ॥

टीका : हे राजन् श्रेणिक ! मदोन्मत्तस्य गजस्य वारणपाशमोचनं न दुष्करं, वारणो हस्ती येन पाशेन बद्ध्यते स वारणपाश उच्यते । यथा तर्कुकावलितेन तन्तुना तर्कुकामलितेन सूत्रेण(सूत्रादित्यर्थः) मोचनं मे दुष्करं प्रतिभाति ॥७९ ॥

ગાથાર્થ : હે શ્રેણિક મહારાજા ! મદથી ઉન્મત્ત એવા હાથીનું બંધન છોડાવવું મુશ્કેલ નથી. પણ હાથી જેના વડે બંધાય તેને હસ્તિબંધન-વારણપાશ કહેવાય છે. જેમ કાંતેલા રેંટીયાના તાંતણાથી છૂટવું તે મને દુષ્કર જણાય છે. (એ પ્રમાણે આર્દ્રર્ષિ શ્રેણિક રાજા સમક્ષ બોલ્યાં.) એટલે કે સુતરના તંતુનું બંધન તોડવું બહુ દુષ્કર છે. (૭૯)

श्लोक : नालंदाए अद्धतेरस-कुलकोडिकयनिवासाए ।
पुच्छिय गोयमसामी सावयवयपच्चक्खाणविहिं ॥८०॥
जो चरमजिणंसमीवे पडिवन्नो पंचजामियं धम्मं ।
पेढालपुत्तमुदयं तं वंदे मुणियसयलनयं ॥८१॥

टीका : येन *नालन्दायां [अर्द्धत्रयोदशकुलकोटिकृतनिवासायां] गौतमस्वामी*

श्रावकव्रतप्रत्याख्यानविधिं पृष्टः, मिथः ऊहापोहो जातः, ततो यश्चतुर्यामधर्मं त्यक्त्वा वीरसमीपं पञ्चयामं(मिकं) धर्मं प्रतिपन्नः तं पेढालपुत्रं उदकं उदकनामानं मुनिं श्रीपार्श्वसन्तानिनं ज्ञातसकलनयं वन्दे ॥८०-८१॥

ગાથાર્થ : સાડાતેરકરોડ કુળો જેમાં વસે છે, તે નાલંદામાં જેમણે શ્રી ગૌતમસ્વામીને શ્રાવકનો પચ્ચક્ખાણવિધિ પુછ્યો, પરસ્પર વિચારણા થઈ, ત્યાર પછી જેમણે ચાર વ્રતનો ધર્મ છોડી શ્રી વીરપ્રભુના ચરણમાં પાંચવ્રતવાળા ધર્મને સ્વીકાર્યો તે પેઢાલના પુત્ર અને શ્રી પાર્શ્વનાથ ભગવાનના સંતાનીય સર્વ નયોના જ્ઞાતા **શ્રી ઉદકમુનિને** હું વંદન કરું છું. (૮૦-૮૧)

श्लोक : आसी सुरसादिव्वा, सीलं रूवं च जस्स जयपयडं ।
तं निक्खंतं वंदे, सिद्धिं पत्तं सुजायरिसिं ॥८२॥

टीका : *यस्य सुरसादिव्यात् सुरसान्निध्यात् शीलं रूपं च जगतः प्रकाशमासीत् (प्रकटमासीत्)निष्क्रान्तं सिद्धिं प्राप्तं सुजातनामानं [ऋषिं] तं वन्दे ॥८२॥*

ગાથાર્થ : દેવના સાંનિધ્યથી જેઓનું શીયળ અને રૂપ જગત સમક્ષ પ્રગટ હતું તે દીક્ષા લઈને મોક્ષપદને પામેલા **સુજાત નામના મુનિને** હું વંદન કરું છું. (૮૨)

श्लोक : गिहिणो वि सीलकणयं, निव्वडियं जस्स वसणकसवट्टे ।
तं नमिमो सिवपत्तं, सुदंसणरिसिं महासत्तं ॥

टीका : *यस्य गृहिण:(णोऽपि) सत: शीलकनकं व्यसनकषपट्टे निर्व्यूढं (निष्पन्नं परां कोटिं प्राप्तम्) तं महासत्त्वं सुदर्शनमुनिं शिवं प्राप्तं नमामि ॥८३॥*

ગાથાર્થ : ગૃહસ્થ હોવા છતાં જેમનું શીયળરૂપી સુવર્ણ, કષ્ટરૂપી એરણ પર ચઢીને સંપૂર્ણ શુદ્ધપણે નિષ્પન્ન થયું છે તે મહાસત્ત્વશાળી **શ્રી સુદર્શનમુનિ** કે જેઓ મોક્ષ પામ્યાં છે તેમને હું નમસ્કાર કરું છું. (૮૩)

श्लोक : खंतिखमं उग्गतवं, दुक्करतवतेयनाणसंपन्नं ।
किन्नरगणेहिं महियं, सुदंसणरिसिं महासत्तं ।।प्र० २४।।

टीका : *क्षान्तिक्षमं उग्रतपसं दुष्करतपस्तेजोज्ञानसम्पन्नं किन्नरसमूहै: पूजितं सुदर्शनर्षिं महासत्त्वम् [नमामि] ॥२४॥*

ગાથાર્થ : ક્ષમાશીલ, ઉગ્ર તપસ્વી, દુષ્કર તપ અને જ્ઞાનના તેજથી યુકત અને કિન્નરોના સમૂહથી પૂજાયેલા, મહાસત્ત્વશાળી શ્રી **સુદર્શનમુનિ**ને હું નમું છું. (પ્ર૦ ૨૪)

श्लोक : जीवाणुववाय-पवेसणाइ, पुच्छित्तु वीरजिणपासे ।
गिण्हित्तु पंचजामं, गंगेओ जयउ सिद्धिगओ ।।८४।।

टीका : *जीवानामुपपात: निगोदादिषु कथमुत्पत्ति: ? तथा प्रवेशना जीवानां अव्यवहारराशितो व्यवहारराशौ यद्वा चतुर्गतिषु कथं प्रवेश: ? इत्यादि वीरजिनपार्श्वे पृष्ट्वा पञ्चयामं धर्मं गृहीत्वा गाङ्गेय: सिद्धिं गतो जयतु ॥८४॥*

ગાથાર્થ : જીવો નિગોદ વગેરેમાં ઉત્પન્ન કઈ રીતે થાય ? વળી અવ્યવહારરાશિમાંથી જીવોનો વ્યવહારરાશિમાં-ચારગતિમાં પ્રવેશ કઈ રીતે થાય ? વગેરે પ્રશ્નો શ્રી વીરપરમાત્માને પૂછીને પ્રભુ પાસે પંચવ્રતસંબંધી ધર્મને ગ્રહણ કરીને **શ્રી ગાંગેયમુનિ** સિદ્ધ થયા તેઓ જય પામો... (૮૪)

श्लोक : एक्कारसंगधारी सीसो, वीरस्स मासिएण गओ ।
सोहम्मे जिणपालियनामा, सिज्झिस्सइ विदेहे ॥८५॥

टीका : *एकादशाङ्गधारी मासोपवासी जिनपालितनामा वीरशिष्यः सौधर्म्मे गतो विदेहे सेत्स्यति ॥८५॥*

ગાથાર્થ : અગીયારઅંગના ધારક અને એકમાસના ઉપવાસવાળા એવા શ્રીવીરપરમાત્માના **શ્રી જિનપાલિત** નામના શિષ્ય હતાં, તેઓ સૌધર્મદેવલોકમાં ગયા છે અને મહા-વિદેહમાંથી સિદ્ધ થશે. (તેમને નમું છું.) (૮૫)

श्लोक : तीयद्धाए चंपाए, सोमपत्तीइ जस्स कडुतुंबं ।
दाउं नागसिरीए, उवज्जिओऽणंतसंसारो ॥८६॥
सो धम्मघोससीसो, भुच्चा मासखमणपारणए ।
धम्मरुई संपत्तो, विमाणपवरम्मि सव्वट्ठे ॥८७॥

टीका : *अतीताद्धायां अतीतकाले अग्रेतने काले इत्यर्थः । चम्पायां नगर्यां सोमदेवपत्न्या नागश्रिया कटुतुम्बकं [यस्य] दत्त्वा अनन्तसंसारः उपार्जितः, स धर्मघोषशिष्यो धर्मरुचिः मासक्षपणपारणके तद्भुक्त्वा विमानप्रवरे सर्वार्थे सम्प्राप्तः ॥८६-८७॥*

ગાથાર્થ : પહેલાના કાળમાં ચંપાનગરીમાં સોમદેવની પત્ની નાગશ્રીએ જેમને કડવું તુંબડુ (નું શાક) વહોરાવીને અનંત સંસારનું ઉપાર્જન કર્યું હતું તે ધર્મઘોષસૂરિજીના શિષ્ય **શ્રી ધર્મરુચિઅણગાર** માસક્ષપણના પારણે તે (ઝેરી શાક) વાપરીને ઉત્તમ એવા સર્વાર્થસિદ્ધવિમાનમાં ગયાં. (તેમને વંદન.) (૮૬-૮૭)

श्लोक : पालिय मंसनियत्तिं, विज्जेहिं पभणिओ वि गेलन्ने ।
पव्वइओ सिद्धिपुरं, संपत्तो जयउ जिणदेवो ॥८८॥

टीका : *वैद्यैः प्रकृष्टं भणितोऽपि ग्लानत्वे मांसनिवृत्तिं मांसनियमं पालि(लयि)त्वा प्रव्रजितो जिनदेवः सिद्धिपुरीं प्राप्तः जयतु ॥८८॥*

ગાથાર્થ : રોગી અવસ્થામાં વૈદ્યોએ ખૂબ કહેવા છતાં માંસત્યાગના નિયમને પાળીને પ્રવ્રજિત થયેલા **જિનદેવ** સિદ્ધિપુરીને પામ્યા છે તે જય પામો. (૮૮)

श्लोकः दोमासकणयकज्जं, कोडी वि हु न निट्ठियं जस्स ।
छम्मासे छउमत्थो, विहरिय जो केवली जाओ ॥८९॥
बलभद्दप्पमुहाणं, इक्कडदासाणं पंच य सयाइं ।
जेण पडिबोहियाइं, तं कपिलमहारिसिं वंदे ॥९०॥

टीका : *यस्य द्विमाषकनककार्यं कोट्याऽपि न निष्ठितं स जातवैराग्यो दीक्षां गृहीत्वा षण्मासान् छद्मस्थावस्थायां विहृत्य [यः] केवली जातः*

बलभद्रप्रमुखाणां उत्कट(इक्कड)दासानां पञ्चशतानि प्रतिबोधितानि, उ(इ)क्कडदासेतिसंज्ञा एतेषां चौराणामिति, तं कपिलमहाऋषिं वन्दे ॥८९-९०॥

ગાથાર્થ : જેમનું બેમાસા સોનાનું કાર્ય કરોડ(સુવર્ણ) વડે પણ પૂર્ણ ન થયું તે કપિલ વૈરાગ્ય થતાં દીક્ષા લઈ છ માસ સુધી છદ્મસ્થાવસ્થામાં વિચરીને કેવળજ્ઞાન પામ્યાં અને બળભદ્ર પ્રમુખ (વગેરે) પાંચસો 'ઉત્કટદાસ' એવી સંજ્ઞાવાળા ચોરોને જેમણે પ્રતિબોધ્યા તે **કપિલમહર્ષિને** ઋષિને હું વંદન કરું છું. (૮૯-૯૦)

श्लोक : **दट्ठूण तवोरिद्धिं, पडिबुद्धा माहणा पउट्ठा वि ।**
जस्साइसेसनिहिणो, हरिएसबलं तयं नमिमो ॥९१॥

टीका : *यस्यातिशयनिधेः तपसः सामर्थ्यं दृष्ट्वा प्रदुष्टा अपि ब्राह्मणाः प्रतिबुद्धाः तं हरिकेशबलं नमामि ॥९१॥*

ગાથાર્થ : અતિશયોના ધામસમા એવા જેમના તપના સામર્થ્યને જોઈને દુષ્ટ એવા પણ બ્રાહ્મણો પ્રતિબોધ પામ્યા તે **હરિકેશબલ મુનિને** નમસ્કાર કરું છું. (૯૧)

श्लोक : **पलिओवमाइं चउरो, भोए भोत्तूण पउमगुम्मम्मि ।**
छप्पि य पुव्ववयंसा, इसुयारपुरे समुप्पन्ना ॥९२॥
इसुयारो पुहइवई, देवी कमलावई य तस्सेव ।
भिगुनामा य पुरोहिय, पवरा भज्जा जसा तस्स ॥९३॥
दुन्नि य पुरोहियसुया ते जाया बोहिकारणं तेसिं ।
सव्वे ते पव्वइउं, पत्ता अयरामरं ठाणं ॥९४॥

टीका : पद्मगुल्मविमाने चत्त्वारि पल्योपमानि भोगान् भुक्त्वा षडपि पूर्ववयस्या इषुकारे पुरे समुत्पन्नाः । इषुकारः पृथ्वीपतिः देवी कमलावती च तस्यैव, भृगुनामा[च] पुरोहितः तस्य जसा नाम प्रवरा भार्या, द्वौ च पुरोहितसुतौ । तेषां तौ बोधिकारणं जातं(जातौ) अतः सर्वे प्रव्रजिताः प्राप्ता अजरामरं स्थानम् ॥९२-९४॥

ગાથાર્થ : પદ્મગુલ્મ વિમાનમાં ચાર પલ્યોપમ સુધી ભોગ સુખો ભોગવી છએ પૂર્વ (ભવના) મિત્રો ઈષુકારનગરમાં ઉત્પન્ન થયાં. તે છ - ઈષુકાર રાજા, તેની રાણી કમલાવતી, ભૃગુ નામનો પુરોહિત, તેની ઉત્તમ એવી જસા નામે પત્ની હતી તે અને તેના બે પુત્રો, આ પુરોહિતના પુત્રો ચારેયના પ્રતિબોધમાં નિમિત્ત બન્યાં અને તે છએ દીક્ષા લઈ સિદ્ધિપદને પામ્યાં. (તેમને વંદન) (૯૨-૯૪)

श्लोक : खत्तियमुणिणा कहियाइं जस्स चत्तारि समवसरणाइं ।
तह पुव्वपुरिसचरियाइं संजओ सो गओ सिद्धिं ॥९५॥

टीका : काम्पील्यपुरे संजयो राजा आखेटके निर्गतः केसरोद्याने त्रस्तं स्वाध्यायध्यायिनोऽनगारस्य पार्श्वे गतं मृगं अवधीत् । ततो राजा तत्रागत्य मृगं हतं पार्श्वे च मुनिं दृष्ट्वा अचिन्तयत् अहो ! मया मुनिरयं मनाक् हतः ततोऽश्वादुत्तीर्य साधुमवन्दत । साधौ अब्रुवति शापभीतोऽवदत्-अहं संजयो राजा मया अपराधः कृतः क्षमस्व अभयं देहि । ततः साधुरवादीत् तव अभयमेव परं त्वं जीवानामभयं देहि । ततो धर्म्मं श्रुत्वा राज्यं त्यक्त्वा गर्दभालिगुरोः पार्श्वे दीक्षां जग्राह । इतश्च ब्रह्मलोके महाप्राणतविमानतश्च्युत्वा क्षत्रियकुले जातेन जातिं स्मृत्वा प्रव्रज्य विहरता क्षत्रियमुनिना यस्य संजयस्य पुरतः

चत्वारि समवसरणानि परदर्शनावताराणि कथितानि यथा-क्रियावादी, अक्रियावादी, विनयवादी, अज्ञानवादी चेति । तथा तेनैव मुनिना स्वस्य प्राग्भवादिचरित्रं पूर्वपुरुषाणां भरतादीनां वीतभयेशउदायन-पर्यन्तानां च चरित्राणि कथितानि । यथा एते सर्वे चत्वारि समवसरणानि ज्ञात्वा तानि च प्रतिषिध्य प्रव्रज्य सिद्धा इति तच्छ्रुत्वा स संजयः स्थिरमना दीक्षां प्रपाल्य सिद्धिं गतः ॥९५॥

ગાથાર્થ : કાંપિલ્યપુરનગરમાં સંજય નામે રાજા હતો. એક વખત તે નગર બહાર ગયો, ત્યાં કેસર નામના ઉદ્યાનમાં સ્વાધ્યાય-ધ્યાનમાં મગ્ન એવા સાધુમહાત્માની પાસે રહેલા ત્રસ્ત હરણને તેણે વિંધી નાખ્યું. પછી રાજાએ ત્યાં આવી મરેલા મૃગને અને પાસે રહેલા મુનિને જોઈ વિચાર્યું કે અહો ! મારા વડે આ મુનિ પણ કંઈક અંશે હણાયા છે. તેથી અશ્વપરથી ઉતરી મુનિને વંદન કરવા લાગ્યો. મુનિ કાંઈ ન બોલતાં 'શાપ આપશે' એવા ભયથી તેણે મુનિવરને કહ્યું કે - 'હું સંજય નામે રાજા છું. મેં આ અપરાધ કર્યો છે, મને ક્ષમા આપો અને અભયદાન આપો.' તેથી મુનિરાજ બોલ્યા કે, તને અભય છે, પરંતુ તું સર્વ જીવોને અભયદાન આપ. ત્યાર પછી તેણે મુનિપાસેથી ધર્મશ્રવણકરી રાજ્યનો ત્યાગ કરી ગર્દભાલિ નામના ગુરુપાસે દીક્ષા લીધી. આ બાજુ બ્રહ્મલોક નામના પાંચમાદેવલોકના મહાપ્રાણત નામના વિમાનમાંથી ચ્યવીને (કોઈક આત્મા) ક્ષત્રિયકુળમાં ઉત્પન્ન થયા. તેઓ જાતિનું સ્મરણ કરીને (જાતિસ્મરણ જ્ઞાન વડે) દીક્ષાગ્રહણ કરી વિહાર કરતા તે ક્ષત્રિયમુનિએ સંજય રાજર્ષિ સમક્ષ ચાર સમવસરણ-પરદર્શનાવતાર રૂપ મતોનું નિરૂપણ કર્યું,

તે આ પ્રમાણે - ક્રિયાવાદી, અક્રિયાવાદી, વિનયવાદી, અજ્ઞાનવાદી. તેમજ તે જ મુનિવરે પોતાના પૂર્વભવાદિ ચરિત્ર, ભરતમહારાજાથી માંડીને વીતભયનગરના સ્વામી ઉદાયનરાજા સુધીના પૂર્વપુરૂષોના ચરિત્રો કહી સંભળાવ્યાં. આ બધા (પૂર્વપુરુષો) એ આ ચારેય મતોને જાણ્યા અને તેનો ત્યાગ કર્યો અને દીક્ષા લઈ મોક્ષમાં ગયાં. એ પ્રમાણે સાંભળી **સંજય રાજર્ષિ** પણ સંયમમાં સ્થિર ચિત્તવાળા થઈ દીક્ષા પાળી મોક્ષે ગયાં. (તેમને નમું છું.) (૯૫)

श्लोक : सेणियपुरओ जेणं, परूवियं अप्पणो अणाहत्तं ।
तं वंदे हयमोहं अमोहचरियं नियंठमुणिं ॥९६॥

टीका : येन एवंविधेन रूपेण चैवंविधे वयसि किं दीक्षा आत्ता ? इति श्रेणिकपृष्टेन श्रेणिकपुरतः स्वस्य अवितथं सत्यं अनाथत्वं प्ररूपितं, ततो राज्ञा अहं तव नाथो भोगान् भुङ्क्ष्व [तान्] पूरयामि इति उक्तः स स्वं वृत्तं ऊचे यथा मम कौशाम्ब्यां महर्द्धिकस्य कुले जातस्य चक्षुर्वेदनायां जातायां केनापि मातृपितृबन्धुभार्यादिना नाथत्वं न जातं, यदि व्यथा निवर्त्तते तदा दीक्षां गृह्णामि इति चिन्तायां रात्रौ वेदना निवृत्ता । प्रातः स्वजनाननुज्ञाप्य दीक्षां जग्राह । तं [हतमोहं] अमोघं सफलं चरितं (यस्य तं) निर्ग्रन्थनामानं मुनिं वन्दे ॥९६॥

ગાથાર્થ : આવા સુંદર રૂપવાન અને યુવાનવયમાં હોવા છતાં તમે દીક્ષા કેમ લીધી ? શ્રેણિકરાજાએ આ પ્રમાણે પૂછતાં અનાથીમુનિએ પોતાના સાચા વૃત્તાંતની (અનાથી-પણાની) પ્રરૂપણા કરી. ત્યારે રાજાએ કહ્યું કે 'હું તારો નાથ થાઉં અને ભોગ સુખો આપું, તું ભોગવ' આમ કહેતાં તેમણે પોતાનો વૃત્તાંત આ પ્રમાણે કહ્યો.

મારો જન્મ કૌશાંબીનગરીમાં ઋદ્ધિવાનના ઘરે ઉત્તમકુળમાં થયો હતો. એકવાર મને આંખનો રોગ થયો. ત્યારે માતા-પિતા, ભાઈ, પત્ની વગેરે કોઈથી મારી વેદનાનું નિવારણ ન થયું. એકવાર રાત્રિના સમયમાં મને વિચાર આવ્યો કે 'જો આ વેદના શાંત થઈ જાય તો મારે તરત દીક્ષા લઈ લેવી' અને બીજા દિવસે વેદના શાંત થઈ ગઈ. તેથી સવારે સ્વજનોની અનુમતિ લઈ મેં દીક્ષા સ્વીકારી. જીવનને સફળ બનાવનારા તે **નિર્ગ્રંથમુનિ**ને હું વંદન કરું છું. (૯૬)

श्लोक : वज्झं नीणिज्जंतं, दट्ठु विरत्तो भवाउ निक्खंतो ।
निव्वाणं संपत्तो, समुद्दपालो महासत्तो ॥९७॥

टीका : चम्पायां पालितश्राद्धस्य प्रवहणे गत्वा पिहुण्डपुरे वणिक्पुत्रीं परिणीय सगर्भां तां आनयतः समुद्रान्तः पुत्रे जाते समुद्रपालितनाम ददौ । समुद्रपालितो यौवने परिणीतः प्रासादगवाक्षस्थः कमपि वध्यं नीयमानं दृष्ट्वा भवाद्विरक्तः महासत्त्वः सम्यक् चारित्रं प्रपाल्य केवली भूत्वा निर्वाणं प्राप्तः ॥९७॥

ગાથાર્થ : ચંપાનગરીમાં પાલિત નામે શ્રાવક રહેતો હતો, એકવાર તે વહાણમાં પિહુંડપુર ગયો. ત્યાં (કોઈ એક) વણિકની પુત્રીને પરણ્યો. પછી ગર્ભવતી એવી તેને લઈને સમુદ્રમાર્ગે આવતાં તેને પુત્રનો જન્મ થયો, તેથી તેનું સમુદ્રપાલિત એવું નામ પાડ્યું. તે સમુદ્રપાલિત યુવાવસ્થામાં લગ્ન કરીને એક વખત મહેલના ઝરૂખામાં બેઠો હતો, ત્યારે કોઈક અપરાધીને વધસ્થાને લઈ જવાતો જોઈને મહાસત્ત્વશાળી એવા તેણે ભવથી વૈરાગ્ય પામી

ચારિત્ર સ્વીકાર્યું. સારી રીતે ચારિત્ર પાળી કેવળી થઈને મોક્ષપદને પ્રાપ્ત કર્યું. (તેમને વદું છું.) (૯૭)

श्लोक : जयघोसेणं पडिबोहिऊण, पव्वाविओ विजयघोसो ।
कासवगुत्ता ते दो वि, समणसीहा गया सिद्धिं ॥९८॥

टीका : जयघोषेण प्रतिबोध्य विजयघोषः प्रव्राजितः । तौ द्वावपि श्रमणसिंहौ काश्यपगोत्रौ सिद्धिं गतौ ।

कथा : वाराणस्यां पुर्यां जयघोषो विजयघोषो भ्रातरौ विप्रावभूताम्, जयघोषो अन्यदा गङ्गायां स्नात्वा निर्गतो भेकं सर्प्पेण, सर्पमपि च वनोतुना ग्रस्तं वीक्ष्य, 'धिक् संसारं यो यस्य प्रभवति स तं ग्रसते' इति विरक्तः प्रबुद्धो गुरुपार्श्वे प्राव्राजीत् । ततो ग्रामानुग्रामं विहरन् पुनः वाराणस्यां मनोरमोद्याने समेतो मासक्षपणं कृत्वा पारणे अनुजविजयघोष-विप्रारब्धयज्ञस्थाने भिक्षार्थं गतः । सन्त्यनेके विप्राः, याजकेनोचे-भो ! वयं वेदविदां धर्म्मिणां सुपात्राणां स्वपरतारकाणां ब्राह्मणानां भिक्षां दद्मः । व्रजान्यत्र त्वम्, [मुनिनोक्तम्] यत् पूर्वे भो ! वेदाः के कथ्यन्ते ? धर्म्मश्च कः ? सुपात्राणि कानि ? स्वपरतारकत्वं च कथं स्यात् ? तत्त्वं वद । याजकोऽज्ञकत्वात् विजयघोषो न वक्ति। ततः सम्यगेतत्स्वरूपमुक्त्वा प्रतिबोध्य स प्रव्राजितः, तेन सन्देहच्छेदादनु ज्ञातः मम भ्रातेतरः ॥९८॥

ગાથાર્થ : જયઘોષ મુનિએ વિજયઘોષને પ્રતિબોધ પમાડીને દીક્ષા આપી. તે બન્ને શ્રેષ્ઠ શ્રમણો મોક્ષગામી થયાં. તેઓની કથા આ પ્રમાણે -

વારાણસીનગરીમાં બ્રાહ્મણકુળમાં જન્મેલા કાશ્યપગોત્રવાળા જયઘોષ અને વિજયઘોષ બે ભાઈઓ હતાં. જયઘોષ એકવાર

ગંગા નદીમાં સ્નાન કરીને નીકળ્યો તેટલામાં (કોઈ એક) દેડકાંને સાપ વડે અને બીજા જળચર પ્રાણી વડે સાપને પકડાયેલો જોઈને 'ધિક્કાર છે સંસારને કે જેમાં જે બળવાન હોય છે તે નબળાનું દમન કરે છે' એમ વિચારી વૈરાગ્ય પામ્યા. તેઓએ ગુરુ પાસે પ્રતિબોધ પામી દીક્ષા લીધી. ત્યાર પછી ગામેગામ વિચરતા ફરીથી વારાણસીના મનોરમ નામના ઉદ્યાનમાં પધાર્યા. ત્યારે માસક્ષમણના પારણે નાના ભાઈ વિજયઘોષબ્રાહ્મણે શરૂ કરેલ યજ્ઞના સ્થાનમાં ભિક્ષા માટે ગયાં. ત્યાં ઘણા બ્રાહ્મણો હતા. યાજ્ઞિક (વિજયઘોષ) બોલ્યો કે હે સાધુ ! અમે તો વેદને જાણનારા, ધાર્મિક, સુપાત્ર, પોતાને અને બીજાને તારનારા એવા દ્વિજોને જ ભિક્ષા આપીએ છીએ. તેથી તમે બીજે ચાલ્યા જાવ. ત્યારે મુનિ બોલ્યા - હે વિપ્ર ! પૂર્વમાં વેદ કોને કહ્યાં છે ? ધર્મ કોને કહ્યો છે ? સુપાત્રો એટલે શું ? સ્વપરતારકપણું કઈ રીતે ? પરમાર્થ જણાવો. તે યાજ્ઞિક અજ્ઞાન હોવાથી કાંઈ બોલ્યો નહીં. ત્યાર પછી સારી રીતે આ દરેક વિષયનું સ્વરૂપ જણાવી તેને પ્રતિબોધ પમાડ્યો અને તેને દીક્ષા આપી. પછી તેને ખ્યાલ આવ્યો કે આ મારા મોટો ભાઈ છે. (૯૮)

श्लोक : जायं पयागतित्थं, देवेहि कयाइ जस्स महिमाए ।
गंगाए अंतगडं, तं वंदे अन्नियापुत्तं ॥९९॥

टीका : गङ्गायां देवैः कृतेन यस्य महिम्ना प्रयागतीर्थं जातम् ।

भद्रपुष्पपुरेऽन्निकापुत्राचार्यो ग्लानत्वे स्थितः, पुष्पचूलाया भक्ताद्यान-

यन्त्यास्तस्याः केवलज्ञानं जातम् । गुरुणा पृष्टे सोचे भवतां केवलं गङ्गानद्यन्तर्भविता । ततो गङ्गायां नावारूढो नौब्रुडनाल्लोकैर्गङ्गायां प्रक्षिप्तः । मिथ्यादृग्देवीकृतशूलकोपरि पतितः, शुभध्यानारूढोऽन्त-कृत्केवली जातस्तत्र गङ्गातटस्थवटवृक्षस्थैर्व्यन्तरैर्महिमा कृतः ।

तत्र प्रयागतीर्थं जातं, ततोऽद्यापि तत्र लोकप्रसिद्धं सिद्धिस्थानम् । तत्र च गुरुमस्तकतुम्बके पडल(पाटलि) वृक्षबीजं पतितं । महान् पाडल-(पाटलि)वृक्षो जातः । स पाडल(पाटलि) जीव एकावतारी ॥९९॥

ગાથાર્થ : ગંગા નદીમાં દેવોએ કરેલા જેમના મહિમા વડે પ્રયાગ તીર્થ થયું તે **અન્નિકાપુત્ર** આચાર્યની કથા આ પ્રમાણે -

ભદ્રપુષ્પનગરમાં અન્નિકાપુત્ર આચાર્ય રોગ ઉત્પન્ન થવાથી સ્થિરતા કરીને રહ્યાં હતાં. પુષ્પચૂલાસાધ્વીજીને તેમના ગોચરી-પાણી વગેરે લાવવાની ભક્તિ કરતાં કેવળજ્ઞાન થયું. તેમને ગુરુએ પૂછતાં તેમણે આચાર્યને કહ્યું કે તમને ગંગાનદીની અંદર કેવળજ્ઞાન થશે. તેથી તેઓ ગંગાનદી તરવા માટે નાવમાં ચઢ્યાં, પણ નાવ એક તરફ નમવાથી લોકોએ તેમને ગંગાના પાણીમાં નાખ્યાં. ત્યારે તેઓ મિથ્યાદષ્ટિ દેવીએ ધરેલા ત્રિશૂળ ઉપર પડ્યાં. (ત્યારે પણ) શુભધ્યાનમાં સ્થિર થઈ તે અંતકૃત કેવળી થયાં અને મોક્ષમાં ગયા.

ગંગા નદીના તટે રહેલા વડના વૃક્ષ પરના વ્યંતરોએ તેમનો મહિમા કર્યો. ત્યાં પ્રયાગતીર્થ થયું. તેથી તે (સ્થાન) આજે પણ સિદ્ધિસ્થાન તરીકે લોકોમાં પ્રસિદ્ધ છે. ત્યારે ત્યાં તે ગુરુના મસ્તકના તુંબડામાં પાટલી નામના વૃક્ષનું બીજ પડ્યું. તેમાંથી મોટું પાટલી વૃક્ષ ઉત્પન્ન થયું અને તે વૃક્ષનો જીવ એકાવતારી કહેવાય છે. (૯૯)

श्लोक : गुट्ठीभत्ते मासस्स, पारणए रोहिणीइ कडुतुंबं ।
दिन्नं दयाइ भुत्तं, धम्मरुई मुत्तिमणुपत्तो ॥१००॥

टीका : यत्र गोष्ठिका निमन्त्रिता भुञ्जते स महोत्सवो गोष्ठिभक्तं, तस्मिन् गोष्ठिकभक्ते मासक्षपणपारणे रोहिण्या कटुतुम्बं दत्तं मुनिना च दयया भुक्तं ईदृशो धर्मरुचिः मुक्तिमनुप्राप्तः ॥१००॥

ગાથાર્થ : જેમાં મિત્રો અને સ્વજનો ભેગા થઈને જમે તે પ્રસંગને ગોષ્ઠિભક્ત કહેવાય છે. તે વખતે માસક્ષમણના પારણે ત્યાં ગોચરી માટે આવેલા ધર્મરુચિ મુનિને રોહિણીએ કડવું તુંબડુ વહોરાવ્યું. મુનિએ પણ દયાથી તે વાપર્યું. આવા **ધર્મરુચિમુનિવર** મુક્તિને પામ્યાં. (૧૦૦)

श्लोक : उज्जुय अंगे पत्तेयबुद्धे, रुद्दे य कोसियज्जे य ।
उज्झाए तब्भज्जा, जयंति चउरो वि सिद्धाइं ॥१०१॥

टीका : ऋजुकः अङ्गः (अङ्गर्षिः) प्रत्येकबुद्धो रुद्रकः तथा कौशिकार्य उपाध्यायस्तद्भार्या एते चत्वारोऽपि सिद्धाः जयन्ति ॥१०१॥

ગાથાર્થ : સરળ એવા **અંગર્ષિ** પ્રત્યેક બુદ્ધ **રુદ્રકમુનિ કૌશિકાર્ય** ઉપાધ્યાય તથા તેમના **પત્ની**. આ ચારેય સિદ્ધ થયાં છે, તેઓ જય પામે છે. (૧૦૧)

श्लोक : भावियव्वं भो खलु, सव्वकाम विरएण ।
भासित्तु देविलासुय-रायरिसी सिवसुहं पत्तो ॥१०२॥

टीका : भो ! जनाः ! खलु निश्चितं सर्वकामविरतेन भाव्यम् । एवं अध्ययनं भाषित्वा देविलासुतराजर्षिः शिवपदं (शिवसुखं) प्राप्तः ॥१०२॥

ગાથાર્થ : 'હે ! (ભવ્ય) જીવો ! ખરેખર સર્વ પાપકાર્યોથી અટકવું જોઈએ...' આ પ્રમાણે અધ્યયન સંભળાવીને **દેવિલાપુત્ર રાજર્ષિ** મોક્ષસુખને પામ્યાં. (તેમને નમું છું.)(૧૦૨)

श्लोक : दोरयणिपमाणतणू, जहन्नउगाहणाए जो सिद्धो ।
तमहं तिगुत्तिगुत्तं, कुम्मापुत्तं नमंसामि ॥१०३॥

टीका : वामनत्वात् द्विहस्तप्रमाणतनुर्जघन्यावगाहनया यः सिद्धः तं कूर्मापुत्रं नमामि । कथम्भूतं ? त्रिगुप्तिगुप्तम् ॥१०३॥

ગાથાર્થ : વામનપણું હોવાથી, બેહાથ પ્રમાણ કાયાવાળા હોવાથી જઘન્ય અવગાહના વડે જેઓ સિદ્ધ થયાં, અને એવા જેઓ ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત હતા તે **કૂર્માપુત્ર**ને હું નમું છું. (૧૦૩)

श्लोक : जो सासयसुहहेऊ, जाओ गुरुणो वि उवसमसहाओ ।
तं चंडरुद्दसीसं, वंदे सेहं पि वरनाणिं ॥१०४॥

टीका : यः शिष्यः शाश्वतसुखहेतुर्गुरोः चण्डरुद्राचार्यस्यापि उपशमसहायो जातः तं चण्डरुद्रशिष्यं वन्दे शैक्षमपि वरज्ञानिनं केवलज्ञानिनम् ॥१०४॥

ગાથાર્થ : જેઓ પોતાના ગુરુ ચંડરુદ્રાચાર્યની પણ ઉપશાંતિમાં સહાયભૂત થવા વડે શાશ્વત સુખના હેતુભૂત બન્યાં તે નૂતન દીક્ષિત છતાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરનારા **શ્રી ચંડરુદ્રાચાર્યના શિષ્ય મુનિવર**ને હું વંદન કરું છું. (૧૦૪)

श्लोक : बत्तीसं जुवइवई, जो कायंदीपुरीइ पव्वइयो ।
छट्ठस्स सया पारण-मुज्झियमायंबिलं जस्स ॥१०५॥
वीरपसंसियतव-रूव-लच्छि नवमाससुकयपरियाओ ।
सो धन्नो सव्वट्ठे, पत्तो इक्कारसंगविऊ ॥प्र० २५॥

टीका : द्वात्रिंशद्युवतीपतिर्यः काकन्दीपुर्यां प्रव्रजितो, यस्य सदा षष्ठस्य पारणे उज्झितया[भिक्षया] आचाम्लप्रत्याख्यानं स षष्ठतपः करोति पारणके त्याज्यधान्येन आचाम्लं करोति । गोचरचर्यायां गृहस्थगृहे कार्योपयोगि किमपि नादत्ते ॥१०५॥ स धन्य एकादशाङ्गवित् सर्वार्थसिद्धविमाने प्राप्तः यस्य श्री महावीरेण तपोरूपलक्ष्मीः प्रशंसिता तथा नवमास-सुकृतपर्यायः ॥प्र० २५॥

ગાથાર્થ : કાકંદીનગરીમાં જન્મેલા બત્રીશ પત્નીઓના સ્વામી એવા ધન્ના કાકંદીએ દીક્ષા લીધી. પછી છઠ્ઠના પારણે છઠ્ઠ અને પારણે આયંબીલ કરતાં હતાં. તેમાં ય તેઓ હંમેશા ગૃહસ્થને કામ લાગે તેવી કોઇ વસ્તુ સ્વીકારતા નહીં, માત્ર ઉજ્ઝિતા ભિક્ષાથી જ નિર્વાહ કરતાં હતાં. નવ મહિના સુધી સુંદર એવું ચારિત્રનું પાલન કર્યું, અગીયાર અંગનું અધ્યયન કર્યું અને જેમની તપરૂપી લક્ષ્મીની શ્રીવીરપ્રભુએ પ્રશંસા કરી તેવા સર્વાર્થસિદ્ધ વિમાનમાં ગયેલા **ધન્ના કાકંદીને** ધન્ય છે. (૧૦૫, પ્ર૦ ૨૬)

श्लोक : सो जयउ सीयलसूरी, केवलनाणीण भायणिज्जाणं ।
दिंतेण भाववंदण-मुवज्जियं केवलं जेणं ॥१०६॥

टीका : येन केवलज्ञानिनां भागिनेयानां भाववन्दनकं ददता केवलज्ञानमुपार्जितं स शीतलसूरिर्जयतु ॥१०६॥

ગાથાર્થ : જેમણે કેવળી એવા ભાણીયાઓને ભાવથી વંદન કરતા કેવળજ્ઞાન પ્રાપ્ત કરી લીધું તે **શ્રી શીતલસૂરિમહારાજા** જય પામો. (૧૦૬)

श्लोक : पियदंसणो मुणीण वि, जो मुणिदाणप्पभावओ जाओ ।
वीरसुसीसो पत्तो, मासं संलिहिय सोहम्मे ॥१०७॥
माणुस्सं सामन्नं च, पप्प कप्पे सणंकुमारम्मि ।
उववज्जिस्सइ एवं, बंभे सुक्के य आणयए ॥१०८॥
आरणए सव्वट्ठे, तत्तो सिज्झिस्सई विदेहेसु ।
तमहं सुबाहुसाहुं, नमामि इक्कारसंगधरं ॥१०९॥

टीका : यो मुनिदानप्रभावतो मुनीनामपि प्रियदर्शनो जातः श्रीवीरसुशिष्यो माससंलेखनायां (मासं संलिख्य संलेखनां कृत्वा) सौधर्मे प्राप्तः ततो मानुष्यं श्रामण्यं च प्राप्य सनत्कुमारे कल्पे उत्पत्स्यते । एवं मनुष्यभवान्तरितो ब्रह्मलोकादिषूत्पद्य विदेहेषु सिद्धिं यास्यति [तं सुबाहुसाधुं एकादशाङ्गधरं नमामि] ॥१०७-१०९॥

ગાથાર્થ : જેઓ મુનિને દાન આપવાના પ્રભાવથી મુનિઓમાં પણ પ્રિયદર્શનવાળા થયા. વળી શ્રી વીરપ્રભુના શિષ્ય થઈ ૧ માસની સંલેખના કરીને સૌધર્મ દેવલોકમાં ગયાં. ત્યાંથી ફરી મનુષ્યભવ અને સંયમને પામી સનત્કુમાર દેવલોકમાં ઉત્પન્ન થશે. એ પ્રમાણે મનુષ્યભવના આંતરા વડે બીજા

પણ બ્રહ્મલોકાદિ દેવલોકોમાં થઈ મહાવિદેહમાંથી સિદ્ધ થશે. તે અગીયાર અંગના ધારી એવા શ્રી સુબાહુ મુનિવરને હું નમું છું. (૧૦૭-૧૦૯)

श्लोक : अन्ने वि भद्दनंदि-प्पमुहा नव निवकुमारमुणिवसहा ।
संपत्तसुहविवागा सुबाहुगमएण नायव्वा ॥११०॥

टीका : अन्येऽपि भद्रनन्दिप्रमुखा नव नृपकुमारमुनिवृषभाः संप्राप्तसुखविपाकाः शुभविपाकाः सुबाहुसदृशपाठेन ज्ञातव्याः, यथा-सुबाहोः साधोः 'पियदंसणो० माणुस्सं० आरणए सव्वट्ठे० 'त्ति तत्सर्वं तथा अमीषामपि नवानां वाच्यम् ॥११०॥

ગાથાર્થ : બીજા પણ ભદ્રનંદિ વગેરે નવ રાજપુત્ર મુનિવૃષભો થયા, કે જેઓ પણ સુબાહુ મુનિની જેમ સુખકર્મના (શુભકર્મના) ફળને ભોગવવાવાળા અને શુભગતિની પરંપરાવાળા થયા એટલે કે તેમને પણ પ્રિયદર્શનપણું, મનુષ્યભવ પછી ૧૧મો દેવલોક, સર્વાર્થવિમાન વગેરે શુભગતિઓ આ નવને પણ જાણવી. (૧૧૦)

श्लोक : लोए व अलोए वा, पुव्विं एमाइ पुच्छिओ वीरो ।
रोहा सासयभावाण, नाणुपुव्वि त्ति अकहिंसु ॥१११॥

टीका : वैधर्मकेण रोहकेन(ण) श्रीवीरं केवलिनं श्रुत्वा समेत्य पूर्वं प्रथमं लोको वा अलोको वा जातः ? इत्येवमादि श्रीवीरं समुवाच (श्रीवीरः पृष्टः) । हे ! रोहक ! शाश्वतभावानां आनुपूर्वी अनुक्रमो

नास्ति कोऽपि, अमुकं प्रागुत्पन्नं अमुकं पश्चादुत्पन्नमिति विचारणा शाश्वतपदार्थानां न विद्यते इति श्रीवीरोऽकथयत् तस्य ॥१११॥

ગાથાર્થ : અન્યધર્મી એવા રોહકે શ્રી વીરપ્રભુ કેવળજ્ઞાની-સર્વજ્ઞ છે એમ જાણીને પ્રભુને - 'પહેલા લોક થયો કે અલોક?' વગેરે વગેરે પ્રશ્નો પૂછ્યાં, ત્યારે પ્રભુએ - 'હે રોહક ! શાશ્વત ભાવોનો કોઈ અનુક્રમ હોતો નથી. અમુક પહેલા પેદા થયું, અમુક પછી પેદા થયું એવું શાશ્વત પદાર્થોમાં હોતું નથી.' એ પ્રમાણે પ્રભુએ રોહકને કહ્યું. (૧૧૧)

श्लोक : संते व असंते वा, लोए इच्चाइ पिंगलगमुणिणा ।
पुट्ठो निव्वागरणो, वीरसयासम्मि पव्वइओ ॥११२॥
एक्कारसंगधारी, गोयमसामिस्स पुव्वसंगइओ ।
बारसवासे बारस, पडिमाओ तवं च गुणरयणं ॥११३॥
फासित्तु अच्चुए, जो मासं पाउवगमेण संपत्तो ।
सिज्झिस्सई य विदेहे, तं खंदयमुणिवरं वंदे ॥११४॥

टीका : तावता तत्रस्थेन पिङ्गलकमुनिना पृष्टः । हे ! रोहक ! (स्कन्दक!) अहं प्राक् पृच्छामि वद ? अयं लोकः सान्तो अन्तसहितो वा अनन्तो अन्तरहितः, अपिशब्दात् (आदिशब्दात्) सादिर्वा वद यत्सत्यं इति पृष्टो रोहको (स्कन्दको) निर्व्याकरणो निरुत्तरो जातः सन् प्रतिबुद्धः श्रीवीरसकाशे प्रव्रजितः । 'इच्चाइ' इत्यादि । एकादशाङ्गधारी श्रीगौतमस्वामिनः पूर्वसङ्गतिकः स्कन्दकनामा मुनिः [द्वादशवर्षैः] द्वादशप्रतिमा गुणरत्नसंवत्सरतपश्च स्पृष्ट्वा कृत्वा मासिकपादोपगमनेन अच्युतदेवलोके प्राप्तः । ततो विदेहेषु सेत्स्यति । तं स्कन्दकमुनिवरं वन्दे ॥११२-११४॥

ગાથાર્થ : ત્યારે ત્યાં રહેલા પિંગલક મુનિએ પૂછ્યું, કે - હે રોહક ! (સ્કંદક) હું પહેલા પૂછું છું તું જવાબ આપ, આ લોક અંત સહિત છે કે અનંત છે ? આદિ યુક્ત છે કે અનાદિ ? જે સાચું હોય તે બોલ. એમ પૂછાતાં રોહક (સ્કંદક) નિરુત્તર થઈ ગયો. ત્યારે પ્રતિબોધ પામેલા તેણે (સ્કંદકે) પ્રભુ પાસે દીક્ષા લીધી. શ્રી ગૌતમસ્વામી સાથે પૂર્વના સંબંધવાળા અને અગીયાર અંગના ધારક એવા સ્કંદક મુનિ બાર વર્ષે બાર પ્રતિમા અને ગુણરત્ન નામના વાર્ષિક તપને કરીને ૧ માસના પાદપોપગમન અનશન વડે અચ્યુત દેવલોકને પામ્યાં. ત્યાંથી મહાવિદેહમાં જઇ સિદ્ધ થશે. તે **સ્કંદક મુનિને** હું વંદું છું. (૧૧૨-૧૧૪)

श्लोक : चरमजिणसीसतीसग-मुणी तवं छट्ठमट्ठवरिसाइं ।
काउं मासं संलिहिय, सक्कसामाणिओ जाओ ॥११५॥

टीका : श्रीवीरशिष्यः तिष्यकनामा मुनिरष्टवर्षाणि षष्ठं तपः कृत्वा मासं संलिख्य संलेखनां कृत्वा शक्रसामानिकः सौधर्मेन्द्रसमो जातः ॥११५॥

ગાથાર્થ : શ્રીવીર પરમાત્માના **તિષ્યક** નામના શિષ્ય આઠ વર્ષ સુધી છઠ્ઠનો તપ અને ૧ માસની સંલેખના કરીને સૌધર્મેંદ્રના સામાનિક દેવ થયાં.

श्लोक : कुरुदत्तसुओ छम्मास-मट्ठमायवणपारणायामं ।
काउं ईसाणसमो, जाओ संलिहिय मासद्धं ॥११६॥

टीका : कुरुदत्तमुनिः षण्मासान् अष्टमातपनपारणाचाम्लं कृत्वा-अष्टमेन आतपनं तपःकरणं पारणे च आचाम्लकरणं मासार्द्धं-पक्षं संलिख्य ईशानसमो (ईशानेन्द्रसमो) जातः ॥११६॥

ગાથાર્થ : **શ્રી કુરુદત્તમુનિ** ૭ મહિના સુધી અટ્ઠમનો તપ અને પારણે આયંબીલ એ પ્રમાણે તપ કરીને અને ૧ પખવાડીયાની સંલેખના કરીને ઈશાનેંદ્ર જેવી ઋદ્ધિવાળા સામાનિક દેવ થયાં. (તેમને નમું છું.) (૧૧૬)

श्लोक : छट्ठऽट्ठममासो, अद्धमासो वासाइं अट्ठ छम्मासा ।
तीसगकुरुदत्ताणं, तवभत्तपरिण्णपरियाओ ॥११७॥

टीका : तिष्यकमुनिकुरुदत्तमुन्योः तपोभक्तपरिज्ञापर्यायाणां क्रमेण 'छट्ठट्ठमे' ति संख्या द्वयोरपि क्रमात् षष्ठं अष्टमं च तपः, मासमर्द्धमासं च भक्तपरिज्ञा अनशनं अष्टौ वर्षाणि षण्मासांश्च व्रतपर्याय इति ज्ञेयम् । एष पाश्चात्यगाथाद्वयस्यैवार्थः कथितः ॥११७॥

ગાથાર્થ : શ્રી તિષ્યક મુનિ અને શ્રી કુરુદત્તમુનિના તપ, ભક્તપરિજ્ઞા-અનશન અને પર્યાય ક્રમે કરીને કહેવાય છે. છટ્ઠ અને અટ્ઠમ એ અનુક્રમે બંન્નેનો તપ જાણવો. ૧ માસ અને અર્ધમાસનું અનશન તથા આઠ વર્ષ અને ૭ માસ વ્રતપર્યાય જાણવો. આ પહેલાની બે ગાથાનો જ અર્થ કહ્યો છે. (૧૧૭)

श्लोक : पव्वइओ जो माया-समन्निओ वीरपायमूलम्मि ।
सो अभयकुमारमुणी, पत्तो विजयं वरविमाणं ॥११८॥

टीका : माता सुनन्दा तया समन्वितः सहितः प्रव्रजितः वीरपादमूले अभयकुमारमुनिर्विजयवरविमानं प्राप्तः ॥११८॥

ગાથાર્થ : માતા સુનંદા સાથે શ્રી વીરપ્રભુના ચરણકમળમાં દીક્ષા ગ્રહણ કરીને શ્રી **અભયકુમારમુનિ** શ્રેષ્ઠ એવા વિજયવિમાનમાં (અનુત્તર વિમાન) ગયા. (૧૧૮)

श्लोक : रायवरकन्नगाओ, अवगण्णिय अट्ठ गहियपव्वज्जो ।
पुव्वभवकहणपुव्वं, वीरेण थिरीकओ धम्मे ॥११९॥
भिक्खुपडिमाउ बारस, काउं गुणरयणवच्छरं च तवो ।
पत्तो मेघकुमारो, विजए इक्कारसंगधरो ॥१२०॥

टीका : राजवरकन्यका महानरेन्द्रदुहितरः [ताः] अवगणय्य परित्यज्य अष्टसंख्या गृहीतप्रव्रज्य उपाश्रयद्वारदेशपर्यन्तलब्धसंस्तारकः प्रविशन्निःसरन्मुनिजनचरणसंघट्टजातचित्तविप्लुतिर्भग्नव्रतपरिणामः पूर्वभवकथन-पूर्वं पश्चाद् भवनिर्वेदनपुरस्सरं श्रीवीरेण स्थिरीकृतो निश्चलीकृतो धर्म्मे इत्यर्थः । भिक्षुप्रतिमाः साधुप्रतिमा द्वादश मासिक्यादिका एकरात्रिकी-पर्यवसानाः स्पृष्ट्वा आसेव्य तथा गुणरत्नसंवत्सरं तपश्च स्पृष्ट्वा पर्यन्ते चाराधनां विधाय एकादशाङ्गवेदी मेघकुमारमहर्षिर्विजये-ऽनुत्तरविमाने प्राप्तो महाविदेहे सेत्स्यति ॥११९-१२०॥

મેઘકુમારનું વૃત્તાંત કહેવાય છે-

ગાથાર્થ : મેઘકુમારે શ્રેષ્ઠ એવી આઠ રાજકન્યાઓને છોડીને દીક્ષા ગ્રહણ કર્યા બાદ ઉપાશ્રયના દરવાજામાં સંથારો હોવાથી આવતા-જતા મુનિઓના પગની રજ પડવા વગેરેથી ઉત્પન્ન

થયેલ કુવિકલ્પના કારણે તેમનો સંયમનો પરિણામ નષ્ટ થયો. ત્યારે શ્રીવીરપરમાત્માએ પૂર્વભવો કહેવાપૂર્વક તેમને ઉપદેશ આપ્યો અને ભવનિર્વેદની વાત સમજાવવા સાથે તેમને ધર્મમાં સ્થિર કર્યા. પછી એક માસિકી આદિમાં છે અને એકરાત્રિકી અંતમાં છે એવી શ્રમણધર્મની બાર પ્રતિમાને આરાધીને અને ગુણરત્ન સંવત્સર નામનો તપ કરીને અને અંતે પર્યન્તારાધનાને કરીને અગીયારઅંગના ધારક એવા **શ્રી મેઘકુમારમહર્ષિ** વિજય નામના અનુત્તર વિમાનમાં પહોંચ્યાં, ત્યાંથી મહાવિદેહમાં જઈ સિદ્ધ થશે. (તેમને નમું છું.) (૧૧૯-૧૨૦)

श्लोक : वेसावासे वासं, कुणमाणो जयउ नंदिसेणमुणी ।
दस दस दिवसे दिवसे, पुरिसे पडिबोहिऊण बलइ ।।प्र०२६ ।।

टीका : वेश्यावासे वासं कुर्वाणोऽपि यो दिने दिने प्रतिदिनं दश दश पुरुषान् प्रतिबोध्य 'बलइ'त्ति ['धातवोऽर्थान्तरेऽपि' ८-४-२५९ इति सूत्रेण खादति प्राणनं करोति वा] खादति भुङ्क्ते स्म, स नन्दिषेणमुनिर्जयतु ।।प्र० २६ ।।

ગાથાર્થ : વેશ્યાના ઘરમાં રહેવા છતાં જે રોજે રોજ દશ-દશ પુરુષોને પ્રતિબોધીને (પછી જ) ભોજન લેતાં હતાં તે **નંદિષેણ મુનિવર** જય પામો. (પ્ર૦ ૨૬)

श्लोक : सामिस्स वयं सीस त्ति, चत्तवेरा सुरीइ साहरिया ।
सेयणए रयणाए, उववन्ने हल्ल य विहल्ल ।।१२१ ।।

कयगुणरयणा इक्कार-संगिणो सोलबारवरिसवया ।
हल्ल जयंते पत्तो, अवरो अवराइयविमाणे ॥१२२॥

टीका : हल्लविहल्लनामानौ कुमारौ श्रीश्रेणिकाङ्गजौ कोणिकायत्ते राज्ये सति सेचनकगजमादाय चेटकराजाभ्यर्ण्णे गतौ । कोणिकेन च तत्र गत्वा युद्धे प्रारब्धे गजेन हल्लविहल्लौ उत्पाट्य अङ्गारभृतखातिकायाः परतः क्षिप्तौ । तत्र तौ स्वामिनः श्रीवीरस्य आवां शिष्याविति वदन्तौ त्यक्तवैरौ सूर्या देवतया संहृतौ उत्पाट्य श्रीवीराभ्यर्ण्णे गृहीतौ प्रव्रजितौ । सेचनकगजस्तत्र खातिकायां प्रविश्य विनष्टो रत्नप्रभायां प्रथमनरकपृथ्व्यां समुत्पन्नः। तौ तु कुमारौ कृतगुणरत्नसंवत्सरतपसौ एकावतारौ क्रमशः षोडशद्वादशवर्षचारित्रपर्यायौ जयन्तेऽनुत्तरविमाने प्राप्तौ [हल्लो जयन्ते प्राप्तः, अपरो विहल्लो अपराजितविमाने प्राप्तः] ॥१२१-१२२॥

ગાથાર્થ : શ્રી શ્રેણિક રાજાના હલ્લ-વિહલ્લ નામના બે કુમારો કોણિકની સત્તામાં રાજ્ય હોતે છતે સેચનક હાથીને લઈને ચેટકરાજા પાસે ગયાં. કોણિકે ત્યાં જઈ યુદ્ધ શરૂ કર્યું. એકવાર હલ્લ-વિહલ્લ સેચનક હાથી પર બેસી જઇ રહ્યા હતાં. વચમાં અંગારા ભરેલી ખાઇ આવી. ત્યારે હલ્લ-વિહલ્લને પરાણે પણ ઉતારી દઈને હાથીએ ખાઈમાં ઝંપલાવ્યું. આ જોઇ હલ્લ-વિહલ્લ વિરક્ત થઇ ગયા અને ત્યાં રહેલા તેઓ 'શ્રી વીરપરમાત્માના અમે બે શિષ્યો (છીએ)' એ પ્રમાણે બોલતાં વૈરરહિત થઇ ગયા, ત્યારે તેમને (શાસન) દેવીએ ઉપાડીને શ્રી વીરપરમાત્મા પાસે મૂક્યા અને તે બન્નેએ દીક્ષા લીધી. (આ તરફ) સેચનક હાથી તે ખાઈમાં પડીને મૃત્યુ પામ્યો અને પહેલી રત્નપ્રભા નરકમાં ઉત્પન્ન થયો.

તે બન્ને એકાવતારી મુનિઓ કે જેઓ ગુણરત્ન સંવત્સર નામનો તપ કરવાપૂર્વક અનુક્રમે સોળ અને બાર વર્ષનો ચારિત્રપર્યાય પળીને અનુક્રમે જયંત અને અપરાજિત વિમાનમાં ઉત્પન્ન થયા. એટલે કે **હલ્લ** જયંત વિમાનમાં અને **વિહલ્લ** અપરાજિત વિમાનમાં ગયાં. (તેમને નમું છું.) (૧૨૧-૧૨૨)

श्लोक : धम्मायरियाणुराएण, चत्तजीयं पडीणजाणवयं ।
सव्वाणुभूइमेगावयारि-सहसारगं वंदे ॥१२३॥

टीका : धर्म्माचार्यानुरागेण त्यक्तजीवं, प्रतीचीनजानपदं पश्चिमदिशि समुत्पन्नं, पश्चिमदिशि समुत्पन्ना हि सद्दढाः सभक्ताश्च भवन्तीति इदं विशेषणं, सर्वानुभूतिमुनीश्वरं एकावतारं(रिणं) सहस्रारगं वन्दे । सहस्रारे गत्वा एकवारमवतीर्य सेत्स्यतीति भावः ।गोशालः श्रीवीरं प्रति दुर्वचनमवक् । श्रीवीरशिष्यसर्वानुभूतिस्तदसहन् गोशालं हक्कितवान् ।क्रुद्धो गोशालकस्तं प्रति तेजोलेश्यां मुमोच तया स शुभध्यानान्मृत इति ॥१२३॥

ગાથાર્થ : પશ્ચિમ દિશા તરફના દેશમાં ઉત્પન્ન થયેલા (એ દેશમાં જન્મેલા વિશેષપણે દઢ અને ભક્તિવાળા હોવાથી આ વાત કરી છે.) એકાવતારી અને ધર્માચાર્યના અનુરાગથી કાળધર્મને પામી સહસ્રાર દેવલોકમાં જનારા **સર્વાનુભૂતિ મુનીશ્વર**ને હું વંદન કરું છું. તે વાત આ રીતે :-

ગોશાળો શ્રી વીરપ્રભુ સામે અપશબ્દ બોલવા લાગ્યો. તે સર્વાનુભૂતિ મુનિવરથી સહન ન થતાં તેને પ્રત્યુત્તર આપવા લાગ્યાં. તેથી ગુસ્સે ભરાયેલા ગોશાળાએ તેમના ઉપર

તેજોલેશ્યા મૂકી, તેથી તેઓ શુભધ્યાનથી કાળધર્મ પામી સહસ્રાર દેવલોકમાં ગયાં. ત્યાંથી એક ભવ કરી મોક્ષમાં જશે. (તેમને નમું છું.) (૧૨૩)

श्लोक : जो तेयपरिगयतणू, कासी मुणिखामणाइं तं नमिमो ।
कोसलजाणवयं अच्चुयम्मि पत्तं सुनक्खत्तं ॥१२४॥

टीका : यः तेजःपरिगततनुः तेजोलेश्यया क्लिष्टतनुः (प्लुष्टतनुः) मुनीनां क्षामणादि अन्त्याराधनारूपं कोसलदेशे अकार्षीत् । तेजोलेश्या गोशालकेन श्रीवीरं प्रति मुक्ता अन्तराभूतस्य सुनक्षत्रस्य मुनेर्लग्ना स विनश्य अच्युतं प्राप्तः [तं नमामः] ॥१२४॥

ગાથાર્થ : જેઓ તેજોલેશ્યાથી બળી ગયા છતાં મુનિઓને ખમાવવા વગેરે અંત્યારાધના કોશલદેશમાં કરીને કાળધર્મ પામ્યા, તેમની વાત કહે છે :- શ્રી વીરપ્રભુ પ્રત્યે ગોશાળાએ તેજોલેશ્યા મૂકી, ત્યારે વચ્ચે આવેલ **શ્રી સુનક્ષત્ર મુનિવર**ને લાગી. તેથી કાળધર્મ પામી તેઓ અચ્યુત દેવલોકમાં ગયાં. (તેમને નમીએ છીએ.) (૧૨૪)

श्लोक : मिंढियगामे रेवइ-पडिलाभियमोसहं भुवणगुरुणो ।
पाणिंमि निसिट्ठं जेण, वंदिमो तमिह सीहमुणिं ॥१२५॥

टीका : मिण्ढिकाग्रामे रेवतीश्राविकया प्रतिलाभितं तु तं औषधं भुवनगुरोः श्रीवीरस्य पाणौ येन निसृष्टं येनानीयार्प्पितमिति, इह तं सिंहमुनिं वन्दे ॥१२५॥

ગાથાર્થ : મિંઢિકાનગરીમાં રેવતી શ્રાવિકાએ વ્હોરાવેલ તે ઔષધ શ્રી વીરપ્રભુના હસ્તપદ્મમાં લાવીને (જેમણે) આપ્યું તે **સિંહમુનિ**ને હું વંદન કરું છું. (૧૨૫)

श्लोक : अज्ज वि अट्ठिनिवेसा, जेसिं अच्छेरयं व दीसंति ।
वेभारपव्वयवरे जमलसिलारूवसंथारे ॥१२६॥
ते धन्न-सालिभद्दा, अणगारा दो वि तवमहड्ढिया ।
मासं पाओवगया, पत्ता सव्वट्ठसिद्धंमि ॥१२७॥

टीका : अद्यापि ययोरस्थिनिवेशमिला यमलशिलारूप एव संस्तारः यमलशिला-रूपसंस्तारस्तत्र[वैभारपर्वते] आश्चर्यमिव दृश्यते । तौ तपोमहर्द्धिकौ मासं पादपोपगतौ धन्यशालिभद्रौ [द्वावपि] अणगारौ सर्वार्थसिद्धं प्राप्तौ ॥१२६-१२७॥

ગાથાર્થ : વૈભાર પર્વત ઉપર બે શિલાઓ રૂપી સંથારામાં આજે પણ આશ્ચર્યકારીરૂપે જેઓના અસ્થિનિવેશ દેખાય છે, તે તપરૂપી મહાઋદ્ધિવાળા અને એક માસના પાદપોગમન અનશનને કરીને સર્વાર્થસિદ્ધ વિમાનમાં ગયેલા તે બંને ધન્ય અને શાલિભદ્ર મુનિવરોને હું વદું છું. (૧૨૬-૧૨૭)

श्लोक : चंपाओ वीयभए, गंतुं वीरेण दिक्खिओ जो उ ।
संपत्तो परमपयं, उदायणो चरमरायरिसी ॥१२८॥

टीका : चम्पापूर्या वीतभये गत्वा श्रीवीरेण य उदायनो राजा दीक्षितः स परमपदं संप्राप्तश्चरमराजर्षिर्जातः ॥१२८॥

ગાથાર્થ : ચંપાપુરીથી વીતભયનગરમાં પધારીને શ્રી વીરપ્રભુએ જે ઉદાયનરાજાને દીક્ષા આપી તે (ઉદાયન રાજા) અંતિમ રાજર્ષિ થયાં અને મોક્ષને પામ્યા. (તેમને વંદન કરું છું) (૧૨૮)

श्लोक : जस्स य अभिनिक्खमणे, चोरा संवेगमागया खिप्पं ।
तेणं सह पव्वइया, जंबुं वंदामि अणगारं ॥प्र० २७॥

सीहत्ता निक्खंतो, सीहत्ता चेव विहरिओ भयवं ।
जंबू पवरगणहरो, वरणाणचरित्तसंपन्नो ॥प्र० २८॥
मगहासुं सुग्गामे, रट्ठउडो अज्जवं च रेवइया ।
तेसिं चिय भवदत्तो, भवदेवो जिट्ठ पव्वइओ ॥प्र० २९॥
तेण कणिट्ठो भाया, परिणीओ नागवासुकीधूयं ।
कवडेण य पव्वाविय, भवदेवो तो सुरो जाओ ॥प्र०३०॥
पउमरहरायगेहे, वणमालादेवीउयरसरहंसो ।
नामेण सिवकुमारो, कुमरो अंतेउरम्मि ठिओ ॥प्र० ३१॥
छट्ठं छट्ठेण तवं, आयंबिलपारणेण जो कासी ।
दढधम्मकयाहारो, भावमुणी वरिसबारसगं ॥प्र० ३२॥
होऊण विज्जुमाली, देवो बंभे चइत्तु रायगिहे ।
इब्भउसहस्स धारिणि-पुत्तो पडिबोहियकलत्तो ॥प्र० ३३॥

टीका : यस्य भगवतश्चाभिनिष्क्रमणे चौराः संवेगमागताः शीघ्रं तेन सह प्रव्रजितास्तं जम्बूस्वामिनमनगारं वन्दे ॥ ॥ सिंहत्वेन निष्क्रान्तः सिंहत्वेनैव च विहृतो भगवान् जम्बूस्वामी प्रवरगणधरः श्रेष्ठज्ञानचारित्र-सम्पन्नः ॥ ॥ मगधेषु सुग्रामे राष्ट्रकूट आर्यवान् रेवतिका च तस्य भार्या । तयोरेव भवदत्तो भवदेवश्च द्वौ सुतौ । ज्येष्ठो भवदत्तः प्रव्रजितः ॥ ॥ तेन कनिष्ठो भ्राता नागदत्तवासुकीसुतां परिणीतः कपटेन प्रव्राजितः । ततो भवदेवो देवो जातः ॥ ॥ पद्मरथराजगृहे वनमालादेवीकुक्षिसरोहंसो नाम्ना शिवकुमारो जातस्तत्रान्तःपुरे स्थितः ॥ ॥ षष्ठं षष्ठेन तपः, आचाम्लेन च पारणं योऽकार्षीत् । दृढधर्मेण कृत आधारो यस्य स भावमुनिर्द्वादशवर्षाणि यावत् ॥ ॥ ब्रह्मलोके विद्युन्माली देवो भूत्वा ततश्च्युत्वा राजगृहे ऋषभदत्ताख्यस्येभ्यस्य

धारिणीपुत्रो जातः प्रतिबोधितप्रियः ॥२७-३३॥

ગાથાર્થ : જેમની દીક્ષાના અવસરે (આગલા દિવસે) (ચોરી કરવા) આવેલા ચોરો પણ વૈરાગ્ય પામ્યા અને તરત જ તેમની સાથે દીક્ષા લીધી તે અણગાર **શ્રી જંબૂસ્વામી**ને હું વંદન કરું છું.

સિંહની જેમ ચારિત્ર લેનારા, સિંહની જેમ ચારિત્ર પાળનારા, શ્રેષ્ઠ કોટિના ગણધર (આચાર્ય) અને ઉત્તમ એવા જ્ઞાન-ચારિત્રથી યુક્ત શ્રી જંબૂસ્વામીનો વૃત્તાંત કહે છે.

મગધદેશમાં સુંદર એવા રાષ્ટ્રકૂટ ગામમાં આર્યવાન નામે ગૃહસ્થ હતો અને રેવતિકા નામે તેની ભાર્યા હતી. તેને ભવદત્ત અને ભવદેવ નામે બે પુત્રો હતાં. મોટા ભવદત્તે દીક્ષા લીધી. તેણે નાગદત્ત અને વાસુકીની (નાગીલા નામની) કન્યાને પરણેલા નાના ભાઈ ભવદેવને કપટ વડે દીક્ષા આપી. ત્યાર પછી ભવદેવ મુનિ સ્વર્ગે ગયા. ત્યાંથી પદ્મરથરાજાના મહેલમાં વનમાલા નામની પટ્ટરાણીની કુક્ષિરૂપી સરોવરમાં હંસ સમાન તે અવતર્યો. જન્મતા તેનું શિવકુમાર નામ પડ્યું. ક્રમે કરીને યુવાનવયે પહોંચતા તે શિવકુમારને પ્રબળ વૈરાગ્ય જાગ્યો, પરંતુ મોહાધીન માતા-પિતાએ સંમતિ ન આપી, ત્યારે તેઓ છટ્ઠને પારણે છટ્ઠ અને પારણે આયંબિલ એ રીતે તપ કરતાં રહ્યાં. આ રીતે દૃઢતાપૂર્વક આલંબન લઈને તેઓએ ૧૨ વર્ષ સુધી ભાવચારિત્રનું પાલન કર્યું. (ત્યાંથી કાળધર્મ પામી) અને ત્યાંથી બ્રહ્મલોકમાં વિદ્યુન્માલી નામે દેવ થયાં. ત્યાંથી ચ્યવી રાજગૃહ નગરમાં ઋષભદત્ત શેઠના ઘરે તેમની પત્ની

ધારિણીના પુત્ર જંબુ નામે થયાં. તે જંબુકુમારે પોતાની પ્રિયાઓને પણ પ્રતિબોધ પમાડ્યો (અને સૌએ સાથે દીક્ષા લીધી હતી.) (પ્ર૦ ૨૭-૩૩)

श्लोक : जो नवजुव्वणपसरो, वियलियकंदप्पदप्पमाहप्पो ।
सो जंबू परमरिसी, अपच्छिमो केवली जयउ ॥१२९॥

टीका : यो नवयौवनप्रसरो विदलितकन्दर्पदर्प्पमाहात्म्यो जातः स अपश्चिमः केवलज्ञानी जम्बूः परमऋषिर्जयतु, नास्ति पश्चिमोऽस्मादित्यपश्चिमः ॥१२९॥

ગાથાર્થ : નવયુવાન હોવા છતાં જેઓએ કામદેવના અહંકારને ભાંગી નાંખ્યો હતો તે મહિમાશાળી અને છેલ્લા કેવળજ્ઞાની એવા **જંબૂમહામુનિ** જય પામો. (૧૨૯)

श्लोक : सिरिजंबुदंसणेणं, पडिबुद्धो परिवुडो परिजणेणं ।
गुणमणिपभवो पभवो, चउदसपुव्वी दिसउ भद्दं ॥१३०॥

टीका : नवपरिणीतवधूप्रतिबोधकाले चौरिकां(कार्थं) प्रविष्टः श्रीजम्बूकुमार-दर्शनेन प्रतिबुद्धः परिजनेन परिवृतो गुणमणीनां प्रभव उत्पत्तिस्थानं प्रभवनामा गणधरश्चतुर्दशपूर्वी भद्रं दिशतु ॥१३०॥

ગાથાર્થ : તાજી પરણેલી વહૂઓને જંબુકુમાર પ્રતિબોધ કરતા હતાં તે સમયે ચોરી કરવા માટે આવેલા અને જંબૂકુમારના દર્શનથી પ્રતિબોધ પામેલા, સ્વજનોથી પરિવરેલા (પોતાના પરિવારના ૫૦૦ ચોરો સાથે દીક્ષિત બનેલા) ગુણરૂપી રત્નોના

ઉત્પત્તિસ્થાન જેવા, ચૌદપૂર્વધર અને ગણના સ્વામી એવા **પ્રભવસૂરિ** સૌનું કલ્યાણ કરો. (૧૩૦)

श्लोक : सिज्जंभवं गणहरं, जिणपडिमादंसणेण पडिबुद्धं ।
मणगपियरं दसकालियस्स, निज्जूहगं वंदे ॥१३१॥

टीका : शय्यम्भवं गणधरं जिनप्रतिमादर्शनेन प्रतिबुद्धं मनकपितरं दश-वैकालिकस्य निर्यूहकं निष्कासितारं अपरग्रन्थेभ्यो निष्कास्य संक्षेपतः कर्त्तारं वन्दे ॥१३१॥

तत्कथा- यज्ञस्थाने 'अहो ! कष्टं अहो कष्टं तत्त्वं न ज्ञायते' इति नवसाधुवचने श्रुत्वा शय्यम्भवः पृष्टवान् । सूरिणा कथितं, याज्ञिकं पृच्छ । तेन स पृष्टः सत्यं न कथयति तदा शय्यम्भवेन असिरुत्पाट्य कथितं, सत्यं ब्रूहि नो चेत् शिरश्छेत्स्यामि । तदा तेन भीतेन यज्ञस्तम्भाधः शान्तिबिम्बं दर्शितं ततः स प्रतिबुद्धः ॥१३१॥

ગાથાર્થ : **શય્યંભવસૂરિ**, કે જેઓ જિનપ્રતિમાના દર્શનથી પ્રતિબોધ પામ્યા હતાં, મનકના પિતા હતાં, વિશાળ ગચ્છના સ્વામી હતાં. જેમણે બીજા ગ્રંથોમાંથી સંક્ષેપ કરીને દશવૈકાલિકની રચના કરી તેમને હું વંદન કરું છું.

ઘટના આ પ્રમાણે :-

યજ્ઞસ્થાનમાં 'અહો ! ખેદની વાત છે કે તત્ત્વ જણાતું નથી' એ પ્રમાણે નવા સાધુનું વચન સાંભળી શય્યંભવ બ્રાહ્મણે પૂછ્યું (કે આ શું કહો છો ?) સૂરિજીએ કહ્યું કે યાજ્ઞિકને પૂછો - તેમણે યાજ્ઞિકને પૂછ્યું, તેણે સાચો ઉત્તર ન આપતાં શય્યંભવે તલવાર બતાવીને કહ્યું કે 'સાચું બોલો,

નહીંતર માથું કાપી નાખીશ.' ત્યારે ગભરાયેલા યાજ્ઞિકે તે યજ્ઞના સ્તંભની નીચે રહેલી શ્રી શાંતિનાથ પ્રભુની પ્રતિમાના દર્શન કરાવ્યા અને તેથી શય્યંભવ પ્રતિબોધ પામ્યાં. (૧૩૧)

**श्लोक : चउदसपुव्विस्स नमो, जसभद्दस्सावि जस्स दो सीसा ।
संभूइविजयनामा, थेरे तह भद्दबाहू य ॥१३२॥**

टीका : चतुर्दशपूर्विणे यशोभद्राख्यगुरवे नमः, यस्य भगवतो द्वौ शिष्यावभूतां संभूतिविजयनामा स्थविरस्तथा भद्रबाहुश्च ॥१३२॥

ગાથાર્થ : ચૌદપૂર્વધારી **શ્રી યશોભદ્ર** નામના ગુરુને નમસ્કાર હો! જેમના બે શિષ્યો સ્થવિર **સંભૂતિવિજય** અને ભદ્રબાહુ હતા. (૧૩૨)

**श्लोक : दसाकप्पववहारा, निज्जूढा जेण नवमपुव्वाओ ।
वंदामि भद्दबाहुं, तमपच्छिमसयलसुयनाणिं ॥१३३॥**

टीका : येन नवमपूर्वात् दशाकल्पव्यवहारा निर्यूढा निष्कासिताः तमपश्चिमसकलश्रुतज्ञानिनं भद्रबाहुं वन्दे । ततः पूर्वव्यवच्छेदो मन्दं जातः । दशेति दशाश्रुतस्कन्धग्रन्थः १ कल्पग्रन्थः २ व्यवहारग्रन्थः ३ एते त्रयो ग्रन्था निष्कासिताः ॥१३३॥

ગાથાર્થ : જેઓએ નવમા પૂર્વમાંથી ઉદ્ધરીને દશાકલ્પવ્યવહાર (ત્રણ ગ્રંથો)ની રચના કરી તે છેલ્લા સકલશ્રુતજ્ઞાની ભદ્રબાહુ-**સ્વામીને** હું વંદન કરું છું. ત્યાર પછી ધીમે ધીમે પૂર્વોનો વિચ્છેદ થતો ગયો હતો.

'દશ' એ પ્રમાણે કહ્યું **તેથી આ ત્રણ ગ્રંથ સમજવા :-**
૧-દશાશ્રુતસ્કંધગ્રંથ, ૨-કલ્પસૂત્રગ્રંથ, ૩-વ્યવહારસૂત્રગ્રંથ. આ ત્રણ ગ્રંથો ઉદ્ધર્યા. (રચના કરી) (૧૩૩)

श्लोक : एक्को गुहाए हरिणो, बीओ दिट्ठीविसस्स सप्पस्स ।
तइओ वि कूवफलए, कोसघरे थूलभद्दमुणी ॥१३४॥
सीहो वा सप्पो वा, सरीरपीडाकरा मुणेयव्वा ।
नाणं व दंसणं वा, चरणं व न पच्चला भित्तुं ॥१३५॥

टीका : एको हरेः सिंहस्य गुहायां, द्वितीयो दृष्टिविषस्य बिले, तृतीयश्च कूपफलके, चतुर्थः स्थूलभद्रमुनिः कोशागृहे । सिंहो वा सर्पो वा शरीरपीडाकरौ ज्ञातव्यौ परमेतौ ज्ञानं वा दर्शनं वा चारित्रं वा भेत्तुं न प्रत्यलौ न समर्थौ ॥१३४-१३५॥

ગાથાર્થ : ૧ સિંહની ગુફા પાસે, બીજા દૃષ્ટિવિષસર્પના બિલ પાસે, ત્રીજા કૂવાની પાળી ઉપર અને ચોથા સ્થૂલભદ્ર મુનિ કોશાના ઘરે (ચોમાસુ રહ્યા). સિંહ કે સર્પ શરીરની પીડા કરનારા જાણવા, પણ તે જ્ઞાન, દર્શન કે ચારિત્રને ભેદવાને સમર્થ નથી. (૧૩૪-૧૩૫)

श्लोक : न दुक्करं अंबयलुंबितोडणं, न दुक्करं नच्चियसिक्खियाए।
तं दुक्करं जं (तं) च महाणुभावं,
जं सो मुणी पमयवणंमि वुच्छो ॥ प्र०३४॥
निच्चं पि तस्स नमिमो, कमकमलं विमलसीलकलियस्स ।
अइदुक्करदुक्कर, कारयस्ससिरिथूलभद्दस्स ॥प्र० ३५॥
जो हावभावसिंगार-सारवयणेहिं णेगरूवेहिं ।
वालग्गं पि न चलिओ, तस्स नमो थूलभद्दस्स ॥प्र० ३६॥
कोसाए लवंतीए, पुराणुभूयाइं रहस्सअणियाइं ।
जो मणयं पि न खुभिओ, तस्स नमो थूलभद्दस्स ॥प्र० ३७॥

जो अच्चुब्भडलायन्न-पुण्णपुण्णेसु मज्झअंगेसु ।
दिट्ठेसु वि न हु खुभिओ, तस्स नमो थूलभद्दस्स ।।प्र०३८।।
जो महकडक्खविक्खेव-तिक्खसरधोरणीहिं नो विद्धो ।
मेरुव्व निप्पकंपो, स थूलभद्दो मुणी जयउ ।।प्र० ३९।।
अक्खलियमरट्टकंदप्प-मद्दणे लद्धजयपडागस्स ।
तिक्कालं तिविहेणं नमो नमो थूलभद्दस्स ।।प्र० ४०।।
कोसासंसग्गीए, अग्गीए जो तया सुवन्नु व्व ।
उच्छलियबहुलतेओ, स थूलभद्दो चिरं जयउ ।।प्र० ४१।।
वंदामि चलणजुयलं, मुणिणो सिरिथूलभद्दसामिस्स ।
जो कसिणभुयंगीए पडिओ वि मुहे न निद्दसिओ ।।प्र०४२।।
पणमामि अहं निच्चं, पयपउमं तस्स थूलभद्दस्स ।
अद्धच्छिपिच्छिया(च्छणा)इं, कोसाए न जेण गणियाइं ।।प्र०४३।।
धन्नो स थूलभद्दो, मयरज्झयकुंभिकुंभनिम्महणो ।
निम्महियमोहमल्लो, जो गुरुणा वण्णिओ अहियं ।।प्र०४४।।
न खमो सहस्सनयणो, वि वण्णिउं थूलभद्दज्झाणग्गिं ।
तिजयदमणो वि मयणो, खयं गओ जत्थ मयणं व ।।प्र०४५।।
पणमह भत्तिभरेणं, तिक्कालं तिविहकरणजोएणं ।
सिरिथूलभद्दपाए, निहणियकंदप्पभडवाए ।।प्र० ४६।।

टीका : न दुष्करं आम्रलुम्बीत्रोटनम् । न दुष्करं मम शिक्षितायाः नर्त्तनम्, किन्तु यत् प्रमदावनेऽपि उषितो यो महानुभावो मुनिरभवत् दीक्षां

पालितवान् तत् दुष्करम् ॥ ॥ निर्मलशीलकलितस्य अतिदुष्कर-दुष्करकारकस्य श्रीस्थूलभद्रस्य क्रमकमले चरणकमलं सर्वदा नमामः ॥ ॥ यो हावभावशृङ्गारसारवचनैरनेकरूपैर्वालाग्रमपि मनागपि न चलितः तस्मै नमोऽस्तु स्थूलभद्राय ॥ ॥ पुरा अनुभूतानि रहस्यभणितानि लपन्त्या कथयन्त्या कोशया वेश्यया यो मनागपि न क्षुभितः तस्मै स्थूलभद्राय नमोऽस्तु ॥ ॥ योऽत्युद्भटलावण्य-पुण्यपूर्णेषु मध्याङ्गेषु नेत्रोदरादिषु निरीक्षितेष्वपि न क्षुभितस्तस्मै स्थूलभद्राय नमोऽस्तु ॥ ॥ यो महाकटाक्षविक्षेपरूपतीक्ष्णशरपङ्क्ति भिर्न विद्धः, मेरुरिव निष्प्रकम्पश्च स्थितः, स स्थूलभद्रो मुनिर्जयतु ॥ ॥ अस्खलितगर्वकन्दर्पमर्दने लब्धा जयपताका येन तस्मै स्थूलभद्राय त्रिकालं त्रिविधेन नमो नमः ॥ ॥ अग्निना सुवर्णवत् तेन कोशासंसर्गेण यः उच्छलितबहुतेजाः उच्छलितबहुप्रतापः संजातः स स्थूलभद्रो मुनिश्चिरं जयतु ॥ ॥ यो वेश्यारूपकृष्णभुजङ्ग्या मुखे पतितोऽपि शीलमहामन्त्रेण न निर्दष्टस्तस्य स्थूलभद्रस्वामिनो मुनेश्चरणयुगलमहं वन्दामि ॥ ॥ अहं तस्य स्थूलभद्रस्य पदकमलं सर्वदा प्रणमामि येन कोशाया अर्द्धाक्षिप्रेक्षणानि कटाक्षविक्षेपादीनि न गणितानि अतिधीरतया न चित्ते धारितानि ॥ ॥ स मकरध्वजकुम्भि-कुम्भनिर्मथनः कामदेवहस्तिकुम्भस्थलनिर्भेदी निर्मथितमोहमल्लः निर्दलितमोहमल्लः स्थूलभद्रो धन्यः, यो गुरुणा आर्यसंभूतिविजयसूरिणा अधिकं दुष्करदुष्करकारकत्वेन प्रशंसितः ॥ ॥ सहस्रनयनोऽपि इन्द्रोऽपि यस्य स्थूलभद्रस्य ध्यानाग्निं वर्णयितुं न क्षमः, यत्र यस्मिन्नग्नौ त्रिजगद्दमनोऽपि मदनवत् नवनीतवत् मदनः कामदेवः क्षयं गतः ॥ ॥ यूयं प्रणमत भक्तिभरेण त्रिकालं त्रिविधकरणयोगेन मनवचनकायैः करणकारापणानुमतिभिः निहतकन्दर्पभटपातौ श्रीस्थूलभद्रपादौ ॥३४-४६॥

શ્રી સ્થૂલભદ્ર સ્વામીનું વૃત્તાંત :

ગાથાર્થ : — આંબાની લુમ (બેઠા બેઠા) તોડવી તે દુષ્કર નથી, શિક્ષિત એવી મારે (સરસવના ઢગલા પર) નાચવું તે કપરું નથી, પણ યૌવનવયમાં રહેલા છતાં જે મહાનુભાવે દીક્ષા લીધી અને સારી રીતે પાળી તે દુષ્કર છે.

— નિર્મળ એવા શીયળથી અલંકૃત અને અતિ દુષ્કર કાર્ય કરનારા શ્રી સ્થૂલભદ્રસ્વામીના ચરણકમળમાં હંમેશા અમે નમીએ છીએ.

— જેઓ કટાક્ષ, હાવભાવ અને વિવિધ પ્રકારના શૃંગાર-યુક્ત વચનોથી વાળના અગ્રભાગ જેટલા પણ (સહેજ પણ) ચલિત ન થયાં તે સ્થૂલભદ્રસ્વામીને નમસ્કાર હો.

— પૂર્વે અનુભવેલી એવી રહસ્યભૂત વાતો બોલતી કોશા વેશ્યા વડે જરા પણ ચલિત ન થયેલા શ્રી સ્થૂલભદ્રસ્વામીને નમસ્કાર થાઓ.

— અતિ ઉદ્ભટ એવા લાવણ્યના પુણ્યથી ભરેલા કોશાના અંગો જોવા છતાં જેઓ ક્ષોભ ન પામ્યા, તેમને નમસ્કાર થાઓ.

— જેઓ મોટા કટાક્ષરૂપી તીક્ષ્ણ એવા બાણોની શ્રેણિથી પણ વિંધાયા નથી અને મેરુની જેમ નિષ્પ્રકંપ રહ્યાં તે મુનિવર જય પામો.

— સર્વત્ર અસ્ખલિત અને ગર્વયુક્ત એવા પણ કામદેવને હણીને જેમણે જયપતાકા પ્રાપ્ત કરી તે સ્થૂલભદ્રસ્વામીને ત્રિકાળ અને ત્રિવિધ નમસ્કાર થાઓ.

— અગ્નિ વડે જેમ સુવર્ણ (શુદ્ધ થાય) તેમ કોશાના સંસર્ગ વડે જેઓ અધિક તેજસ્વી બન્યા તે સ્થૂલભદ્ર મુનિવર ચિરકાળ જય પામો.

— જેઓ વેશ્યારૂપી મહાસર્પિણીના મુખમાં પડવા છતાં શીયલરૂપી મહામંત્રના બળે દશાયા નહીં તે મુનિવર સ્થૂલભદ્ર સ્વામીના ચરણયુગને હું વંદું છું.

— કોશાએ મૂકેલા કટાક્ષોને જેમણે અત્યંત ધીરતાપૂર્વક ગણકાર્યા નહીં તેવા શ્રી સ્થૂલભદ્રસ્વામીના પદકમલને હંમેશા હું નમું છું.

— ગુરુ ભગવંત શ્રી આર્યસંભૂતિવિજયસૂરિ વડે પણ વિશેષ પ્રકારે- દુષ્કરદુષ્કરકારકપણે જેમની પ્રશંસા કરી તે. કામદેવરૂપી હાથીના કુંભસ્થળને ભેદનારા, મોહમલ્લને હણનારા સ્થૂલભદ્રસ્વામીને ધન્ય છે

— હજાર આંખવાળા ઈન્દ્ર મહારાજા પણ જે સ્થૂલભદ્રસ્વામી ભગવાનની ધ્યાનસ્થિરતાનું વર્ણન કરવા અસમર્થ છે કે જે ધ્યાનાગ્નિ વડે ત્રણ જગતને વશ કરનારો કામદેવ સ્વયં માખણની જેમ ક્ષય પામ્યો.

— કામદેવરૂપી સુભટને હણનારા શ્રી સ્થૂલભદ્રસ્વામીના ચરણોમાં તમે ભક્તિના સમૂહ વડે ત્રિકાળ, મન-વચન-કાયાના યોગો વડે કરવા, કરાવવા અને અનુમોદના વડે પ્રણામ કરો. (પ્ર૦ ૩૪-૪૬)

श्लोक : भयवं पि थूलभद्दो, तिक्खं चंकमिओ न उण छिन्नो ।
अग्गिसिहाए वुच्छो, चाउमासे न वि य दड्ढो ॥१३६॥

टीका : भगवानपि स्थूलभद्रः तीक्ष्णं [खड्गं] चङ्क्रमितः पुनर्न छिन्नः, अग्निशिखायां चतुर्मासमुषितः परं नैव च दग्धः ॥१३६॥

ગાથાર્થ : તીક્ષ્ણ એવી તલવાર પર ચાલવા છતાં જેમના પગ છેદાયાં નહિ, અગ્નિની જ્વાળામાં ચાતુર્માસ રહ્યા છતાં પણ જેઓ દાઝ્યાં નહીં તે **ભગવાન શ્રી સ્થૂલભદ્રસ્વામી** જય પામે છે. (૧૩૬)

श्लोक : चउरो सीसे सिरिभद्द-बाहुणो चउहिं रयणिजामेहिं ।
रायगिहे सीएणं, कयनियकज्जे नमंसामि ॥१३७॥

टीका : श्रीभद्रबाहुस्वामिनः चतुरः शिष्यान् चतुर्भिः रजनीयामैः [राजगृहे नगरे] शीतेन शीतोपसर्गेण कृतनिजकार्यान् नमस्यामि ॥१३७॥

ગાથાર્થ : **શ્રી ભદ્રબાહુસ્વામી ભગવાનના ચાર શિષ્યો** કે જેઓ રાત્રિના ચાર પ્રહરોમાં રાજગૃહનગરમાં શીત ઉપસર્ગ વડે-ઠંડીને સહન કરતાં પોતાના કાર્યને સાધી ગયાં, કાળધર્મ પામ્યા તેમને હું વંદન કરું છું. (૧૩૭)

श्लोक : जिणकप्पपरीकम्मं, जो कासी जस्स संथवमकासी ।
सिट्ठिघरम्मि सुहत्थी, तं अज्जमहागिरिं वंदे ॥१३८॥

टीका : जिनकल्पपरितुलनां योऽकार्षीत्, श्रेष्ठिगृहे आचार्यसुहस्तिसूरिर्यस्य संस्तवमकार्षीत्, तं आर्यमहागिरिं वन्दे । जिनकल्पः श्रीवीतरागसमीपे गृहीतो भवति, अतः पाश्चात्यानां तुलनैव भवति ॥१३८॥

ગાથાર્થ : જેઓએ જિનકલ્પની તુલના કરી હતી, (તેથી જ) શ્રેષ્ઠીના ઘરમાં આચાર્ય શ્રી સુહસ્તિસૂરિ મ.એ જેમની પ્રશંસા કરી હતી, તે **શ્રી આર્યમહાગિરિજીને** હું વંદન કરું છું.

જિનકલ્પ શ્રી વીતરાગ પરમાત્મા પાસે જ લેવાય છે, તેથી ત્યારપછીના મહાત્માઓને તુલના જ હોય છે. (૧૩૮)

श्लोक : कोसंबीए जेणं, दमगो पव्वाविओ तओ जाओ ।
उज्जेणीए राया, संपइ सो नंदउ सुहत्थी ॥१३९॥

टीका : कौशाम्ब्यां नगर्यां द्रमको भिक्षाचरः[येन] प्रव्राजितः, [ततः] उज्जयिन्यां संप्रती राजा जातः स सुहस्तिर्नन्दतु ॥१३९॥

ગાથાર્થ : કૌશાંબીનગરીમાં દ્રમક-ભિક્ષુકને જેમણે દીક્ષા આપી, (અને તેથી) જે ઉજ્જયિનીમાં સંપ્રતિ રાજા થયો, તે **શ્રી સુહસ્તીસૂરિ** જય પામો. (૧૩૯)

श्लोक : सोऊण गुणिज्जंतं, सुहत्थिणा नलिनीगुम्ममज्झयणं ।
तक्कालं पव्वइओ, चइत्तु भज्जाओ बत्तीसं ॥१४०॥
तिहिं जामेहिं सिवाए, अवच्चसहियाए विहियउवसग्गो ।
साहियकज्जो तियसेहिं, पूइओऽवंतिसुकुमालो ॥१४१॥

टीका : नलिनीगुल्ममध्ययनं सुहस्तिसूरिणा गुण्यमानं श्रुत्वा द्वात्रिंशतं भार्यास्त्यक्त्वा [तत्कालं] प्रव्रजितः । त्रिभिर्यामैः अपत्यसहितया शिवया विहितोपसर्गः साधितकार्यः त्रिदशैः पूजितोऽवन्तिसुकुमालो नलिनीगुल्मविमाने जगाम ॥१४०-१४१॥

ગાથાર્થ : આચાર્ય શ્રી સુહસ્તિસૂરિ વડે સ્વાધ્યાય કરાતા નલિનીગુલ્મ અધ્યયનને સાંભળીને તરત જ બત્રીશ પત્નીઓને છોડીને (અવન્તિસુકુમાલે) દીક્ષા લીધી. (ત્યાર પછી) ત્રણ પ્રહરના સમયમાં બચ્ચાઓ સાથે આવેલી શીયાલણીએ કરેલા ઉપસર્ગથી પોતાનું કાર્ય સાધનારા, કાળધર્મ પામનારા અને દેવોથી પણ પૂજાયેલા **શ્રી અવન્તિ સુકુમાલમુનિ** નલિનીગુલ્મ વિમાનમાં ઉત્પન્ન થયાં . (તેમને વંદન કરું છું) (૧૪૦-૧૪૧)

श्लोक : निज्जूढा जेण तया, पन्नवणा सव्वभावपन्नवणा ।
तेवीसइमो पुरिसो, पवरो सो जयउ सामज्जो ॥१४२॥

टीका : येन श्यामार्येण गुरुणा [तदा-तस्मिन् प्रस्तावे] सर्वभावप्रज्ञापना सर्वभावानां प्रज्ञापयित्री प्रज्ञापना निर्यूढा प्रज्ञापनाग्रन्थः कृतः स त्रयोविंशतितमः पुरुषः प्रवरो जयतु ॥१४२॥

ગાથાર્થ : ત્યારે (તે સમયે) જે શ્યામાર્ય નામના ગુરુએ સર્વભાવોને જણાવનારા પ્રજ્ઞાપનાગ્રંથની રચના કરી તે ત્રેવીશમા ઉત્તમ પુરુષ જય પામો. (૧૪૨)

श्लोक : पढमणुयोगे कासी, जिण-चक्कि-दसारचरियपुव्वभवे ।
कालगसूरी बहुयं, लोगणुयोगे निमित्तं च ॥१४३॥

टीका : कालिकसूरिः प्रथमानुयोगलोकानुयोगरूपग्रन्थद्वयं चकार । प्रथमानुयोगे ग्रन्थे जिन-चक्रि-दशाराणां चरितानि पूर्वभवांश्चाकार्षीत्, तत्रैतत् क्षिप्तमित्यर्थः । लोकानुयोगे ग्रन्थे [च] बहुकं निमित्तं उक्तवानिति । दशारा वासुदेवा ज्ञेयाः ॥१४३॥

ગાથાર્થ : આચાર્ય શ્રી કાલિકસૂરિજીએ પ્રથમાનુયોગ અને લોકાનુયોગ નામના બે ગ્રંથોની રચના કરી. પ્રથમાનુયોગ ગ્રંથમાં શ્રી જિનેશ્વરો, ચક્રવર્તીઓ તથા વાસુદેવોના ચરિત્રો અને પૂર્વભવોની ગુંથણી કરી. લોકાનુયોગ ગ્રંથમાં નિમિત્તને લગતી વાત જણાવી. (૧૪૩)

श्लोक : अज्जसमुद्दगणहरे, दुब्बलिए धिप्पए पिहो सव्वं ।
सुत्तत्थचरिमपोरिसि-समुट्ठिए तिन्नि कयकम्मा ॥१४४॥

टीका : आर्यसमुद्रे गणधरे दुर्बले कृशे सति सर्वं भक्तपानादि गुरुयोग्यं पृथग् गृह्यते, आर्यसमुद्रसूरयः कृशाः बहुप्रयासाक्षमाः अतो गुरुयोग्यं पृथग् विह्रियते । तथा सूत्रार्थचरमपौरुषीतः समुत्थिते गुरौ त्रीणि कृतकर्माणि क्रियन्ते । कृतकर्म विश्रामणादिशुश्रूषा । एकं सूत्रपौरूषीत उत्थिते यदा गुरवः सूत्रवाचनां कारयित्वा निर्विण्णा उत्तिष्ठन्ति तदा मुनयो वैयावृत्त्यं कुर्वन्ति । एवमर्थपौरुष्यामपि । अर्थपौरुषी अर्थकथनपौरुषी। चरमा पौरुषी संस्तारकपौरुषी ज्ञेया ॥१४४॥

ગાથાર્થ : **આર્યસમુદ્રસૂરિ** કૃશકાયાવાળા હોવાથી તેમને યોગ્ય ભક્ત પાન-આહાર-પાણી જુદા ગ્રહણ કરાય છે. તેમજ સૂત્ર, અર્થ અને ચરમ પોરસીમાંથી ગુરુ ઉભા થતા ત્રણ કૃતિકર્મ-વંદન વિશ્રામણા-શુશ્રુષા વગેરે કરાય છે. એક સૂત્ર પોરસી થકી ગુરુ ઉઠે ત્યારે થાકેલા હોવાથી શિષ્યો તેમની શુશ્રૂષા કરે. તે જ રીતે અર્થ પૌરસી થકી અને છેલ્લી સંસ્તારક પોરસી. અર્થ પોરસી એટલે કે સૂત્રના અર્થનું કહેવું તે. (૧૪૪)

श्लोक : सड्ढाण गंतिभंडग-पमुहे दिट्ठंतए गमिंतस्स ।
मंगुस्स न किइकम्मं न य वीसुं धिप्पए किंचि ॥१४५॥

टीका : मङ्गुसूरेः किञ्चित् विष्वक् न गृह्यते कृतकर्मापि न क्रियते स क्षमदेहत्वात् न कारयति । कथम्भूतस्य ? श्राद्धानां गन्त्रीभण्डकप्रमुखान् दृष्टान्तान् गमयतः । यथा सुदृढा गन्त्री सुदृढं भाजनमपि विशेषसंस्कारं विनापि चलति अदृढा न ॥१४५॥

ગાથાર્થ : **મંગુસૂરિ** માટે કાંઈ પણ જુદું ગ્રહણ કરાતું નથી, કેમકે તે સક્ષમ દેહવાળા હોવાથી કરાવતા નથી. (કારણ કે) તેઓ ગૃહસ્થના ગાડું-વાસણ વગેરે દૃષ્ટાંતોને અનુસરતા તેઓ સેવા કરાવતાં નથી. કારણ કે જેમ મજબૂત ગાડું તથા મજબૂત વાસણ વિશેષ સંસ્કરણ વગર પણ ચાલે, પણ નબળું હોય તે ન ચાલે. (૧૪૫)

श्लोक : जाइसरे सीहगिरी, वरसीसा आसि जस्सिमे चउरो ।
धणगिरी थेरे समिए, वयरे तह अरिहदिन्ने य ॥१४६॥

टीका : जातिस्मरः सिंहगिरिसूरिः, यस्य इमे चत्वारो वरशिष्याः आसन् । प्रथमो धनगिरिः, द्वितीयः स्थविरः समितः, तृतीयो वज्रः चतुर्थस्तथा अर्हद्दत्तश्च ॥१४६॥

ગાથાર્થ : **સિંહગિરિસૂરિજી** જાતિસ્મરણ જ્ઞાની હતાં. એમના ચાર ઉત્તમ શિષ્યો હતાં. પહેલા **ધનગિરિ**, બીજા **સ્થવિરસમિત**, ત્રીજા **વજસ્વામી** અને ચોથા **અર્હદત્ત**. (૧૪૬)

श्लोक : सुमिणे पीओ पयपुण्ण-पडिग्गहो जस्स हरिकिसोरेणं ।
सिरिवयरसमागमणे, तं वंदे भद्दगुत्तगुरुं ॥१४७॥

टीका : श्रीवज्रसमागमने यस्य भगवतः पयःपूर्णपतद्ग्रहः स्वप्ने हरिकिशोरेण पीतः [तं भद्रगुप्तगुरुं वन्दे] ॥१४७॥

ગાથાર્થ : શ્રી વજ્રસ્વામીના સમાગમમાં જેઓએ 'દૂધથી ભરેલા પાત્રને સિંહબાળે પીધું' એવું સ્વપ્ન જોયું તે **શ્રી ભદ્રગુપ્ત ગુરુને** હું વંદું છું. (૧૪૭)

श्लोक : कन्नाबेन्नंतरदीव-वासिणो तावसा वि पव्वइया ।
जस्साइसयं दट्ठुं तं समियं वंदिमो समियं ॥१४८॥

टीका : कर्णा बेर्णा इति नदीद्वयम् । तत्र द्वयोर्नद्योरन्तराले द्वीपस्तत्र वासिनस्तापसा अपि यस्यातिशयं दृष्ट्वा प्रव्रजितास्तं [समितं-समितियुक्तं] समितगुरुं वन्दे ॥१४८॥

ગાથાર્થ : કર્ણા અને બેર્ણા નામની બે નદીઓ હતી. તે બેની મધ્યમાં દ્વીપ હતો. ત્યાં રહેતા તાપસોએ પણ જેમના અતિશયને જોઈને દીક્ષા લીધી તે સમિતિયુકત એવા **સમિત નામના** ગુરુને હું વંદન કરું છું. (૧૪૮)

श्लोक : वेसमणस्स उ सामाणिओ, चुओ वग्गुवरविमाणाओ ।
जो तुंबवणे धणगिरि-अज्जसुनंदासुओ जाओ ॥१४९॥

टीका : वैश्रमणो धनदस्तत्सामानिकसुरः वल्गुवरविमानात् आवलिकागत-विमानतः च्युतो यः तुम्बवने सन्निवेशे धनगिरिआर्यसुनन्दासुतो जातः । आर्यशब्दोऽत्र पूज्यवाचकः ॥१४९॥

ગાથાર્થ : વૈશ્રમણદેવનો સામાનિક દેવ આવલિકામાં રહેલા વલ્ગુ

નામના શ્રેષ્ઠ વિમાનમાંથી ચ્યવીને તુંબવન સંનિવેશમાં આર્ય ધનગિરિ અને સુનંદાના પુત્ર (**વજ્રસ્વામીરૂપે**) થયાં. (૧૪૯) આર્ય શબ્દ પૂજ્યતા સૂચક સમજવો.

श्लोक : तुंबवणसन्निसाउ, निग्गयं पिउसगासमल्लीणं ।
छम्मासियं छसु जयं, माऊयसमन्नियं वंदे ।।प्र० ४७।।
जो गुज्झगेहि बालो, निमंतिओ भोयणेण वासंते ।
नेच्छइ विणीयविण(णे)ओ, तं वयररिसिं नमंसामि ।।प्र०४८।।
उज्जेणीए जो जंभगेहिं, आणक्खिऊण थुइमहिओ ।
अक्खीणमहाणसियं, सीहगिरिपसंसियं वंदे ।।प्र० ४९।।
जस्स अणुन्नाए वायगत्तणे, दसपुरम्मि नयरम्मि ।
देवेहि कया महिमा, तं पयाणुसारिं नमंसामि ।।प्र० ५०।।
जो कन्नाइ धणेण य, निमंतिओ जुव्वणम्मि गिहिवइणा ।
नयरम्मि कुसुमनामे, तं वयररिसिं नमंसामि ।।प्र० ५१।।
जेणुद्धरिया विज्जा, आगासगमा महापरिण्णाउ ।
वंदामि अज्जवयरं, अपच्छिमो जो सुयहराणं ।।प्र० ५२।।
भणइ य आहिंडिज्जा, जंबुद्दीवं इमाइ विज्जाए ।
गंतूण माणुसनगं, विज्जाए एस मे विसओ ।।प्र० ५३।।
भणइ य धारेयव्वा, न हु दायव्वा मए विज्जा ।
अप्पड्ढिया य मणुया होहिंति अओ परं अन्ने ।।प्र० ५४।।
माहेसरीइ सेसा, पुरीए नेया हुयासणगिहाउ ।
गयणयलमणुवइत्ता वयरेण महानुभावेणं ।।प्र० ५५।।

टीका : तुम्बवनसन्निवेशात् निर्गतं पितृसकाशं प्राप्तं षाण्मासिकं षट्सु यतं मात्रा समन्वितं सहितं वज्रस्वामिनं वन्दे ॥ ॥ यो बालो गुह्यकैर्देवविशेषैः वर्षान्ते भोजनेन निमन्त्रितो विनीतविनेयो विनीतशिष्यो द्रव्यक्षेत्रकालभावैर्देवपिण्डमकल्प्यं विभाव्य नेच्छति न गृह्णाति तं वज्रऋषिं नमस्यामि ॥ ॥ उज्जयिन्यां यो जृम्भकामरैः परीक्ष्य स्तुत्या महितः पूजितस्तमक्षीणमहानसिकं अक्षीणमहानसलब्धिसंपन्नं सिंहगिरिणा प्रशंसितं वन्दे ॥ ॥ यस्य भगवतो वाचकत्वे वाचनाचार्यपदव्या अनुज्ञायां दशपुरे नगरे देवैः महिमा कृतस्तं पदानुसारिलब्धिसंपन्नं वज्रस्वामिनं नमस्यामि ॥ ॥ यो रुक्मिण्या कन्यया धनेन कोटिशतलक्षणेन च यौवने गृहपतिना धनावहश्रेष्ठिना निमन्त्रितः कुसुमपुरनाम्नि नगरे तं वज्रऋषिं नमस्यामि ॥ ॥ येन वज्रस्वामिना महापरिज्ञाध्ययनात् आकाशगामिनी विद्या उद्धृता यश्च श्रुतधराणामपश्चिमः चरमस्तं आर्यवज्रधरं वन्दामि श्रुतधरा दशपूर्विणः ॥ ॥ वज्रस्वामी कथयति च अनया विद्यया मानुषोत्तरं पर्वतं गत्वा जम्बूद्वीपं आहिण्ड्यात् जम्बूद्वीपाद् आमानुषोत्तरं भ्रमणे शक्तिरस्ति। एष मे विद्याया विषयः ॥ ॥ आह च मया इमा विद्या धार्या न तु दातव्या यतोऽतः परं अन्ये मनुष्याश्च अल्पर्द्धयोऽल्पसत्त्वा भविष्यन्ति ॥ ॥ माहेश्वर्याः पुर्या हुताशनस्य देवस्य गृहात् उपवनात् येन महानुभावेन गगनतलमवतीर्य पुष्पाणि लात्वा जिनशासनस्य माहात्म्यं पर्युषणापर्वणि चक्रे ॥४७-५५॥

ગાથાર્થ : તુંબવન સંનિવેશમાંથી નીકળીને છ મહિનાની વયે માતાની સાથે પિતાની પાસે ગયેલા **વજસ્વામી**ને હું વંદું છું. બાલ્યવયમાં પણ વિનીત એવા તેમને વર્ષાઋતુના અંતમાં ગુપ્તવેશે દેવોએ બોલાવ્યા. ત્યાં ગયા પછી તે પદાર્થને દ્રવ્યક્ષેત્રકાળ ભાવથી દેવપિંડ જાણીને તે અકલ્પ્ય હોવાથી તેને ગ્રહણ ન કર્યો તે **વજઋષિ**ને હું નમું છું.

ઉજ્જયિનીનગરીમાં જૃંભક દેવોએ જેમની પરીક્ષા કરી (તેમાં તેઓ ઉત્તીર્ણ થયાં) અને સ્તુતિપૂર્વક તેમની પૂજા કરી તેવા અક્ષીણમહાનસલબ્ધિથી યુકત અને સિંહગિરિએ પણ જેમની પ્રશંસા કરી તે **વજ્રઋષિ**ને હું વંદન કરું છું.

દશપુરનગરમાં જેમની વાચનાચાર્યપદની અનુજ્ઞા સમયે દેવોએ મહિમા કર્યો તેવા પદાનુસારીલબ્ધિથી શોભતા **શ્રીવજ્રસ્વામી**ને હું નમસ્કાર કરું છું.

જેઓને યુવાવસ્થામાં કુસુમપુરી નગરીમાં ધનાવહશ્રેષ્ઠીએ ૧ ક્રોડ ધનથી યુક્ત એવી રૂકિમણી નામની કન્યા સ્વીકારવા વિનંતિ કરી. (છતાં જેઓ નિશ્ચલ રહ્યા તે) **વજ્રસ્વામી**ને હું નમું છું. જે વજ્રસ્વામીએ મહાપરિજ્ઞા અધ્યયનમાંથી આકાશગામિનીવિદ્યા ઉદ્ધરી અને જેઓ દશ પૂર્વધરોમાં છેલ્લા થયા તે આર્યવજ્રસ્વામીને હું વંદન કરું છું. શ્રી વજ્રસ્વામી મહારાજાએ કહ્યું છે કે આ વિદ્યા વડે માનુષોત્તર પર્વત પર જઈને પાછા જંબૂદ્વીપ આવી શકાય એટલે કે અહીંથી માનુષોત્તર પર્વત સુધી જઈ શકાય તેટલી ભ્રમણ શક્તિ આ વિદ્યામાં છે. પણ આ મારા જ્ઞાનનો વિષય છે. વળી આ મારે જ ધારણ કરવાની છે (સાચવવાની છે) પણ આપવાની નથી. કારણ કે હવેના મનુષ્યો અલ્પસત્ત્વવાળા થવાના છે.

વળી જેઓએ માહેશ્વરીપુરીમાંના હુતાશન દેવના ઉદ્યાનમાંથી આકાશમાર્ગે પુષ્પો લાવીને પર્યુષણપર્વમાં જિનશાસનનો મહિમા વધાર્યો તે **શ્રી વજ્રસ્વામી**ને હું વંદન કરું છું. (પ્ર૦ ૪૭-૫૫)

श्लोक : **जस्सासी वेउव्विय-नहगमणपयाणुसारिलद्धीओ ।**
तं वंदे जाइसरं, अपच्छिमं सुयहरं वयरं ॥१५०॥

टीका : यस्य वैक्रियनभोगमनपदानुसारिलब्धय आसन् तं श्रुतधरं संपूर्णदश-पूर्वधरं अपश्चिमं श्रुतधरं जातिस्मरसहितं वज्रनामानं वन्दे ॥१५०॥

ગાથાર્થ : જેઓ વૈક્રિય, આકાશગામિની અને પદાનુસારિણીલબ્ધિના સ્વામી હતા, અંતિમ દશપૂર્વધર હતા અને જાતિસ્મરણ જ્ઞાનથી યુકત હતાં તે **શ્રી વજ્રસ્વામીને** હું વંદન કરું છું. (૧૫૦)

श्लोक : **नाणविणयप्पहाणेहिं, पंचहिं सएहिं जो सुविहियाणं ।**
पाओवगओ महप्पा, तमज्जवयरं नमंसामि ॥प्र० ५६॥

टीका : यो महात्मा ज्ञानविनयप्रधानैः सुविहितानां पञ्चशतैः शिष्यैः सह पादपोपगमनमनशनं गतः गृहीतवान् तमार्यवज्रस्वामिनं नमस्यामि ॥५६॥

ગાથાર્થ : જે મહાપુરુષે જ્ઞાની અને વિનયવંત એવા પાંચસો સુવિહિત શિષ્યો વડે પરિવરીને પાદપોપગમન અનશન કર્યું તે **આર્ય વજ્રસ્વામીને** હું નમસ્કાર કરું છું. (પ્ર૦ ૫૬)

श्लोक : **करुणाए वयरसामी, जं उज्झिय उत्तमट्ठमल्लीणो ।**
आराहियं लहुं तेण, खुड्डएणावि संतेण ॥१५१॥

टीका : वज्रस्वामी करुणया यं क्षुल्लकं पुरान्तः त्यक्त्वा उत्तमार्थमालीनः अनशनमाश्रितः, तेन क्षुल्लकेनापि सता लघुं शीघ्रं आराधितं अनशनसाधनया साधितमात्मानम् ॥१५१॥

ગાથાર્થ : શ્રી વજ્રસ્વામીજી મહારાજાએ પોતાના એક બાળમુનિને કરૂણાથી નગરમાં જ છોડીને અનશન સ્વીકારી લીધું.

ત્યારપછી એ બાળમુનિએ પણ શીઘ્રપણે અનશનની સાધના દ્વારા પોતાના આત્માનું કાર્ય સાધી લીધું. (તેમને વંદન) (૧૫૧)

श्लोक : तस्स य सरीरपूयं, जं कासी रहेहिं लोगपाला उ ।
तेण रहावत्तगिरी, अज्ज वि सो विस्सुओ जाओ ॥१५२॥

टीका : तस्य च शरीरपूजां रथैरिति रथारूढायातलोकपाला अ(यद)कार्षुः तेन स रथावर्त्तगिरिरद्यापि विश्रुतो जातः ॥१५२॥

ગાથાર્થ : વળી તેઓના દેહની પૂજા રથમાં બેસીને આવેલા લોકપાલોએ કરી, તેથી તે ગિરિ આજે પણ રથાવર્ત્તગિરિ રૂપે પ્રસિદ્ધ થયો છે. (૧૫૨)

श्लोक : सोपारयम्मि नयरम्मि, वयरसाहा विणिग्गया जत्तो ।
सिरिवयरसामिसीसं, तं वंदे वयरसेणरिसिं ॥१५३॥

टीका : श्रीवज्रस्वामिना निजशिष्यः वज्रसेनसूरिर्महादुर्भिक्षे जाते साधुबीजोद्गा(द्धा)रणाय सोपारके नगरे प्रेषितः । अ(य)तो यस्मात् श्रीवज्रशाखा विनिर्गता तं श्रीवज्रस्वामिशिष्यं वज्रसेनऋषिं वन्दे ॥१५३॥

ગાથાર્થ : શ્રી વજ્રસ્વામીએ પોતાના શિષ્ય શ્રી વજ્રસેનસૂરિને મોટો દુષ્કાળ પડતા સાધુ સમુદાયના ઉદ્ધાર (રક્ષણ)ને માટે સોપારક-નગરમાં મોકલ્યાં. જેથી કરી શ્રી વજ્રશાખા નીકળી, તે શ્રી વજ્રસ્વામીના શિષ્ય **શ્રી વજ્રસેનસૂરિને** હું વંદન કરું છું. (૧૫૩)

श्लोक : नाऊण गहणधारण-हाणिं चउहा पिही कओ जेणं ।
अणुओगो तं देविंदवंदियं रक्खियं वंदे ॥१५४॥

टीका : येनार्यरक्षितसूरिगुरुणा ग्रहणधारणयोर्हानिं ज्ञात्वा चतुर्द्धा अनुयोगः पृथक्कृतः, कोऽर्थ ? यदा एकैकागमगाथा द्रव्यानुयोग धर्मकथा-नुयोग-गणितानुयोग चरणकरणानुयोगरूपैश्चतुर्भिरनुयोगैर्व्याख्यायते तदा पाश्चात्या अल्पमतयो ग्रहीतुं न शक्नुवन्ति न च भणित्वा पाश्चात्या गृहीतं धर्त्तुं हृदये स्थापयितुं शक्नुवन्ति । ततो ग्रहणधारणयोर्हानिं ज्ञात्वा चतुर्द्धाप्यनुयोगः पृथक्कृतः पाश्चात्यानां सुखावबोधाय, कस्यां गाथायां कोऽप्यनुयोगः कस्याञ्चित्कोऽपि । एवं पृथक्करणे पाश्चात्यानां सुखावबोधो जातः । तं देवेन्द्रवन्दितमार्यरक्षितं वन्दे ॥१५४॥

ગાથાર્થ : જો એક એક આગમની ગાથાની ચારેય અનુયોગો વડે વ્યાખ્યા કરાય તો હવે પછીના અલ્પબુદ્ધિવાળા જીવો ગ્રહણ કરવા માટે અને ધારણ કરવા માટે સમર્થ નથી. એ પ્રમાણે વિચારીને શ્રી આર્યરક્ષિતસૂરિ મહારાજાએ ચાર પ્રકારના અનુયોગોને જુદા કર્યા. દ્રવ્યાનુયોગ, ધર્મકથાનુયોગ, ગણિતાનુયોગ અને ચરણકરણાનુયોગ એ પ્રમાણેના ચારે ય અનુયોગોને શ્રી આર્યરક્ષિતસૂરિ મ.એ અલ્પમતિ જીવોને સુખે કરીને બોધ થાય તે માટે જુદા કર્યા. કઈ ગાથામાં કયો અનુયોગ ? કોઈમાં કોઈપણ હોઈ શકે એ પ્રમાણે વિભાગીકરણ કરવાથી અલ્પબુદ્ધિવાળા જીવોને સરળતાથી બોધ થયો, તે ઈન્દ્ર વડે પણ પૂજાયેલા **શ્રી આર્યરક્ષિતસૂરિને** હું વંદન કરું છું. (૧૫૪)

श्लोक : निप्फावकुडसमाणो, जेण कओ अज्जरक्खिओ सूरि ।
सुत्तत्थतदुभयविऊ, तं वंदे पूसमित्तगणिं ॥१५५॥

टीका : येन पुष्पमित्रगणिना पुष्पमित्रसूरिणा निजगुरुरार्यरक्षितसूरिः सूत्रं प्रति

अर्थं प्रति तदुभयं प्रति निष्पावकुटसमानः कृतः, सूत्रार्थौ गृह्णता वल्लघटसमो गुरुः कृतः । यथा वल्ला एकस्मात् घटादन्यस्मिन् घटे क्षिप्यन्ते पश्चात् किमपि न तिष्ठति सर्वे वल्ला द्वितीयघटे आयान्ति एवं पुष्पमित्रेणापि गुरोः समीपे यावदभूत् तावत् सकलं सूत्रार्थतः पठितं पश्चात् किमपि न स्थितं, तं पुष्पं[पुष्पमित्रगणिनं] वन्दे ॥१५५॥

ગાથાર્થ : શ્રી આર્યરક્ષિતસૂરિના શિષ્ય એવા જે પુષ્પમિત્રસૂરિએ પોતાના ગુરુ પાસેથી સઘળુંય જ્ઞાન સૂત્ર અર્થથી ગ્રહણ કરી લીધું અને તેથી જ કરીને ગુરુને વાલના ઘડા જેવા કરી દીધાં. જેમ વાલનો ઘડો બીજા ઘડામાં ખાલી કરવામાં આવે તો બધા વાલ બીજા ઘડામાં આવી જાય છે તેમ પુષ્પમિત્રસૂરિએ ગુરુ પાસેથી સઘળુંય જ્ઞાન પોતે ભણી લીધું. તે **પુષ્પમિત્ર-સૂરિ**ને હું વંદન કરું છું. (૧૫૫)

श्लोक : गहियनवपुव्वसारो, दुब्बलियापूसमित्त गणिवसहो ।
विंझो अवंझपाढो, न खोहिओ परपवाएहिं ॥१५६॥

टीका : दुर्बलिकापुष्पमित्रो गणिवृषभो गृहीतनवपूर्वसारः एषोऽपि श्रीआर्य-रक्षितशिष्यः तथा विन्ध्यो अवन्ध्यपाठः सफलशास्त्रः परप्रवादैर्न क्षोभितः, बौद्धवादे जाते एष जयवादी जातः, एषोऽपि आर्यरक्षितशिष्यः ॥१५६॥

ગાથાર્થ : ગણિઓમાં વૃષભ સમાન એવા **શ્રી દુર્બલિકાપુષ્પમિત્ર** કે જેઓએ સ્વગુરુ શ્રી આર્યરક્ષિતસૂરિ પાસેથી નવપૂર્વનો સાર ગ્રહણ કર્યો હતો, જેઓ અવંધ્યપાઠી-સફળ શાસ્ત્રવાળા, અન્ય ધર્મીઓથી પણ ક્ષોભ નહીં પામનારા, બૌદ્ધો સાથેના વાદમાં

વિજય પ્રાપ્ત કરનારા હતાં. તેઓ પણ શ્રી આર્યરક્ષિતસૂરિના શિષ્ય હતાં. (૧૫૬)

श्लोक : दुब्भिक्खम्मि पणट्ठे, पुणरवि मेलित्तु समणसंघाओ ।
महुराए अणुओगो, पवत्तिओ खंदिलेण तया ॥१५७॥

टीका : दुर्भिक्षे [सूत्रार्थे] प्रणष्टे पुनरपि मेलयित्वा श्रमणसङ्घान् मथुरायां स्कन्दिलाचार्येण तदानुयोगः प्रवर्त्तितः वाचना तु चलिताऽग्रतः ॥१५७॥

ગાથાર્થ : દુષ્કાળના સમયમાં સૂત્ર અને અર્થનો નાશ થયો થયેલો, પણ પછી દુષ્કાળ પૂર્ણ થયા બાદ શ્રી સ્કંદિલાચાર્યે મથુરાનગરીમાં ફરીથી અનુયોગ પ્રવર્તાવ્યો હતો. તેઓએ શ્રમણ સમુદાયને ભેગો કરીને વાચનાઓ આગળ વધારી હતી.(તેમને વંદન) (૧૫૭)

श्लोक : सुत्तत्थरयणभरिए, खमदममद्दवगुणेहि संपन्ने ।
देवड्ढिखमासमणे, कासवगुत्ते पणिवयामि ॥१५८॥

टीका : सूत्रार्थौ एव रत्नानि तैर्भृतान् क्षमादममार्दवगुणैः संपूर्णान् देवर्द्धिगणि-क्षमाश्रमणान् काश्यपगोत्रान् प्रणिपतामि ॥१५८॥

ગાથાર્થ : સૂત્ર અને અર્થરૂપી રત્નો વડે ભરેલા અને ક્ષમા, સંયમ, મૃદુતા આદિ ગુણોથી પૂર્ણ એવા કાશ્યપ ગોત્રવાળા **શ્રીદેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ**ને હું પંચાંગ પ્રણિપાતપૂર્વક નમું છું. (૧૫૮)

श्लोक : फग्गुसिरिसमणिनाइल-सावयसच्चसिरिसावियाथुणियं ।
ओस्सप्पिणीइ चरिमं, वंदे दुप्पसहमुणिवसहं ॥ १५९॥

टीका : फल्गुश्री श्रमणी, नागिलनामा श्रावकः, सत्यश्री नामा श्राविका, एभिः स्तुतं अवसर्प्पिण्यां चरमं दुष्प्रसभं मुनिवृषभं दुष्प्रसभाचार्यं वन्दे ॥१५९॥

ગાથાર્થ : ફલ્ગુશ્રી નામના સાધ્વી, નાગિલ નામે શ્રાવક અને સત્યશ્રી નામે શ્રાવિકા આ ત્રણે વડે સ્તવાયેલા અને આ અવસર્પિણીના છેલ્લા સાધુશ્રેષ્ઠ **શ્રી દુષ્પ્રસભસૂરિ**ને હું વંદન કરું છું. (૧૫૯)

श्लोक : एए अन्ने वि रिसी, तीए इस्से व वट्टमाणे य ।
भरहेरवयविदेहे, पणमामि सया वि तिविहेण ॥१६०॥

टीका : एतान् कथितान् अन्यानपि ऋषीनतीतान् एष्यान् भविष्यान् वर्त्तमानान् भरतैरव्रतविदेहेषु सदापि त्रिविधेन वन्दे ॥१६०॥

ગાથાર્થ : અહીં કહ્યા તે બધાને તેમજ બીજા પણ પૂર્વે થયેલા, ભવિષ્યમાં થનારા અને વર્તમાનમાં વિચરી રહેલા ભરત, ઐરવત અને મહાવિદેહ ક્ષેત્રમાં રહેલા (સર્વે) મુનિઓને હું હંમેશા ત્રિવિધે ત્રિવિધે વંદું છું. (૧૬૦)

श्लोक : अज्जाओ बंभि-सुंदरि-राइमइ-चंदणापमुक्खाओ ।
कालत्तए वि जाओ, ताओ वि नमामि भावेणं ॥१६१॥

टीका : तथा आर्याः तपोधनाः ब्राह्मीसुन्दरीराजिमतीचन्दनाप्रमुखाः अन्या अपि कालत्रयेऽपि जाता यास्ताश्च भावेन नमामि ॥१६१॥

ગાથાર્થ : તેમજ તપરૂપી ધનથી સમૃદ્ધ એવા બ્રાહ્મી, સુંદરી, રાજીમતી, ચંદના વગેરે બીજા પણ ત્રણેય કાળમાં જે સાધ્વીઓ થયા હોય તે સર્વેને હું ભાવથી નમું છું. (૧૬૧)

श्लोक : जो पढइ गुणइ निसुणइ, इणमो गुणसंथवं महरिसीणं ।
सिरिधम्मघोसमणहं, काउं सो लहइ सिद्धिसुहं ॥१६२॥

टीका : इमं महर्षीणां गुणसंस्तवं यः पठति गुणयति निशृणोति स श्रीधर्म्मघोषमनघं कृत्वा श्रीधर्म्मस्य घोषं अनघं उद्घोषणां निष्पापां कृत्वा यद्वा श्रीधर्म्मघोष(षं)गुरुं कृत्वा [स] सिद्धिसुखं लभते ॥१६२॥

ગાથાર્થ : મહાપુરુષોના આ ગુણસંસ્તવને જે ભણે છે, ભાવના ભાવે છે, સાંભળે છે તે નિષ્પાપ એવી ધર્મની ઉદ્ઘોષણાને કરીને અથવા તો ધર્મઘોષસૂરિને ગુરુ કરીને - ગુરુરૂપે માનીને મોક્ષસુખને પ્રાપ્ત કરે છે. (૧૬૨)

इति श्रीऋषिमण्डलस्तवावचूरिः समाप्ता

(કુલ ગાથા ૨૧૭)



નમો ધમ્મચક્કવટ્ટીણં

પદ્મપરાગ પ્રકાશન

Title Designing By :
Kirit B. Vadecha
© 23737600 / 98200 73336